# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 86 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ચૈત્ર વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 April 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૧૩ એપ્રિલ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# રાહતના એંધાણ નથીઃ શાંતિમંત્રણાના નિરાશાજનક સંકેત વચ્ચે બજારની સ્થિતિ અત્યંત પ્રવાહી રહેશે

**શેર બજાર**

નિલેશ વાઘેલા

મુંબઇઃ શેરબજારને વહેલી તકે રાહત મળે એવા એંધાણ નથી! અખાતી દેશમાં યુદ્ધની અગમ જવાળા શાંત પડવાની આશા વચ્ચે સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહમાં બજારમાં તેજીનો રંગરોગાન જોવા મળ્યા પરંતુ નાપાક પાકિસ્તાનમાં ચાલી રહેલા ઇરાન અને અમેરિકાની મંત્રણા વિફળ રહી હોવાના સમાચારો ફરી યુદ્ધના મંડાણનો સંકેત આપી રહ્યા છે જે બજાર અને બેન્ચમાર્ક માટે ઘાટક છે. યુદ્ધ કેટલું લાંબુ ચાલશે, કેટલું વિસ્તરશે એની અટકળો બજારને નકારાત્મક ઝટકા આપતી રહેશે.

હોર્મુઝ સ્ટ્રેઇટમાં યુદ્ધના નગારાં શાંત પડશે એવા આશાવાદ વચ્ચે ભારતીય શેરબજારમાં સતત છ અઠવાડિયા સુધી ઘટાડા બાદ ગયા અઠવાડિયે મજબૂત રિકવરી જોવા મળી હતી. બંને બેન્ચમાર્ક ઇન્ડેક્સ લગભગ છ ટકા વધ્યા અને તેમના સાપ્તાહિક ઉચ્ચતમ સ્તરની નજીક બંધ થયા હતા. નિફ્ટી ૨૪,૦૫૦.૬૦ પર બંધ થયો, જ્યારે સેન્સેક્સ ૭૭,૫૫૦.૨૫ પર બંધ થયો.

આ વધારાને સકારાત્મક વૈશ્વિક સંકેતો અને ભારતમાં સ્થિર આર્થિક પરિસ્થિતિ દ્વારા ટેકો મળ્યો હતો. જોકે, મજબૂત રિકવરી છતાં, નિષ્ણાતો સૂચવે છે કે રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ. આ સપ્તાહમાં બજારની દિશા વૈશ્વિક સમાચાર, કોર્પોરેટ સેક્ટરના પરિણામો અને વિદેશી હૂંડિયામણ બજારમાં ભારતીય ચલણની ગતિવિધિ પર આધારિત રહેશે.

ભારતીય બજારો છ ટકાની મજબૂત તેજી પછી નવા સપ્તાહમાં સકારાત્મક પરંતુ સાવધ રહી શકે છે. મુખ્ય પરિબળોમાં યુએસ-ઈરાન વાટાઘાટો, ચોથા ક્વાર્ટરના કંપની પરિણામ અને ક્રૂડ ઓઇલના ભાવનો સમાવેશ થાય છે. નિફ્ટીનું ૨૪,૦૦૦ સ્તર મહત્વપૂર્ણ છે. સેન્ટિમેન્ટમાં સુધારો થવા છતાં વૈશ્વિક અનિશ્ચિતતા અને અસ્થિરતાને કારણે રોકાણકારોમાં સાવચેતીનું માનસ રહી શકે છે.

અગ્રણી ટેક્નિકલનાલિસ્ટ અનુસાર નિફ્ટી પર જોવા માટે એક મુખ્ય ટેકનિકલ સ્તર ૨૪,૦૦૦ છે. જો ઇન્ડેક્સ આ સ્તરથી નીચે ગબડશે, તો તે વર્તમાન હકારાત્મક વલણને નબળું પાડી શકે છે અને વેચાણ દબાણ પાછું લાવી શકે છે. આ અઠવાડિયું ટ્રેડર્સ માટે થોડું અલગ રહેશે. આંબેડકર જંયતિ નિમિત્તે ૧૪ એપ્રિલે બજાર બંધ હોવાથી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રેક્ટની વીકલી એક્સપાઇરી ડેટ સોમવાર, ૧૩ એપ્રિલ પર ખસેડવામાં આવી છે. આના કારણે અઠવાડિયાની શરૂઆતમાં વધુ અસ્થિરતા જોવા મળી શકે છે.

**યુએસ-ઈરાન વાટાઘાટો અને વૈશ્વિક તણાવ કેન્દ્રમાંઃ** આ બધામાં વૈશ્વિક ઘટનાક્રમ ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. યુનાઇટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેના તણાવ ઓછો કરવાના અહેવાલોએ અગાઉ બજારને ટેકો આપ્યો હતો અને બેન્ચમાર્કમાં ઉછાળા જોવા મળ્યા હતા. જોકે, બંને દેશો વચ્ચેની વાતચીત હજુ સુધી કોઈ અંતિમ નિષ્કર્ષ પર આવી શકી નથી. કોઇ પ્રકારના સીઝફાયર કરારને અંતિમ રૂપ ના મળ્યું હોવાના કારણે અનિશ્ચિતતા જીવંત રહી છે. આ મોરચે કોઈપણ નવા સમાચાર રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ઝડપથી અસર કરી શકે છે. ■

જો અન્ય પરિબળો યથાવત્ રહે તો કોપોરેટ કમાણી પણ બજારને દિશા આપી શકે છે. બજાર માટે બીજો મોટો ટ્રિગર ચોથા ત્રિમાસિક સમયગાળાની કમાણીની મોસમ છે. ૩૧ માર્ચે પૂરા થતા ક્વાર્ટર માટે પચાસથી વધુ કંપનીઓ તેમના પરિણામો જાહેર કરે તેવી અપેક્ષા છે. મજબૂત કમાણી બજારને ટેકો આપી શકે છે, જ્યારે નબળા પરિણામો શેરબજાર પર દબાણ લાવી શકે છે. હાલના તબક્કે યુદ્ધની સૌથી પહેલી અને નકારાત્મક અસર ક્રૂડ ઓઇલના ભાવ પર થાય છે અને તે ગ્લોબલ ઇક્વિટી માર્કેટને ફટકો મારી રહ્યા છે. યુદ્ધ ચાલતુ રહેશે અને માનો કે પુરુ થઇ જાય તો પણ અમુક મહિના સુધી ક્રૂડ ઓઇલના ભાવ પણ બજારને અસર કરનાર એક મુખ્ય પરિબળ રહેશે.

ગયા અઠવાડિયે, ક્રૂડ ઓઇલના ભાવમાં ૨૦૨૨ પછીનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો, કારણ કે વૈશ્વિક સંઘર્ષોમાં ટ્રેડરોએ વધુ સારી સપ્લાય અને સંભવિત યુદ્ધવિરામની અપેક્ષા રાખી હતી. ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો સામાન્ય રીતે ભારત માટે હકારાત્મક હોય છે, કારણ કે તે આયાત ખર્ચ અને ફુગાવામાં ઘટાડો કરે છે.

એકંદર બજાર દૃશ્ય જોઇએ તો નિષ્ણાતો માને છે કે જો વૈશ્વિક પરિસ્થિતિ સ્થિર રહે અને ભારતનું અર્થતંત્ર મજબૂત રહે, તો બજાર તેના અપવર્ડ ટ્રેન્ડને ચાલુ રાખી શકે છે. જોકે, અમેરિકા અને ઇરાન વચ્ચેની મંત્રણા નિષ્ફળ રહી હોવાથી ગ્લોબલ રિસ્ક જોતા, રોકાણકારોમાં સાવચેતીનું માનસ રહેવાની અપેક્ષા છે.

દરમિયાન, રિઝર્વ બેંકે વ્યાજ દર યથાવત રાખ્યા છે. સરકારે ગયા મહિને આરબીઆઈ માટે નવા ફુગાવાના લક્ષ્યની જાહેરાત કર્યા પછી આ પ્રથમ નાણાકીય નીતિ સમીક્ષા છે. સરકારે આરબીઆઈને માર્ચ ૨૦૩૧માં પૂરા થતા બીજા પાંચ વર્ષ માટે બંને બાજુ બે ટકાના માર્જિન સાથે રીટેલ ઇન્ફ્લેશન ચાર ટકાના સ્તરે જાળવવા જણાવ્યું છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને બજાર નિયમનકાર ધી સિક્યુરિટી એક્ચચેન્જ ઓફ ઇન્ડિયા (સેબી)એ આઇપીઓ મંજૂરીઓની કાયદેસરતાની માન્યતા (અપ્રુવલ વેલિડિટી) ત્રીસમી સપ્ટેમ્બર સુધી લંબાવી છે અને સાથે લઘુત્તમ જાહેર શેરહોલ્ડિંગ (એમપીએસ) ધોરણોનું પાલન ન કરનારી એન્ટિટીઓને માટે એક વખતની છૂટ જાહેર કરી છે. જે કંપનીઓએ અસ્થિર બજાર પરિસ્થિતિને કારણે તેમની જાહેર ઇશ્યૂ યોજનાઓ મુલતવી રાખી હતી અથવા ફરીથી ગોઠવી હતી, તેમને સેબીના ઉપરોક્ત પગલાંથી લાભ મળવાની આશા છે. ■

## ભારતીય શેરબજારમાંથી વિદેશી ફંડોએ ૧૮.૮૪ અબજ ડોલર પાછાં ખેંચી લીધા

મુંબઈઃ અમેરિકા-ઈરાન યુદ્ધને પરિણામે ક્રુડ તેલના ભાવમાં આવેલા ઉછાળાની ભારતના આર્થિક વિકાસ પર અસર પડવાની શકયતાને ધ્યાનમાં રાખી વૈશ્વિક ફંડોએ વર્તમાન વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં જ ભારતીય ઇક્વિટી બજારમાં ૧૮.૮૪ અબજ ડોલરનું વેચાણ કર્યું છે, જે ગયા સંપૂર્ણ વર્ષ દરમિયાન કરાયેલા ૧૮.૭૯ અબજ ડોલરના વેચાણને પાર કરી ગયું છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સતત વેચવાલીથી બજાર દબાણ હેઠળ રહ્યા કરે છે અને યુદ્ધ વિરામની જાહેરાત છતાં ગયા સપ્તાહમાં બજારના મૂડમાં સાવચેતીભર્યો સુધારો જોવા મળ્યો હતો. ગયા વર્ષની ઓલટાઈમ હાઈથી ભારતીય ઈક્વિટીસની માર્કેટ કેપમાં ૬૦૦ અબજ ડોલરનું ધોવાણ થઈ ગયું છે. આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના આક્રમણથી ઈન્ફર્મેશન ટેકનોલોજી (આઈટી) ક્ષેત્રની કંપનીઓ પર અસર, અમેરિકા દ્વારા ટેરિફ મુદ્દે બદલાતી સ્થિતિ તથા યુદ્ધને કારણે ઊભી થયેલી અનિશ્ચિતતાએ દેશની ૪.૮૦ ટ્રિલિયન ડોલરની ઈક્વિટી માર્કેટમાં વિદેશી રોકાણકારોનું આકર્ષણ ઘટી ગયાનું જણાય છે.ક્રુડ તેલના ઊંચા ભાવને પરિણામે ડોલર સામે રૂપિયામાં બોલાઈ ગયેલા કડાકાએ સ્થિતિને વધુ વણસાવી છે, એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

ભારતની સરખામણીએ દક્ષિણ કોરિઆ તથા તાઈવાન જેવી ઊભરતી બજારો સારી કામગીરી કરી રહી છે. વર્તમાન મહિનામાં વિદેશી રોકાણકારોએ દક્ષિણ કોરિઆમાં ૩.૬૦ અબજ ડોલર જ્યારે તાઈવાનમાં ૫.૬૦ ડોલર ઠાલવ્યા છે, જ્યારે ભારતમાંથી ત્રણ અબજ ડોલર જેટલી રકમ પાછી ખેંચી લેવાઈ હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે.

જો કે ભારતમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)ની સતત લેવાલીને પગલે ઈક્વિટીસને ટેકો મળી રહ્યો છે. એફઆઈઆઈની વેચવાલી સામે ડીઆઈઆઈની ખરીદી જોવા મળી રહી છે. મ્યુચ્યુઅલ ફન્ડસ તથા નાણાં સંસ્થાઓએ મળીને વર્તમાન વર્ષમાં અત્યારસુધી ૩૧ અબજ ડોલરની ઠાલવણી કરી છે. ■

## ટોચની આઠ કંપનીઓના બજાર મૂલ્યમાં ₹ ૪.૧૩ લાખ કરોડનો વધારો

મુંબઇઃ શેરબજારમાં પાછલા સપ્તાહની તેજીમાં ટોચની ૧૦ કંપનીઓના કુલ માર્કેટ કેપમાં સારો વધારો જોવા મળ્યો હતો, જેમાં બેન્કિંગ સેક્ટરમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો, જ્યારે કેટલીક મોટી કંપનીઓના માર્કેટ કેપિટલમાં થોડો ઘટાડો પણ જોવા મળ્યો હતો.

ગયા અઠવાડિયે, શેરબજારમાં મજબૂત તેજી જોવા મળી, જેનો સીધો ફાયદો દેશની સૌથી મોટી કંપનીઓના માર્કેટ કેપમાં થયો. ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી આઠના કુલ માર્કેટ કેપમાં રૂ. ૪,૧૩,૦૦૩.૨૩ કરોડનો વધારો થયો. આ વધારાથી એચડીએફસી બેંક અને આઇસીઆઇસીઆઇ બેંકને સૌથી વધુ ફાયદો થયો.

બજારની વાત કરીએ તો, બીએસઇનો મુખ્ય બેન્ચમાર્ક, સેન્સેક્સ, ગયા અઠવાડિયે ૪,૨૩૦.૭ પોઈન્ટ અથવા ૫.૭૭ ટકા વધ્યો. જ્યારે એનએસઇના બેન્ચમાર્ક નિફ્ટીમાં પણ ૧,૩૩૭.૫ પોઈન્ટ અથવા ૫.૮૮ ટકાનો મજબૂત વધારો નોંધાયો હતો. શેરબજારમાં ટોચની ૧૦ કંપનીઓએ આ અઠવાડિયે મિશ્ર વલણો જોયા. કેટલીક મોટી કંપનીઓના માર્કેટ કેપમાં મજબૂત વધારો જોવા મળ્યો, જ્યારે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ઇન્ફોસિસને નુકસાન થયું.

આ સમયગાળા દરમિયાન બીએસઇ સેન્સેક્સના ટોચના શેરોમાં ખાસ કરીને એચડીએફસી બેંકનો શેર સૌથી વધુ વધ્યો હતો અને તેનું માર્કેટ કેપિટલ રૂ. ૯૧,૨૮૨.૬૭ કરોડ વધીને રૂ. ૧૨,૪૭,૪૭૮.૫૭ કરોડની સપાટીએ પહોંચ્યું હતું. આઇસીઆઇસીઆઇ બેંકના મૂલ્યાંકનમાં પણ જોરદાર ઉછાળો જોવા મળ્યો. કંપનીનું માર્કેટ કેપ રૂ. ૭૬,૦૩૬.૩૬ કરોડ વધીને રૂ. ૯,૪૬,૭૪૧.૮૫ કરોડ થયું. બજાજ ફાઇનાન્સે પણ સારું પ્રદર્શન કર્યું, તેનું માર્કેટ કેપ રૂ. ૬૦,૯૮૦.૩૫ કરોડ વધીને રૂ. ૫,૭૫,૨૦૬.૪૭ કરોડ થયું.

લાર્સન એન્ડ ટુબ્રોનું માર્કેટ કેપ રૂ. ૪૭,૬૨૪.૯૭ કરોડ વધીને રૂ. ૫,૪૪,૭૩૬.૫૯ કરોડ થયું. ભારતી એરટેલનું માર્કેટ કેપ પણ રૂ. ૪૫,૮૭૩.૪૩ કરોડ વધીને રૂ. ૧૦,૬૬,૨૯૩.૬૯ કરોડ થયું. ગુરુવારે મોટી કંપનીઓના બજાર મૂલ્યાંકનમાં મિશ્ર વલણ જોવા મળ્યું. કેટલીક કંપનીઓના માર્કેટ કેપમાં વધારો જોવા મળ્યો, જ્યારે અન્યમાં ઘટાડો જોવા મળ્યો.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું માર્કેટ કેપ રૂ. ૪૩,૬૧૪.૬૭ કરોડ વધીને રૂ.૯,૮૪,૬૨૯.૯૮ કરોડ થયું. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસનું માર્કેટ કેપ રૂ. ૨૬,૩૦૩.૪૯ કરોડ વધીને રૂ.૯,૧૩,૩૩૧.૯૨ કરોડ થયું. હિન્દુસ્તાન યુનિલિવરનું માર્કેટ કેપ પણ મજબૂત થયું, રૂ. ૨૧,૨૮૭.૨૯ કરોડ વધીને રૂ. ૫,૦૬,૪૭૭.૮૯ કરોડ થયું.

તેનાથી વિપરીત, ઈન્ફોસિસનું માર્કેટ કેપ રૂ. ૩,૨૮૫.૦૩ કરોડ ઘટીને રૂ.૫,૨૪,૧૨૪.૪૦ કરોડ થયું. તેવી જ રીતે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું માર્કેટ કેપ રૂ. ૯૪૭.૨૮ કરોડ ઘટી ગયું, જોકે કંપની સૌથી વધુ મૂલ્યવાન સ્થાનિક કંપની રહી છે.

બજાર મૂલ્યાંકનની દ્રષ્ટિએ ટોચની કંપનીઓની યાદીમાં રિલાયન્સ પછી એચડીએફસી બેંક, ભારતી એરટેલ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઇસીઆઇસીઆઇ બેંક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, બજાજ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, ઇન્ફોસિસ અને હિન્દુસ્તાન યુનિલિવરનો સમાવેશ થાય છે.■

## બેન્ચમાર્કમાં ૪૨૩૧ પોઈન્ટનો ઉછાળો, માર્કેટ કેપમાં ₹ ૨૮.૮૬ લાખ કરોડનો ઉમેરો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અખાતી યુદ્ધને કારણે કડાકા અને ત્યારબાદ યુદ્ધ વિરામની આશા વચ્ચેના ઉછાળામાં રોકાણકારોને પાછલા સપ્તાહ દરમિયાન થોડી રાહત મળી હતી. સપ્તાહ દરમિયાન ખાસ કરીને રિયલ્ટી અને ઓટો ક્ષેત્રની આગેવાનીમાં બધા સેક્ટરલ ઈન્ડેક્સ વધ્યા હતા. સ્થાનિક સંસ્થાઓની રૂ.૨૮,૮૧૧ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી અને માર્કેટ કેપમાં રૂ.૨૮.૮૬ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ હતી. શુક્રવાર તા. ૧૦ એપ્રિલે, ૨૦૨૬એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ આગલા સપ્તાહના ૭૩,૩૧૯.૫૫ના બંધ સામે ૪,૨૩૦.૭૦ પોઈન્ટ્સ (૫.૭૭ ટકા) વધ્યો હતો. સોમવાર, છઠ્ઠી એપ્રિલના રોજ સેન્સેક્સ ૭૩,૪૭૭.૫૩ના સ્તરે ખૂલી એ જ દિવસે નીચામાં ૭૨,૭૨૮.૬૬ સુધી ગયો હતો, જ્યારે બુધવાર, આઠમી એપ્રિલ, ૨૦૨૬ના રોજ ઊંચામાં ૭૭,૬૩૫.૫૪ સુધી જઈ ૭૭,૫૫૦.૨૫ બંધ રહ્યો હતો.

એક્સચેન્જ પર સપ્તાહના અંતે માર્કેટ કેપિટલાઇઝેશન રૂ.૪૫૧.૨૩ લાખ કરોડ રહ્યું, જે અગાઉના સપ્તાહે રૂ.૪૨૨.૩૭ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૨૮.૮૬ લાખ કરોડનો વધારો નોંધાયો હતો. સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૬.૧૯ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૬.૫૧ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૬.૫૯ ટકા વધ્યા હતા. એસએમઈ આઈપીઓ ૯.૭૮ ટકા અને બીએસઈ આઈપીઓ ૧૦.૦૨ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન બધાં ક્ષેત્રોના ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં રિયલ્ટી ૧૨.૮૬ ટકા, ઓટો ૧૦.૩૦ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૯.૧૬ ટકા, કેપિટલ ગુડ્સ ૮.૭૭ ટકા, બેન્કેક્સ ૮.૫૮ ટકા, પીએસયુ બેન્ક ૮.૧૯ ટકા, પાવર ૭.૮૯ ટકા, મેટલ ૭.૮૦ ટકા, પીએસયુ ૫.૭૫ ટકા, એફએમસીજી ૪.૩૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૦૧ ટકા, હેલ્થકેર ૩.૦૨ ટકા, ટેક ૨.૭૧ ટકા અને આઈટી ૨.૧૦ ટકા વધ્યા હતા.■

# ગુજરાત

## ડિજિટલ અરેસ્ટ ફ્રોડમાં અમદાવાદના વૃદ્ધે ₹૧.૪ કરોડ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં એક ૭૫ વર્ષીય સિનિયર સિટિઝન ડિજિટલ અરેસ્ટનો ભોગ બન્યા હતા. ટ્રાઈના અધિકારી તરીકે ઓળખ આપી વૃદ્ધને અમુક દિવસો ડિજિટલી બાનમાં રાખી તેમની પાસેથી ૧.૪ કરોડ પડાવી લીધા હોવાની ફરિયાદ સાયબર સેલમાં નોંધાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ૨ એપ્રિલના રોજ ભોગ બનનાર વૃદ્ધને ટેલિફોન રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાય)ના અધિકારી તરીકે ઓળખ આપી એક કોલ આવ્યો હતો. જેમાં જણાવાયું હતું કે તેમના દસ્તાવેજોનો ઉપયોગ અશ્લીલ વીડિયો મોકલવા અને મની લોન્ડરિંગમાં થયો છે. વૃદ્ધને ધરપકડની ધમકી આપી ડરાવવામાં આવ્યા હતા કે પરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસમાં તેમનું નામ છે અને તેમના એટીએમ કાર્ડની વિગતો પણ તેમાં સામેલ છે.

સાયબર અપરાધીઓએ વૃદ્ધ પાસેથી તેમના બૅન્ક ખાતા અને શૅરબજારમાં કરેલા રોકાણની તમામ વિગતો મેળવી લીધી હતી. ધરપકડના ડરથી વૃદ્ધે તમામ શેર્સ વેચી દીધા હતા અને ૧.૪૩ કરોડ રૂપિયા ઠગોના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. બેંકના અધિકારીઓને શંકા ન જાય તે માટે ઠગોએ વૃદ્ધને એવી પણ સલાહ આપી હતી કે, જો કોઈ પૂછે તો કહેજો કે ઓસ્ટ્રેલિયા રહેતા દીકરાને આ રકમ મોકલી રહ્યા છો. પૈસા મળ્યા બાદ ગઠિયાઓએ પોતાના નંબર બંધ કરી દીધા હતા.

૯ એપ્રિલે રકમ ટ્રાન્સફર થયા બાદ જ્યારે સાયબર ઠગોના ફોન બંધ થઈ ગયા, ત્યારે વૃદ્ધને કંઈક અઘટિત થયાની શંકા ગઈ હતી. તેમણે તાત્કાલિક તેમના ભત્રીજાને આ અંગે જાણ કરી, જેણે તપાસ કરતા ખબર પડી કે તેઓ સાયબર ઠગાઈનો શિકાર બન્યા છે. હાલ આ મામલે અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે ઠગોના લોકેશન તેમ જ બૅંક એકાઉન્ટની વિગતોના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## અમદાવાદમાં આરોપીએ બે પોલીસકર્મી પર હુમલો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના આનંદનગર વિસ્તારમાં એક આરોપીની અટકાયત કરવા ગયેલા હેડ કોન્સ્ટેબલ અને અન્ય કર્મી પર આરોપીએ હુમલો કર્યો હતો.

આનંદનગર પોલીસમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, આનંદનગર પોલીસ સ્ટેશનના મોબાઇલ વાન ઇન્ચાર્જ નિઃશસ્ત્ર હેડ કોન્સ્ટેબલ જયવીરસિંહ હરદેવસિંહ અને ડ્રાઇવર વિક્રમસિંહ તખ્તસિંહ સાથે ફરજ પર હતા. આંબેડકર જયંતી સંબંધિત કાર્યક્રમ દરમિયાન કોઈએ કથિત રીતે ધ્વજ ફાડ્યો હોવાના આરોપમાં સેટેલાઇટ પોલીસમાં કેસ નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ, શાંતિ જાળવવા માટે સવારથી જ ગોપાલ આવાસ નજીક પોલીસ ટીમો તહેનાત કરવામાં આવી હતી.

શનિવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ, પોલીસે આ વિસ્તારમાં એક ફેબ્રિકેશન શોપ પાસે કોઈને ઝઘડો કરતા જોયો હતો.

આરોપી કમલસિંહ પરમાર, દુકાનમાંથી સામાન કાઢી રહેલા બીજા એક માણસ સાથે ઝઘડી રહ્યો હતો. જ્યારે પોલીસકર્મીઓએ તેમને શાંત પાડવાની કોશિશ કરી તો તેણે તેમની સાથે જ ગેરવર્તણૂક શરૂ કરી દીધી હતી.

જ્યારે પોલીસે તેનો વિરોધ કર્યો ત્યારે પરમારે કથિત રીતે પોલીસકર્મીઓ સાથે ઝપાઝપી કરી હતી. પરમારે હરદેવસિંહને પેટમાં લાત મારી અને તેનો જમણો અંગૂઠો પણ કરડી ખાધો હતો. જ્યારે તેઓ મોબાઇલ વાનમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે પરમારે બીજા પોલીસ કર્મચારીની સાથે પણ હાથાપાઈ કરી હતી.

હરદેવસિંહે વધુમાં આરોપ લગાવ્યો હતો કે જ્યારે તેને સ્ટેશને લઈ જવામાં આવી રહ્યા હતા, ત્યારે આરોપીઓએ પોલીસ અધિકારીઓને સેવામાંથી ઉતારી મૂકવાની ધમકી આપી હતી. પોલીસ સ્ટેશનમાં પણ તેણે અન્ય સ્ટાફ સાથે ગેરવર્તણૂક કરી હતી અને સીસીટીવી કેમેરા માટેના ટીવી સ્ક્રીન પર માથું મારી લગભગ રૂ. ૫૦,૦૦૦નું નુકસાન પણ કર્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસ સ્ટેશનમાં, તેમણે કથિત રીતે સ્ટાફ સાથે દુર્વ્યવહાર કરવાનું ચાલુ રાખ્યું અને સીસીટીવી સર્વેલન્સ માટે સ્થાપિત ટેલિવિઝન સ્ક્રીન પર પોતાનું માથું માર્યું, જેનાથી લગભગ ૫૦,૦૦૦ રૂપિયાની સરકારી સંપત્તિને નુકસાન થયું.

આનંદનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસકર્મીઓ પછીથી સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી.

## સ્થાનિક સ્વરાજ ચૂંટણીઃ છેલ્લા દિવસે ૩૨,૩૪૮ ઉમેદવારી ફોર્મ ભરાયાં, હવે પ્રચારનો ધમધમાટ

અમદાવાદઃ ભારે રસાકસી અને ડ્રામા વચ્ચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના નામાંકનનો છેલ્લો દિવસ શનિવારે હતો. જેમાં ૯,૯૯૨ બેઠક માટે ૩૨,૭૪૮ ઉમેદવારીપત્રો દાખલ થયા હતા.

જેમાં ૯,૯૯૨ બેઠક માટે ૩૨,૭૪૮ ઉમેદવારીપત્ર દાખલ થયા હતા. જોકે ચકાસણી બાદ આ આંકડામાં ફેરફાર થઈ શકે છે. વિવિધ સ્થાનિક સ્વરાજ્યની આશરે ૭૦ બેઠક પર, કોંગ્રેસ, આપ, અન્ય કોઈ પક્ષ કે કોઈ અપક્ષ ઉમેદવારે ભાજપના ઉમેદવાર સામે ઉમેદવારી નોંધાવી નહીં હોવાનું અહેવાલો જણાવે છે. કેટલી બેઠકો પર ચૂંટણી લડવામાં આવશે અને કેટલી બેઠકો બિનહરીફ જીતવામાં આવશે તેનું ચિત્ર ૧૫ એપ્રિલની ઉમેદવારીપત્રો પરત ખેંચવાની અંતિમ તારીખ પછી જ સ્પષ્ટ થશે, તેમ સૂત્રો જણાવે છે. ગુજરાતના ૪.૪૦ કરોડ પાત્ર મતદારોમાંથી કુલ ૪.૧૯ કરોડ મતદારો ૨૬ એપ્રિલે ૧૫ મ્યુનિસિપલ કોર્પોરેશનો, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોમાં પ્રતિનિધિઓ ચૂંટવા માટે મતદાન કરશે. રાજ્ય ચૂંટણી પંચ (એસઈસી) એ બુધવારે જાહેરાત કરી હતી કે સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ઈવીએમ પર મતદાન થશે અને મતગણતરી ૨૮ એપ્રિલે થશે.

આ ચૂંટણીનો માહોલ ધીમે ધીમે ગરમાતો જાય છે. હવે પ્રચારની રમઝટ બોલશે. ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ, આપ, નાના પક્ષો અને અપક્ષો ૯,૯૯૨ બેઠક માટે મેદાનમાં છે. વોર્ડની દ્રષ્ટિએ, ચૂંટણી ૭,૩૫૩ વોર્ડને આવરી લેશે. મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ૨૬૧, નગરપાલિકાઓમાં ૬૬૮, જિલ્લા પંચાયતોમાં ૧,૧૯૦ અને તાલુકા પંચાયતોમાં ૫,૨૩૪ વોર્ડમાં ચૂંટણી છે. પરિણામ ૨૮મી એપ્રિલે જાહેર થશે.

## એક જ પક્ષના ત્રણ પૂર્વ કોર્પોરેટર હવે એકબીજા સામે લડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકારણમાં ક્યારે સંબંધો કેવું સ્વરૂપ લે તે ખબર પડતી નથી. આજથી પાંચ વર્ષ પહેલા જે લોકો એક સાથે એક પક્ષમાં રહી ચૂંટણી લડ્યા હતા તેઓ આ ચૂંટણીમાં હવે એકબીજાની સામે લડશે. વર્ષ ૨૦૨૧માં મનપાની ચૂંટણીમાં ગોમતીપુરા, દાણીલીમડા અને જમાલપુરા વોર્ડમાં એક જ પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી કોર્પોરેટર બન્યા હતા. હવે વર્ષ ૨૦૨૬ની ચૂંટણીમાં તેઓ એકબીજા સામે લડશે.

૨૦૨૧ની મનપા ચૂંટણી દરમિયાન, રફીક શેખ અને મુસ્તાક ખાડીવાલાએ જમાલપુર વોર્ડમાંથી એઆઈએમઆઈએ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી અને બંને કોર્પોરેટર તરીકે ચૂંટાયા હતા. જોકે, ૨૦૨૬ની ચૂંટણી પહેલા બંનેએ એઆઈએમઆઈએમમાંથી રાજીનામું આપી દીધું હતું. તેઓ હવે જમાલપુરમાં એકબીજા સામે મેદાનમાં છે. ખાડીવાલા કૉંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે શેખ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે.

ગોમતીપુરમાં પણ આવું જ રાજકીય પરિવર્તન આવ્યું છે. ૨૦૨૧ની ચૂંટણીમાં, ઇકબાલ શેખ અને ઝુલ્ફી ખાન પઠાણ કૉંગ્રેસના ઉમેદવારો તરીકે જીત્યા હતા. ૨૦૨૬ની ચૂંટણી પહેલા, ઇકબાલ શેખ કૉંગ્રેસમાંથી રાજીનામું આપીને એઆઈએમઆઈએમમાં જોડાયા હતા. તેઓ હવે ગોમતીપુરથી એઆઈએમઆઈએમ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે ઝુલ્ફી ખાન પઠાણ કૉંગ્રેસના ઉમેદવાર તરીકે ફરીથી ચૂંટણી લડી રહ્યા છે. આમ, ૨૦૨૧માં સંયુક્ત રીતે વોર્ડનું પ્રતિનિધિત્વ કરનારા કોર્પોરેટરો હવે ૨૦૨૬માં એકબીજાની સામસામે લડશે.

દાણીલીમડામાં પણ આવું જ છે. ૨૦૨૧માં, જમનાબેન વેગડા કૉંગ્રેસની ટિકિટ પર વોર્ડમાંથી કોર્પોરેટર તરીકે ચૂંટાયાં હતાં. સાથી કોર્પોરેટર સાથેના વિવાદને કારણે તેમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને ૨૦૨૬ની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીમાં જોડાયાં હતાં. તેઓ હવે આપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યાં છે. ૨૦૨૧ માં, શહેઝાદ ખાન પઠાણ દાણીલીમડાથી તેમની સાથે ચૂંટાયાં હતાં. આગામી ચૂંટણીમાં બંને વોર્ડમાં હરીફ પેનલોમાંથી એકબીજા સામે ચૂંટણી લડશે.

## એમએસ યુનિવર્સિટીમાં એબીવીપીના કાર્યક્રમમાં ધક ધક ગર્લના ડાન્સ મામલે વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અભિનેત્રી માધુરી દિક્ષિત અને અનિલ કપૂરનું ફિલ્મ બેટાનું ગીત ધક ધક કરને લગા આજે પણ બહુ લોકપ્રિય છે અને આ ગીતથી માધુરી ધક ધક ગર્લ તરીકે જાણીતી થઈ હતી, પરંતુ વડોદરાની એમએસ યુનિવર્સિટીની ધક ધક ગર્લે વિવાદ ઊભો કરી દીધો હતો.

અહીં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) દ્વારા આયોજિત સંસ્કાર સંગમ કાર્યક્રમમાં એક વિદ્યાર્થિનીએ ધક ધક કરને લગા પર ડાન્સ કર્યો હતો. સ્ટેજ પરથી આ પ્રકારનો સેન્સેશનલ ડાન્સ એક વિદ્યાર્થિની દ્વારા કરવામાં આવતા યુનિવર્સિટીમાં હોબાળો મચી ગયો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

આ મામલે એનએસયુઆઈએ આકરી ટીકા કરી હતી. આ ત્રણ દિવસીય કાર્યક્રમમાં ડાન્સ થયો હતો અને તેનો વીડિયો વાઇરલ થતા ચર્ચાનો વિષય બન્યો હતો. વિદ્યાર્થીઓ આને એમએસની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડતું કૃત્ય કહી વખોડી રહ્યા છે.

આ ઘટના અંગે એનએસયુઆઈના સૂત્રોએ આકરા શબ્દોમાં ટીકા કરતા જણાવ્યું હતું કે સંસ્કારના નામે યોજાયેલા કાર્યક્રમમાં આ પ્રકારનો ડાન્સ શરમજનક છે. આ મામલે એબીવીપીના સભ્યોએ એવી સ્પષ્ટતા કરી હતી કે સંસ્કાર સંગમ પ્રોગ્રામ માટે કુલ ૧૪૦ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જે વીડિયો વાઇરલ થયો હતો તેનું રજિસ્ટ્રેશન થયું ન હતું. બ્રેકમાં તે છોકરી પોતાની મેળે સ્ટેજ પર ચડી ડાન્સ કરવા આવી હતી. એબીવીપીની આ મામલે કોઈ ભૂમિકા નથી.

## ૮૦૦ કરોડ રૂપિયાની જીએસટી ચોરીઃ હૈદ્રાબાદથી ઝડપાયેલા બે આરોપીની જામીન અરજી કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ડાયરેક્ટર જનરલ ઑફ જીએસટી ઈન્ટેલિજન્સના ગાંધીધામ રીજનલ યુનિટ દ્વારા પકડાયેલા ૮૦૦ કરોડથી વધુના જીએસટી ચોરીના બે આરોપીની જામીન અરજી ગાંધીધામ સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. ઓનલાઈન ગેમિંગ અને શેલ કંપનીઓના માધ્યમથી આચરાયેલા આ મસમોટા કૌભાંડમાં નામદાર અદાલતે આરોપીઓને રાહત આપવાનો ઈનકાર કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ડાયરેક્ટર જનરલ ઑફ જીએસટી ઈન્ટેલિજન્સના ગાંધીધામ સ્થિત એકમે ગત ૧૧ ફેબ્રુઆરીના રોજ હૈદ્રાબાદથી સુમન લક્ષ્મણ રેઢી અને જી. મદન રેડ્ડીની જીએસટી ઍક્ટની કલમ ૧૩૨ (૧) એ હેઠળ ધરપકડ કરી હતી. તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર કે. ગૌથમ રેઢી છે. તેણે ઈ-કોમર્સ વેબસાઈટના નામે ઓનલાઈન રિયલ મની ગેમિંગની પ્રવૃત્તિ શરૂ કરી હતી.

આ ગેમ રમતા ખેલાડીઓના નાણાં જમા કરાવવા માટે આરોપીઓએ કાગળ પર અનેક નકલી (શેલ) કંપનીઓ ઊભી કરી હતી. આ કંપનીઓના નામે જીએસટી નંબર મેળવી બૅન્કોમાં ખાતા ખોલાવી કરોડોના વ્યવહારો કરવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, ઓનલાઈન ગેમિંગ એક્ટિવિટી અંતર્ગત આ શેલ કંપનીઓના ખાતામાં કુલ ૨૦ અબજ ૧૧ કરોડ ૭ લાખથી વધુની રકમ જમા થઈ હતી.

આ રકમ પર અંદાજે ૮૦૦ કરોડથી વધુનો જીએસટી ભરવાપાત્ર થતો હતો, જેની આરોપીઓએ ચોરી કરી હતી. જ્યારે ગાંધીધામ ડાયરેક્ટર જનરલ ઑફ જીએસટી ઈન્ટેલિજન્સની ટુકડીએ હૈદ્રાબાદમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું ત્યારે આરોપીઓએ મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક પુરાવાનો નાશ કરવાનો પણ પ્રયાસ કર્યો હતો.

ગાંધીધામના નવમા અધિક સેશન્સ જજ એલ.ડી. વાથે જામીન અરજી પર સુનાવણી કરતા નોંધ્યું હતું કે, આ એક ગંભીર આર્થિક અપરાધ છે જેનાથી સરકારી તિજોરીને મોટું નુકસાન થયું છે. વધુમાં, આરોપીઓ પુરાવા સાથે છેડછાડ કરી શકે છે અથવા સાક્ષીઓને પ્રભાવિત કરી શકે તેવી શક્યતાને જોતા જામીન આપવા ઉચિત નથી.

આ કેસમાં ડાયરેક્ટર જનરલ ઑફ જીએસટી ઈન્ટેલિજન્સ વતી વિશેષ સરકારી વકીલ કલ્પેશ સી. ગોસ્વામીએ ધારદાર દલીલો કરી આરોપીઓના જામીનનો વિરોધ કર્યો હતો, જેને અદાલતે ગ્રાહ્ય રાખ્યો હતો.

૨૦૪ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 86 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ચૈત્ર વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 April 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૧૩ એપ્રિલ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ મંત્રણા નિષ્ફળ

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

ઈસ્લામાબાદ: પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે યોજાયેલી શાંતિમંત્રણા કોઈ કરાર વિના સમાપ્ત થઈ હતી. ૨૧ કલાક ચાલેલી વાટાઘાટ પછી અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે. ડી. વેન્સે જણાવ્યું હતું કે બંને પક્ષો કોઈ નિષ્કર્ષ પર પહોંચી શક્યા નથી, આ પરિસ્થિતિ ઈરાન માટે વધુ નુકસાનકારક હોઈ શકે છે.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે. ડી. વેન્સે પણ વાટાઘાટો પછી કોઈ પરિણામો ન આવતાં ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ''ખરાબ સમાચાર એ છે કે અમે કોઈ કરાર પર પહોંચી શક્યા નથી. મારું માનવું છે કે આ સમાચાર ઈરાન માટે અમેરિકા કરતાં

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકા હોર્મુઝ ખાડીમાં જહાજોને રોકશે, ઈરાનને ખતમ કરશે: ટ્રમ્પ

વૉશિંગ્ટન: પાકિસ્તાનમાં યોજાયેલી અમેરિકા-ઈરાન શાંતિમંત્રણા નિષ્ફળ ગયા બાદ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રવિવારે કહ્યું હતું કે અમેરિકાનું નૌકાદળ હવે હોર્મુઝ ખાડીમાં પ્રવેશતાં તેમ જ ત્યાંથી બહાર નીકળતા તમામ જહાજોને રોકશે અને ઇરાનને ખતમ કરશે.

ઈરાનને ટૉલ ટૅક્સ આપ્યો હોય તેવા તમામ જહાજોને અટકાવવાની અમેરિકાના નૌકાદળને સૂચના આપી દેવામાં આવી હોવાનું ટ્રમ્પે કહ્યું હતું.

ઈરાનને ગેરકાયદે ટોલ ચૂકવનારા જહાજો સુરક્ષિત રીતે ત્યાંથી પસાર નહીં થઈ શકે, એમ ટ્રમ્પે કહ્યું હતું.

યોગ્ય ક્ષણે અમે ઈરાનનો નાશ કરીશું એમ જણાવતા ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાનની અણુશસ્ત્રો બનાવવાની મહત્ત્વાકાંક્ષા યુદ્ધવિરામની નિષ્ફળતા પાછળનું મુખ્ય કારણ છે.

ઈરાન સાથેનું યુદ્ધ શરૂ થયું તે અગાઉ પણ ટ્રમ્પે વિશ્વની કુલ જરૂરિયાતના ૨૦ ટકા ક્રૂડ તેલનું પરિવહન કરતી આ ખાડી પર વ્યૂહાત્મક અંકુશ મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી શાંતિ વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ હોર્મુઝ સ્ટ્રેટમાં

(જુઓ પાનું ૨) ▶▶

## "ઈરાન શરણે નહિ થાય"

તહેરાન: ઈરાને અમેરિકા સાથેની શાંતિ મંત્રણા નિષ્ફળ ગયા બાદ જણાવ્યું હતું કે અમે અમેરિકા સહિત કોઈ પણ દેશને શરણે નહિ થઈએ.

પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં યુદ્ધવિરામ અંગે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટો થઈ હતી. બંને પક્ષોએ લગભગ ૨૧ કલાક સુધી વાતચીત કરી, પરંતુ કોઈ પરિણામ આવ્યું નહીં. બંને પક્ષોએ એકબીજાની શરતો સ્વીકારવાનો ઇનકાર કર્યો. હવે, અમેરિકા અને ઈરાન બેઠકની નિષ્ફળતા માટે એકબીજાને દોષિત ઠેરવી રહ્યા છે. અમેરિકા તરફથી

(જુઓ પાનું ૨) ▶▶

## રાષ્ટ્રપ્રમુખ આજે રાજકોટ આવશે

નવી દિલ્હી: રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ ગુજરાત અને મહારાષ્ટ્રની ચાર દિવસની મુલાકાતે આવશે એવી માહિતી તેમના અધિકારીઓએ આપી હતી. રાષ્ટ્રપ્રમુખ સોમવારે રાજકોટના એઈમ્સના પદવીદાન સમારોહમાં હાજરી આપશે.

અધિકારીઓએ વધુમાં કહ્યું હતું કે ૧૪ એપ્રિલે રાષ્ટ્રપ્રમુખ ગાંધીનગરના 'સામાજિક સમરસતા મહોત્સવ'ની શોભા વધારશે. આ સમારોહ ડૉક્ટર બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીએ યોજાશે.

રાષ્ટ્રપતિ મુર્મૂ એ જ દિવસે રાષ્ટ્રપતિ રક્ષા યુનિવર્સિટીના પાંચમા પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ હશે. રાષ્ટ્રપ્રમુખ ૧૫ એપ્રિલે એઈમ્સ નાગપુરના બીજા પદવીદાન સમારોહમાં હાજરી આપશે. એ જ દિવસે મુર્મૂ નાગપુરની નેશનલ એકેડેમી ઑફ નેશનલ ડાયરેક્ટ ટેકસીસના ઈન્ડિયન રેવેન્યુ સર્વિસ (ઈન્કમટેક્સ)ના વિદાય સમારોહની શોભા વધારશે. ૧૬ એપ્રિલે રાષ્ટ્રપ્રમુખ વર્ધાના મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય હિન્દી વિશ્વવિદ્યાલયના છઠ્ઠા પદવીદાન સમારોહમાં હાજરી આપશે. (એજન્સી) ■

## ગુજરાતભરમાં ગરમીનું મોજું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લીધે રાજકીય ગરમાવો છે ત્યારે સૂર્યદેવતા એકદમ એક્ટિવ મોડમાં હોય તેમ તપી રહ્યા છે. રવિવારે અમદાવાદ સહિત રાજ્યભરમાં મહત્તમ તાપમાન ૩૮થી ૪૦ ડિગ્રી વચ્ચે રહ્યું હતું. અમદાવાદ સહિતના શહેરોમાં રવિવારની રજા સાથે આકરા તાપને લીધે રસ્તાઓ બપોરે સૂમસામ હતા અને કર્ફ્યૂ જેવો માહોલ જોવા મળતો હતો.

શનિવારે અને રવિવારે અમદાવાદ, અમરેલી અને રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી કરતા વધારે નોંધાયું હતું. રાજકોટમાં ગરમી ૪૧.૮ ડિગ્રી, અમદાવાદ ૪૦.૩ અને અમરેલીમાં ૪૦.૨ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

અન્ય મુખ્ય શહેરોમાં પણ મહત્તમ તાપમાન ૩૯, ૩૮ જેટલું રહ્યું હતું. જેમાં વડોદરામાં ૩૯.૬ ડિગ્રી, ગાંધીનગરમાં ૩૯.૬ ડિગ્રી અને સુરત અને ભુજમાં ૩૯.૦ ડિગ્રીનું મહત્તમ તાપમાન નોંધાયું હતું. દરિયાઈ પ્રભાવને કારણે દ્વારકા અને ઓખા જેવા દરિયાકાંઠાના વિસ્તારો પ્રમાણમાં ઠંડા

(જુઓ પાનું ૨) ▶▶



## સૂર સમ્રાજ્ઞી આશા ભોસલેનું નિધન

નવી દિલ્હી: દંતકથાસમાન ગાયિકા આશા ભોસલેનું ૯૨ વર્ષની જૈફ વયે રવિવારે દક્ષિણ મુંબઈની બ્રિચ કેન્ડી હૉસ્પિટલમાં અવસાન થયું હતું. મલ્ટિ ઑર્ગન ફેલ્યોરને કારણે આશા ભોસલેનું નિધન થયું હતું. તેમની અંતિમક્રિયા સોમવારે સાંજે ચાર વાગ્યે મુંબઈના શિવાજી પાર્ક ખાતે યોજવામાં આવશે, એમ પુત્ર આનંદ ભોસલેએ કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે ઈચ્છુક લોકો મારી માતાને શ્રદ્ધાંજલિ આપવા સોમવારે ૧૧ વાગ્યે તેમનાં નિવાસસ્થાન કાસા ગ્રાન્ડ, લોઅર પરેલ ખાતે આવી શકે છે.

હૃદય સંબંધિત બીમારીને પગલે આશા ભોસલેને ૧૧ એપ્રિલે સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં.

આશા ભોસલેએ ભારતની વિવિધ ૨૦ ભાષામાં ૧૨,૦૦૦

(જુઓ પાનું ૨) ▶▶

### આશા ભોસલેનાં સદાબહાર અને લોકપ્રિય હિન્દી ગીતો

- **રોમેંટિક અને સદાબહાર ગીતો:** ચુરા લિયા હૈ તુમને જો દિલ કો (યાદોં કી બારાત), અભી ના જાઓ છોડકર (હમ દોનોં), દો લફ્જો કી હૈ દિલ કી કહાની (ધ ગ્રેટ ગેમ્બલર), કિસી નજર કો તેરા ઈંતજાર આજ ભી હૈ (અંજામ), ચહેરા ક્યા દેખતે હો (સલામી) વગેરે...
- **ડાન્સ અને કેબરે હિટ્સ:** દમ મારો દમ (હરે રામા હરે કૃષ્ણા), પિયા તૂ અબ તો આજા (કારવાં), યે મેરા દિલ યાર કા દિવાના (ડૉન), આઓ ના ગલે લગા લો ના (મેરે જીવનસાથી), એક હસીના થી એક દિવાના થા (કર્ઝ) વગેરે...
- **ક્લાસિક અને અન્ય લોકપ્રિય ગીતો:** કહ દૂ તુમ્હે (દીવાર), ધૂપ મેં નિકલા ના કરો (ગૈર ફિલ્મી ગઝલ), જાને જા ઢૂંઢતા ફીર રહા (જવાની દીવાની), જર્રા સા ઝુમ લૂં મૈં (દિલવાલે દુલ્હનીયા લે જાયેંગે), કમ્બખ્ત ઈશ્ક (પ્યાર તૂને ક્યા કિયા) વગેરે... ■

### રસમધૂરાં ગુજરાતી ગીતોનો પણ છે ખજાનો...

અમદાવાદ: જ્યારે આપણે ગુજરાતી સુગમ સંગીત કે ફિલ્મી ગીતોની વાત કરીએ છીએ ત્યારે આશા ભોસલેનો અવાજ હૃદયમાં એક અલગ જ મીઠાશ ભરી દે છે. માત્ર હિન્દી સિનેમા જ નહીં, પરંતુ ગુજરાતી ધરા પર પણ આશાજીએ પોતાનાં સૂરનાં જે અમીછાંટણા કર્યાં છે, તે અજોડ છે. અવિનાશ વ્યાસ અને ગૌરાંગ વ્યાસ જેવા દિગ્ગજ સંગીતકારો સાથે મળીને તેમણે જે ગીતો આપ્યાં છે, તે આજે પણ દરેક ગુજરાતીના (જુઓ પાનું ૨) ▶▶

સંગીતની 'આશા' અમર થઈ ૫

## અમરનાથ યાત્રા ત્રીજી જુલાઈથી ૨૮ ઑગસ્ટ સુધી યોજાશે

નવી દિલ્હી : દક્ષિણ કાશ્મીરમાં આવેલી બાબા અમરનાથની પવિત્ર ગુફાના દર્શન ત્રીજી જુલાઈથી શરૂ થશે અને એ યાત્રા ૫૭ દિવસ બાદ ૨૮ ઑગસ્ટે પતશે, એવી માહિતી ઉપ રાજ્યપાલ મનોજ સિંહાએ આપી હતી.

આ યાત્રામાં ૧૩થી ૭૦ વર્ષની વયના ભાવિકો ભાગ લઈ શકશે અને રજિસ્ટ્રેશન ૧૫ એપ્રિલથી શરૂ થશે, એમ ઉપ રાજ્યપાલે પત્રકારોને જણાવ્યું હતું.

ઉપરાજ્યપાલની આગેવાની હેઠળ ભરાયેલી શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડ (એસએએસબી)માં ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉપરાજ્યપાલે પત્રકારોને કહ્યું હતું કે અમરનાથ યાત્રા ત્રીજી જુલાઈએ શરૂ થશે અને એનો અંત ૨૮ ઑગસ્ટે આવશે. યાત્રા માટે નોંધણી કરાવી ફરજિયાત છે અને તે ૧૫ એપ્રિલથી શરૂ થશે. દેશની ૫૫૬ નિયુક્ત બૅન્ક બ્રાન્ચમાં એડવાન્સ રજિસ્ટ્રેશન કરી શકાશે. શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડની સત્તાવાર વેબસાઈટમાં પણ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે. એક્સિસ બૅન્ક, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બૅન્ક અને આઈસીઆઈસીઆઈ બૅન્કની શાખામાં નોંધણી કરી શકાશે. યાત્રા બે રૂટ- નુનવાન-પહલગામના ૪૯ કિલોમીટરના અને ૧૪ કિલોમીટર ટૂંકો પણ વિકટ ગાંડેરબાલના બાલટાલ રૂટથી કરી શકાશે. (એજન્સી) ■

## દિલ માત્ર ૮૫ મિનિટમાં રોહતકથી દિલ્હી પહોંચાડાયું

નવી દિલ્હી: નવમી એપ્રિલે ગ્રીન કોરિડોર બનાવીને અને ૯૮ કિલોમીટરનું અંતર ૮૫ મિનિટમાં કાપીને દાતાનું જીવંત હૃદય રોહતકથી રાષ્ટ્રીય રાજધાની દિલ્હી પહોંચાડવામાં આવ્યું હતું, એવી સત્તાવાર માહિતી એક નિવેદનમાં આપવામાં આવી હતી.

દિલ્હી પોલીસ અને રોહતક પોલીસે આ ગ્રીન કોરિડોરનું સર્જન કર્યું હતું. આને પ્રતાપે એમ્બ્યુલન્સે ૯૮ કિલમીટરનું અંતર ૮૫ મિનિટમાં કાપ્યું હતું. યાત્રાની શરૂઆત બપોરના ૨.૫૦ કલાકે શરૂ થઈ હતી અને એનો અંત બપોરના ૪.૧૫ કલાકે આવ્યો હતો. આને લીધે દિલ આવશ્યક સમયના વિન્ડોમાં ઉપયોગમાં લઈ શકાય એવી સ્થિતિમાં રહ્યું હતું.

ઓખલાની ફોર્ટિસ એસ્કોર્ટ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટે બહાર પાડેલાં નિવેદન પ્રમાણે રોહતકની પંડિત બી. ડી. શર્મા પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસના ૩૭ વર્ષના બ્રેઈન ડેડ

(જુઓ પાનું ૨) ▶▶

## મૅરથનમાં સાવન બરવાલે ૪૮ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો

રૉટરડૅમ (નેધરલૅન્ડ્સ): ભારતીય ઍથ્લેટિક્સમાં ૪૮ વર્ષથી મૅરથનમાં જે રાષ્ટ્રીય વિક્રમ અતૂટ રહ્યો હતો એ સાવન બરવાલ નામના રનરે શનિવારે તોડીને ભારત માટે નવો ઇતિહાસ સર્જ્યો હતો.

સાવન ૨૮ વર્ષનો છે. તેણે રવિવારે એન. એન. મૅરથન રૉટરડૅમ ખાતે આયોજિત એલીટ મૅરથન રેસ બે કલાક, ૧૧ મિનિટ, ૫૮ સેકન્ડમાં પૂરી કરી હતી. એ સાથે તેણે ૧૯૭૮નો રેકૉર્ડ તોડી નાખ્યો હતો. સાવન હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાનો છે.

સાવન બરવાલે શિવનાથ સિંહનો નૅશનલ રેકૉર્ડ તોડ્યો છે. શિવનાથે ૪૮ વર્ષ પહેલાં એલીટ મૅરથન ૨:૧૨:૦૦ના ટાઇમિંગમાં પૂરી કરી હતી. રૉટરડૅમની આ રેસમાં ભારતનો બીજો રનર ગોપી થોનાકલ ૨૩મા નંબરે આવ્યો હતો. સાવન બરવાલ ભારતીય લશ્કરમાં છે.

(જુઓ પાનું ૨) ▶▶

## દિલ્હીના ૧૦ વર્ષની ઉંમરના આરિત કપિલે ચેસમાં અસાધારણ સિદ્ધિ મેળવી



નવી દિલ્હી: દિલ્હીનો ૧૦ વર્ષની ઉંમરનો આરિત કપિલ ચેસની રમતમાં ઇન્ટરનૅશનલ માસ્ટર (આઇએમ) નૉર્મ મેળવનાર ભારતનો સૌથી યુવાન ખેલાડી બન્યો છે. તેણે સ્પેનના મેનોર્કાની એક ટૂર્નામેન્ટના અંતિમ રાઉન્ડમાં ઑસ્ટ્રેલિયાના સૅમ્યૂઅલ અસાકા સામેની ગેમ ડ્રૉ કરીને આ અપ્રતિમ સિદ્ધિ મેળવી હતી.

અસાકા વર્લ્ડ અન્ડર-૨૦ કૅટેગરીનો ભૂતપૂર્વ ચૅમ્પિયન છે અને આરિત કપિલે તેને પ્રથમ રાઉન્ડમાં અને ત્યાર કઝાખસ્તાનના ગ્રૅન્ડમાસ્ટર નૉજરબેક કેઝીબેકને હરાવ્યો હતો.

આરિતની ઉંમર માત્ર ૧૦ વર્ષ અને સાત મહિના છે. તે આઇએમ નૉર્મ મેળવનાર ભારતનો યંગેસ્ટ ચેસ ખેલાડી બન્યો છે.

આરિત કપિલ આટલી નાની ઉંમરે ડી. ગુકેશ, અર્જુન એરિગૈસી અને આર. પ્રજ્ઞાનાનંદની હરોળમાં આવી રહ્યો છે. ડી. ગુકેશ ગયા વર્ષે ૧૯ વર્ષની ઉંમરે વર્લ્ડ ચૅમ્પિયન બન્યો હતો. આરિત કપિલ આગામી વર્ષોમાં અસાધારણ પર્ફોર્મન્સથી ચેસ જગતમાં ધૂમ મચાવશે તો નવાઈ નહીં લાગે. તે ગયા વર્ષે અન્ડર-૧૧ નૅશનલ ચૅમ્પિયનશિપ જીત્યો હતો. ■

## અમેરિકામાં પિકલબૉલની રમતમાં ભારતીય જોડીએ ગોલ્ડ મેડલ જીતી લીધો

નવી દિલ્હી: બૅડમિન્ટનની રમત જેવી કોર્ટ પર ટેબલ ટેનિસ અને ટેનિસની જેમ રૅકેટથી રમાતી પિકલબૉલ નામની રમતમાં ભારતીય સ્પર્ધકોએ અમેરિકાના ફ્લોરિડામાં મોટી સિદ્ધિ મેળવી છે. આદિત્ય સિંહ અને અર્જુન સિંહ નામના ખેલાડીઓની જોડીએ અન્ડર-૧૮ બૉય્સ ડબલ્સમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

ફાઇનલમાં આદિત્ય-અર્જુનની જોડીએ અમેરિકાના રાઇડર બ્રાઉન અને સૉલી મેસિરીની ટૉપ-સીડેડ જોડીને ૧૧-૧, ૧૧-૫ થી પરાસ્ત કરીને સુવર્ણચંદ્રક પર કબજો કરી લીધો હતો.

પિકલબૉલ નામની રમત ભારતમાં ધીમે-ધીમે લોકપ્રિય થઈ રહી છે. કઠણ પ્લાસ્ટિક બૉલથી રમાતી મૅચોમાં ટૅલન્ટ બતાવીને ભારતીય ખેલાડીઓ વિદેશી પ્લેયર્સને પડકારી રહ્યા હોય એવું થોડાં વર્ષોથી બની રહ્યું છે. મુંબઈમાં જન્મેલો આદિત્ય સિંહ ૨૦૨૫માં મેન્સ પિકલબૉલ પ્લેયર ઑફ ધ યર જાહેર કરવામાં આવ્યો હતો. ઇન્ડિયન પિકલબૉલ અસોસિયેશનના પ્રમુખ સૂર્યવીર સિંહ ભુલ્લરે પત્રકારોને કહ્યું હતું કે 'મેં થોડા સમય પહેલા જ કહ્યું હતું અને એ શબ્દો સાચા પડી રહ્યા છે. મેં જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે પિકલબૉલની રમતમાં પ્રભુત્વ જમાવવાની ક્ષમતા ભારતમાં છે.' ■

## મહારાષ્ટ્રમાં લવાતા ૧૬૩ છોકરાને ટ્રેનમાંથી ઉગારાયા

કટની(મધ્ય પ્રદેશ) : મધ્ય પ્રદેશના કટની જિલ્લામાં એક એક્સપ્રેસ ટ્રેનમાં ૧૬૩ સગીર બાળકને બિહારથી મહારાષ્ટ્ર લઈ જવામાં આવતા હતા ત્યારે તેમને બચાવી લેવામાં આવ્યા હતા, એવી માહિતી રેલવે પોલીસે આપી હતી. જોકે આ કેસમાં પકડાયેલા આઠ ઈસમે એવો દાવો કર્યો હતો કે છથી ૧૩ વર્ષની વચ્ચેના બાળકોને શિક્ષણ માટે લાતુર લઈ જવામાં આવ્યા હતા.

શિશુ કલ્યાણ સમિતિએ આપેલી બાતમીના આધારે રેલવે પ્રોટેકશન ફોર્સ (આરપીએફ) અને ગવર્નમેન્ટ રેલવે પોલીસ ( જીઆરપી)એ સંયુક્ત ઑપરેશન કરીને આઠ ઈસમને આંતરી લીધા હતા. આ ઈસમો બાળકોને ટ્રેનમાં ટિકિટ અને દસ્તાવેજો વિના પટણા-પુર્ણ એક્સપ્રેસમાં કટની

(જુઓ પાનું ૨) ▶▶

## ભાજપના સાંસદોને સંસદમાં હાજર રહેવા આદેશ

નવી દિલ્હી: ભાજપે પક્ષના સાંસદો માટે ત્રણ લાઈનનો વિપ જારી કર્યો હતો અને ગુરુવારથી શરૂ થતાં લોકસભાના લંબાવવામાં આવેલા બજેટ સત્ર દરમિયાન એટલે કે ૧૬ થી ૧૮ એપ્રિલ દરમિયાન સંબંધિત ગૃહમાં હાજર રહેવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

મોદી સરકારે ૧૬ થી ૧૮ એપ્રિલ એમ ત્રણ દિવસનાં વિશેષ સત્રનું આયોજન કર્યું છે. આ સત્ર દરમિયાન વિમેન્સ રિઝર્વેશન ઍક્ટના પ્રસ્તાવિત અમેન્ડમેન્ટને વિચારણા અને મંજૂરી માટે રજૂ કરવામાં આવે એવી શક્યતા છે.

કેન્દ્રીય પ્રધાનમંડળે ૮ એપ્રિલ બુધવારે આ ડ્રાફ્ટ બિલને મંજૂરી આપી દીધી હતી. આ બિલમાં વર્ષ ૨૦૨૯ની લોકસભાની ચૂંટણી અગાઉ મહિલા અનામતના અમલ તેમ જ લોકસભાની બેઠકની સંખ્યા વધારીને ૮૧૬ કરવાની અને ૨૭૨ બેઠક મહિલાઓ માટે અનામત રાખવાની માગણી કરવામાં આવી છે.

તમામ સાંસદોને સંદેશ આપતા ભાજપે કહ્યું હતું કે પક્ષના સાંસદો માટે ત્રણ લાઈનનો વિપ જારી કરવામાં આવ્યો છે અને તે મુજબ ગુરુવારથી શરૂ થતાં લોકસભાના લંબાવવામાં આવેલા બજેટ સત્ર દરમિયાન એટલે કે ૧૬ થી ૧૮ એપ્રિલ સાંસદો માટે લોકસભા તેમ જ રાજ્યસભામાં હાજર રહેવું ફરજિયાત છે.

પક્ષના સાંસદને આ વિપનો ચુસ્તપણે અમલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ■

## બિહારમાં અકસ્માતમાં ૧૩નાં મોત

કટિહાર: બિહારના કટિહારમાં શનિવારે બસ અને પિકઅપ ટ્રક વચ્ચે ભીષણ અકસ્માત સર્જાયો હતો. જેમાં ૧૩ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૩૦ લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માત કોઢા પોલીસ સ્ટેશન વિસ્તારના ગેરાબાડી નજીક નેશનલ હાઇવે ૩૧ પર થયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માત એટલો ગંભીર હતો કે પિકઅપ ટ્રકમાં સવાર ૧૩ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. આ તમામ આદિવાસી સમુદાયના હતા અને ઝારખંડથી તેના ઘરે પરત ફરી રહ્યા હતા. કટિહાર પોલીસે જણાવ્યું કે અકસ્માતમાં આશરે ૨૫-૩૦ લોકો ઘાયલ થયા છે. તેમને યોગ્ય સારવાર માટે વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલમાં પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. તેમજ અકસ્માતના કારણોની ભાળ મેળવાઇ રહી છે. બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે જણાવ્યું કે કટિહાર જિલ્લાના કોઢા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સર્જાયેલા ભીષણ માર્ગ અકસ્માતમાં લોકોનાં મોત દુઃખદ છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. મૃતકોના પરીજનોને મુખ્ય પ્રધાન રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે પીએમએનઆરએફમાંથી મૃતકના પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. તેજસ્વી યાદવે આ અકસ્માતના સમાચારને દુઃખદ અને પીડાદાયક ગણાવતાં શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ મૃતકોના આત્માઓને શાંતિ અને શોકગ્રસ્ત પરિવારોને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે. ■

## તૃણમૂલ 'ટુકડે ટુકડે' ગૅંગને ટેકો આપે છે: મોદી

સિલિગુડી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આક્ષેપ કર્યો હતો કે તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી) 'ટુકડે ટુકડે' ગૅંગને ટેકો આપે છે.

ઈશાન ભારતને દેશના અન્ય ભાગથી વિખૂટું પાડી દેવા વ્યૂહાત્મક રીતે મહત્ત્વના ગણાતાં સિલિગુડી કોરિડોરનો નાશ કરવાની 'ટુકડે ટુકડે' ગૅંગે ધમકી આપી હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે તુષ્ટીકરણના રાજકારણને લીધી ટીએમસી આ ગૅંગને રસ્તાથી લઈને સંસદભવન સુધી ટેકો આપી રહી છે. આ ગૅંગ ઈશાન ભારતને દેશના અન્ય તમામ હિસ્સાથી વિખૂટું પાડી દેવા માગે છે.

સિલિગુડીમાં કાવાખાલી ગ્રાઉન્ડ ખાતે એક ચૂંટણી સભાને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે ઈશાન ભારતના પ્રવેશદ્વારની ભૂમિકા ભજવતા આ કોરિડોરને વિકસાવવા કેન્દ્ર સરકાર મોટાપાયે કામ કરી રહી છે. ભાજપની ડબલ એન્જિન સરકારને મત આપવાની લોકોને વિનંતી કરતા મોદીએ કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▶▶

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આશા ભોસલે, પાર્શ્વગાયનના સુવર્ણ યુગનો અંતિમ સ્તંભ તૂટ્યો

**રવિવારે** મહાન પાર્શ્વગાયિકા આશા ભોસલેએ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા એ સાથે જ ભારતીય ફિલ્મ સંગીતનો એક યુગ પૂરો થયો. ૯૨ વર્ષનાં આશાતાઈને હાર્ટ એટેક આવતાં શનિવારે સાંજે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં પણ તેમના પરિવારે ચિંતાનું કોઈ કારણ નહીં હોવાનું કહેલું. આશાતાઈનાં પૌત્રી જનાઈ ભોસલેએ કહેલું કે, આશાજીને થાક અને છાતીમાં તકલીફ છે પણ બહુ જલદી સ્વસ્થ થઈ જશે. કમનસીબે આ વાત સાચી ના પડી અને રવિવારે તેમના નિધનના સમાચાર આવતાં આખા દેશને આંચકો લાગી ગયો.

આશાજીના નિધન સાથે હિંદી ફિલ્મોમાં પાર્શ્વગાયનના સુવર્ણયુગનો છેલ્લો સ્તંભ પણ તૂટી ગયો. મોહમ્મદ રફી, કિશોરકુમાર અને મુકેશ એ ત્રણ મહાન પુરૂષ ગાયકો તો બહુ પહેલાં વિદાય થઈ ગયેલા પણ લતા અને આશા જીવંત હતાં તેથી પાર્શ્વગાયનના સુવર્ણ યુગની યાદો તાજી થયા કરતી. સવા ચાર વરસ પહેલાં ૬ ફેબ્રુઆરી, ૨૦૨૨ના આશાજીનાં મોટાં બહેન અને મહાન ગાયિકા લતા મંગેશકરનું નિધન થતાં આ જોડી ખંડિત થઈ હતી. હવે આશાજીની પણ વિદાય થતાં સંપૂર્ણ શૂન્યાવકાશ થઈ ગયો છે, સંગીતના સુવર્ણયુગનાં તમામ પાત્રો વિદાય થઈ ગયાં છે.

આશા ભોસલેએ હિંદી ફિલ્મ સંગીતમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું. આશા ભોસલેની છાપ મસ્તીભર્યા ડાન્સ નંબર્સ અને કેબરે ટાઈપનાં ગીતો ગાનારાં ગાયિકા તરીકેની છે પણ વાસ્તવમાં આશાજીએ તમામ પ્રકારનાં ગીતો ગાયાં છે. કાજલનાં મેરે ભૈયા મેરે ચંદા, મેરે અનમોલ રતન જેવાં આંખોમાં આંસુ લાવી દે એવાં ગીતોથી માંડીને ઓ નિર્મોહી જેવું ભક્તિભાવપૂર્ણ ગીત પણ આશાજીએ ગાયું છે.

કજરા મોહબ્બતવાલા ગાનારાં આશા ભોસલેએ ગાંધીજી પર રચાયેલું દે દી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ, સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ પણ ગાયું છે ને ઉમરાવજાનની સહરીયારે લખેલી બેનમૂન ગઝલો પણ ગાઈ છે. આશા ભોસલે વધારે જાણીતાં તેમના તીણા અને માદક અવાજમાં ગવાયેલાં ગીતોના કારણે બન્યાં અને ૧૯૬૦ના દાયકાની સાધના, આશા પારેખ, બબિતા વગેરે સ્ટાઈલિશ એક્ટ્રેસીસના અવાજ તરીકે જાણીતાં બન્યાં પણ વાસ્તવમાં નૂતન અને મધુબાલા જેવી અભિનેત્રીઓ માટે પણ આશાજીએ પોતાનો અવાજ આપ્યો છે. નૂતન માટે આશા ભોસલેએ ગાયેલું છોડ દો આંચલ અને મધુબાલા માટે ગાયેલું અચ્છા જી મૈં હારી ચલો માન જાઓ ના ગીતો સાંભળો તો આશા ભોસલેના અવાજના ફેન થઈ જાઓ.

આશા ભોસલેની સફળતામાં ઓ.પી. નય્યર, રવિ અને રાહુલ દેવ બર્મન એ ત્રણ સંગીતકારોનું યોગદાન મોટું છે. નય્યરે ગમે તે કારણસર લતા મંગેશકર પાસે તેમની કારકિર્દીમાં કદી એક પણ ગીત ના ગવડાવ્યું પણ આશા ભોસલે પાસે પુષ્ક ગવડાવ્યું. ગાયકોમાં મોહમ્મદ રફી અને ગાયિકાઓમાં આશા ભોસલે નય્યરના ફેવરિટ હતાં. બલકે નય્યરે જ આશા ભોંસલેને નવી ઓળખ આપી. ૧૯૫૦ના દાયકાની શરૂઆત સુધીમાં લતા મંગેશકર હિન્દી ફિલ્મોમાં શ્રેષ્ઠ ગાયિકા તરીકે સ્થાપિત થઈ ગયાં હતાં જ્યારે આશા ભોસલે સંઘર્ષ કરતાં હતાં.

ગીતા દત્ત અને સમશાદ બેગમની પણ બોલબાલા હતી જ્યારે આશા ભોસલેને રડ્યાંખડ્યાં ગીતો મળતાં. એ વખતે ૧૯૫૨માં નય્યરે છમ છમા છમ ફિલ્મમાં આશા ભોસલે પાસે એક સાથે ૧૦ ગીતો ગવડાવીને મોટો બ્રેક આપેલો. આ ગીતો બ્લોકબસ્ટર નહોતાં પણ આશાના અવાજની તેના કારણે નોંધ લેવાઈ. નય્યરે આશા પાસે ગીતો ગવડાવવાનું ચાલુ રાખ્યું અને ૧૯૫૭માં આશા ભોસલેને જે સફળતાની જરૂર હતી એ નયા દૌરના સંગીતે આપી. ઉડે જબ જબ ઝુલ્ફેં તેરી અને માંગ કે સાથ તુમ્હારા જેવાં ગીતોની લોકપ્રિયતા પછી આશાએ કદી પાછું વળીને જોવું ના પડ્યું. નય્યર માટે ૧૯૬૦નો દાયકો જબરદસ્ત સફળતાનો હતો. આ દરેક ફિલ્મમાં નય્યરે આશાને યાદગાર સોલો અને મોહમ્મદ રફી સાથે ડ્યુએટ્સ આપ્યાં.

રવિએ પણ આશા ભોસલેની સફળતામાં મોટું યોગદાન આપ્યું. રવિએ આશા ભોસલેને પહેલી તક ૧૯૫૫માં વચન ફિલ્મમાં આપી. વચનની લોરી ચંદા મામા દૂર કે.....આશા ભોસલેએ ગાઈ હતી ને આ ગીત અમર થઈ ગયું. વચનમાં ૮ ગીત હતાં ને બધાંમાં આશા ભોસેનો અવાજ હતો. રફી સાથેનું જબ લિયા હાથ મેં હાથ, નિભાના સાથ તો લવર્સનું પ્રતિજ્ઞાપત્ર જ બની ગયેલું ને આજેય છે. રવિ બી.આર. ચોપરાના માનીતા સંગીતકાર હતા ને છેક ૧૯૮૦ના દાયકા સુધી રવિએ ચોપરાની ફિલ્મોમાં સંગીત આપ્યું. ચોપરાની વક્ત, આદમી ઔર ઈન્સાન, ઈત્તેફાક, ધુંધ વગેરે ફિલ્મોમાં આશાએ યાદગાર ગીતો ગાયાં છે.

રાહુલ દેવ બર્મન સાથે આશાએ ૧૯૮૦માં બીજાં લગ્ન કર્યાં એ પહેલાંથી બંનેની જોડી સંગીતની દુનિયામાં ધૂમ મચાવી ચૂકી હતી. નય્યરની જેમ આર.ડી.એ પણ આશા ભોસલેને નવી ઓળખ આપી. આપણે શરૂઆતમાં જ વાત કરી એ આશાની કેબરે ડાન્સનાં ગાયિકા તરીકેની ઓળખ ઊભી કરવામાં પંચમદાનું યોગદાન મોટું છે. પિયા તુ અબ તો આજા (કારવાં), દમ મારો દમ (હરે રામ હરે કૃષ્ણ) અને દુનિયા મેં લોગોં કો ધોખા કભી હો જાતા હૈ (અપના દેશ) એ ત્રણ ગીતોએ આશાજીને આ ઓળખ આપી. આ ત્રણેય ગીત પંચમદાએ કમ્પોઝ કરેલાં. પંચમે આશા પાસે બીજાં પણ ઘણાં સુંદર ગીતો ગવડાવ્યાં પણ લોકોને વધારે યાદ આ ગીતો જ રહ્યાં છે એ હકીકત છે.

આશા ભોસલેની કારકિર્દીના વાત કરીએ ને ખય્યામની વાત ના કરીએ તો ના ચાલે કેમ કે આશાની કારકિર્દીનું સુવર્ણ શિખર ઉમરાવજાન ખય્યામના સંગીતથી મઢેલું છે. ખય્યામ છેક ૧૯૫૦થી આશા પાસે ગીતો ગવડાવતા અને બંનેએ ઘણા લોકપ્રિય ગીતો આપ્યાં પણ ઉમરાવજાનમાં ખય્યામે કમાલ કરી નાંખેલી. સહરીયારની ઈન આંખો કી મસ્તી કે, યે ક્યા જગા હૈ દોસ્તોં, દિલ ચીઝ ક્યા હૈ આપ મેરી જાન લિજિયે, જુસ્તજુ જિસ કી થી ઉસ કો તો ના પાયા હમ ને અને જબ ભી મિલતી હૈ મુઝે અજનબી લગતી ક્યોં હૈ એ પાંચ ગઝલોએ આશા ભોસલેને કાકકિર્દીમાં કદી ના મળી હોય એવી પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા અપાવી દીધી. લતા મંગેશકરના પડછાયામાં રહેલાં આશા ભોસલેને લતા મંગેશકરની હારોહાર લાવીને ઉભાં કરી દીધાં.

સંચિનદેવ બર્મન, ભપ્પી લાહિરી, એ.આર. રહેમાન, શંકર જયકિશન, જયદેવ વગેરે સંગીતકારોએ પણ આશા ભોસલેના અવાજનો બખૂબી ઉપયોગ કરીને યાદગાર ગીતો સર્જ્યાં. આ ગીતોની સંખ્યા એટલી બધી છે કે એક લેખમાં તેનો ઉલ્લેખ પણ શક્ય નથી પણ આ ગીતો સાંભળશો તો આશાજી કેવાં મહાન ગાયિકા હતાં તેનો અંદાજ ચોક્કસ આવશે. આશાજી નથી રહ્યાં પણ તેમનો અવાજ આપણી સાથે છે, તેમનાં ગીતો આપણી સાથે છે તેથી આપણે કદી તેમને ભૂલી શકવાના તો નથી જ.

પ્રભુ તેમના આત્માને શાંતિ આપે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, સોમવાર, તા. ૧૩–૪–૨૦૨૬,
વરુથિની એકાદશી, વલ્લભાચાર્ય જયંતી

- ભારતીય દિનાંક ૨૩, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર વદ –૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ વદ–૧૧
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૬મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઘનિષ્ઠા સાંજે ક. ૧૬–૦૩ સુધી, પછી શતભિષા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૯–૦૦, રાત્રે ક. ૨૧–૨૬
- ઓટઃ બપોરે ક. ૧૪–૫૫, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૪૬ (તા. ૧૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – એકાદશી. વરુથિની એકાદશી (સકરટેટી), વલ્લભાચાર્ય જયંતી, પંચક, ભદ્રા સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૫–૧૬.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ચંદ્ર –મંગળ ગ્રહદેવતાનું પૂજન, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ–અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા–કળશ પતાકા ચઢાવવી, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશગમનનું પસ્તાનું, નવા વસ્રો, આભૂષણ, વાહનસવારી, રત્નધારણ, વિદ્યારંભ, દુકાન–વેપાર, દેવદર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, બી વાવવું, ખેતીવાડી, હજામત, વૃક્ષ રોપવા, નવી તિજોરીની સ્થાપના, પશુ લે–વેંચ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, ખીજડીનું વૃક્ષ વાવવું,
- આચમનઃ મંગળ–નેપ્ચૂન યુતિ મિથ્યાભિમાની, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના, ચંદ્ર–રાહુ યુતિ અતિશય વિચારો કરનાર.
- ખગોળ જ્યોતિષઃ મંગળ–નેપ્ચૂન યુતિ, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર–રાહુ યુતિ (તા. ૧૪). બુધ ઉત્તરા ભાદ્રપદા પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય–મીન, મંગળ–મીન (મંગળ દેખાશે) માર્ગી બુધ–મીન (બુધ દેખાશે), માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન (શનિ અસ્ત) રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપચ્યૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### સૂર સમ્રાજ્ઞી

કરતાં વધારે ગીતોનું રેકોર્ડિંગ કર્યું હતું. તેમની ભવ્ય કારકિર્દી આઠ દાયકા કરતાં પણ વધુ લાંબી રહી હતી.

વર્ષ ૨૦૦૬માં આશા ભોસલેએ જાતે જ કહ્યું હતું કે મેં રેકોર્ડ કરેલાં ગીતોની સંખ્યા ૧૨,૦૦૦નાં આંકને પાર કરી ગઈ છે. વિશ્વનો કોઈ ગાયક આ આંકડાની નજીક પણ નથી પહોંચી શક્યો. આશા ભોસલેએ હિન્દી, મરાઠી, બંગાળી, ગુજરાતી, પંજાબી, તમિળ, તેલુગુ, મલયાલમ, ઉર્દુ અને કન્નડા સહિત અનેક ભારતીય ભાષાઓમાં ગીત ગાયાં હતાં. ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકર્ડ્સે વર્ષ ૨૦૧૧માં આશા ભોસલેને સંગીતનાં ઈતિહાસમાં સૌથી વધુ ગીતોનું રેકોર્ડિંગ કરનાર કલાકાર તરીકે સત્તાવાર રીતે માન્યતા આપી હતી. આ ટાઈટલ માત્ર ભારતીય સંગીતને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને લાગુ પડે છે. બોલીવુડની સૌથી બહુમુખી ગાયિકાઓમાંનાં એક આશા ભોસલેએ આઠ દાયકાની તેમની ભવ્ય કારકિર્દીમાં ‘ચુરા લિયા હૈ તુમને જો દિલ કો’, ‘દમ મારો દમ’, ‘પિયા તૂ અબ તો આજા’, ‘યે મેરા દિલ યાર કા દિવાના’ જેવાં સદાબહાર ગીતો ગાયાં હતાં.

આશા ભોસલેનો જન્મ ૮ સપ્ટેમ્બર, ૧૯૩૫માં મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં થયો હતો.

### રસમધૂરાં ગુજરાતી

હોઠ પર જીવંત છે. ‘છાનું રે છપનું કંઈ થાય નહીં’ અને ‘પાટણથી પટોળાં મોંઘાં લાવજો છેલાજી રે’ જેવાં ગીતો આજે પણ લગ્નપ્રસંગો અને ઉત્સવોની શાન છે. તો બીજી તરફ ‘માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો’ અને ‘મોરી ગાગરડીની કોર’ જેવા ગીતોમાં રહેલી ભક્તિ અને ભાવે લોકોને મંત્રમુગ્ધ કરી દે છે. આ ગીતો સાબિત કરે છે કે આશાજીએ ગુજરાતી શબ્દોના લય અને ભાવને કેટલી ઊંડાણથી આત્મસાત કર્યા હતા. ભક્તિગીતમાં તેમનું સૌથી જાણીતું ભજન ‘માડી તારું કંકુ ખર્યું ને, સૂરજ ઊગ્યો’ એ આજે પણ લોકહૈયે વસેલું છે.

ગરબાની રમઝટ બોલાવી હોય કે, ગઝલ હોય પદ્મવિભૂષણ આશાજી તમામ કૃતિઓને સંપૂર્ણ ન્યાય આપી શકતા હતા. ‘સોના વાટકડી રે’ અને ‘ઘોર અંધારી રે રાતલડીમાં’ જેવા ગરબા આજે પણ નવરાત્રીમાં ગવાય છે. તેની સામે ‘રાત ને મેં બાંધી છે બાહુથી’ અને ’બાવરી બાવરી વિભાવરી’ જેવી રચનાઓમાં તેમણે જે શાસ્ત્રીય અને સુગમ સંગીતનો સંગમ સાધ્યો છે, તે તેમની મહાનતાની સાક્ષી પૂરે છે.

આશા ભોસલેના આ ગીતો માત્ર મનોરંજન નથી, પરંતુ ગુજરાતી સંસ્કૃતિનો એક અભિન્ન હિસ્સો છે. ‘રામ તમે સીતાજીને તોલે ન આવો’ જેવી ભજનરૂપી રચનાઓ આજે પણ ઘરોમાં સંભળાય છે. આશાજી આજે આપણી વચ્ચે નથી રહ્યાં પરંતુ, તેમના અવાજમાં સચવાયેલું આ ગુજરાતી સંગીત પેઢીઓ સુધી ગુંજતું રહેશે. આશાજીનો અવાજ દરેક ગુજરાતીના હૃદયમાં હંમેશા જીવંત રહેશે.

### આશાજીના અમર ગુજરાતી ગીતો

‘માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો ...’
‘પાટણથી પટોળા મોંઘા લાવજો છેલજી રે ...’
‘છાનું રે છપનું કંઈ થાય નહીં ...’
‘સોના વાટકડી રે કેશર ઘોળ્યા ...’
‘મનગમતો મારો મેળો રે...’
‘ઘોર અંધારી રે રાતલડીમાં ...’
‘રાત ને મેં બાંધી છે બાહુથી ...’
‘સોનાની રુપાની થાળી ...’
‘મોરી ગાગરડીની કોર ...’
‘રામ તમે સીતાજીને તોલે ન આવો ...’
‘બાવરી બાવરી વિભાવરી ...’
‘ઊંચી તલાવડીની કોર ...’
‘પંખીડાને આ પિંજરું ...’
‘કાના તને નહિ વરું રે ...’
‘તારી આંખનો અફીણી ...’ ■

### તૃણમૂલ

બંગાળ બમણી ઝડપે વિકાસને નિહાળશે.

ટીએમસીએ ૧૫ વર્ષના શાસનકાળમાં રાજ્યનો વિનાશ કર્યો હોવા ઉપરાંત કેન્દ્રીય યોજનાઓનો અમલ અટકાવી દીધો હોવાનો આક્ષેપ કરતાં મોદીએ કહ્યું હતું કે આ કારણે જ રાજ્યમાં માત્ર પચીસ ટકા કામ જ પૂરું થઈ શક્યાં છે.

મોદીએ દાવો કર્યો હતો કે ટીએમસી સરકારે મદરેસાઓના વિકાસ માટે રૂ. ૬,૦૦૦ કરોડનું અને સંપૂર્ણ ઉત્તર બંગાળ માટે અપૂરતું ભંડોળ ફાળવ્યું છે.

ટીએમસી ઍન્ટી-ટ્રાઈબલ, ઍન્ટી વુમન અને ઍન્ટી-યુથ પાર્ટી છે એવો આક્ષેપ તેમણે કર્યો હતો.

સિલિગુડી ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં ૨૩ અને બીજા તબક્કામાં ૨૯ એપ્રિલે મતદાન થશે. ચાર મેએ પરિણામ જાહેર કરવામાં આવશે. (એજન્સી)

### મૅરથનમાં

તે સૌથી પહેલાં ૨૦૨૩ની હાફ મૅરથન જીતીને પ્રકાશમાં આવ્યો હતો. ત્યારે તેણે દુબઈમાં એશિયન હાફ મૅરથન ચૅમ્પિયનશિપમાં બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો. તેણે અગાઉ ૩,૦૦૦ તેમ જ ૫,૦૦૦ અને ૧૦,૦૦૦ મીટરની રેસમાં પણ ચંદ્રકો જીત્યા હતા.

### મહારાષ્ટ્રમાં લવાતા

રેલવે સ્ટેશનથી બેસાડ્યા હતા.

પ્રાથમિક માહિતી પ્રમાણે બાળકોને અરરિયા રિજનમાંથી મહારાષ્ટ્રના લાતુરમાં લઈ જવામાં આવી રહ્યા હતા, એવી માહિતી ઈન્સ્પેક્ટર વિરેન્દ્ર સિંહે આપી હતી. આ બાળકોને શ્રમીક તરીક કામ કરાવવા લાતુર લઈ જવામાં આવતા હતા. (એજન્સી)

### ગુજરાતભરમાં

રહ્યા હતા, જ્યારે મોટાભાગનાં શહેરોમાં લઘુતમ તાપમાન ૨૧થી ૨૩ ડિગ્રી વચ્ચે રહ્યું હતું.

શહેરોમાં વાહનોના ધુમાડા, ગીચતા અને પ્રદૂષણને લીધે ગરમીનો અનુભવ વધારે થતો હોય છે. અમદાવાદમાં બપોરે અત્યંત ગરમ લૂ લાગતી હતી. હજુ શહેરમાં બે ત્રણ દિવસ આકરા તાપ અને લૂની આગાહી છે જ્યારે રાજ્યભરમાં ૧૧થી ૧૭ એપ્રિલ સુધી વાતાવરણમાં ગરમી અને ભેજનું પ્રમાણ રહેશે તેમ હવામાન ખાતાએ જણાવ્યું હતું.

### દિલ માત્ર

દાતાનું હૃદય કાઢીને દિલ્હી ટ્રાન્સપ્લાન્ટેશન માટે મોકલવામાં આવ્યું હતું. આ દિલનું પ્રત્યારોપણ ૨૬ વર્ષના દર્દીમાં કરવામાં આવ્યું હતું. હાલમાં આ દર્દી આઈસીયુમાં નિરિક્ષણ હેઠળ છે.

દાતા બેભાન સ્થિતિમાં મળી આવ્યો હતો અને તેને રોહતકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેને હેમરેજ થતા તે બ્રેઈન ડેડ સ્થિતિમાં હતો. તેના કુટુંબે અંગનું દાન કરવાની સંમતી આપી હીત. તેના ફેફસા ગુરુગ્રામની હૉસ્પિટલમાં તથા લિવર (યકૃત) અને પેન્ક્રીયાસ (સ્વાદુપિંડ) દિલ્હીની એઈમ્સ હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યાં હતાં. કિડની અને કોર્નિયા (આંખનો પડદો) રોહતકની હૉસ્પિટલમાં રાખવામાં આવ્યાં છે. (એજન્સી) ■

### અમેરિકા અને ઈરાન

વધુ ખરાબ છે. તેથી અમે કોઈ કરાર વિના અમેરિકા પાછા ફરી રહ્યા છીએ. તેઓએ અમારી શરતો ન સ્વીકારવાનો નિર્ણય લીધો છે.’’

જે. ડી. વેન્સે વધુમાં જણાવ્યું હતું કે વાટાઘાટોમાં કોઈપણ ખામીઓ પાકિસ્તાનને કારણે નહોતી. પાકિસ્તાને શાનદાર કામ કર્યું અને ખરેખર અમારી અને ઈરાનીઓ વચ્ચેના અંતરને દૂર કરવા અને અમને કરાર સુધી પહોંચવામાં મદદ કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો.

અમે છેલ્લા ૨૧ કલાકથી આ પ્રક્રિયામાં રોકાયેલા છીએ અને ઈરાનીઓ સાથે અનેક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી છે. પરંતુ ખરાબ સમાચાર એ છે કે અમે કોઈ કરાર પર પહોંચી શક્યા નથી. તેમણે વધુમાં કહ્યું હતું કે, ‘‘મારું માનવું છે કે આ સમાચાર ઈરાન માટે અમેરિકા કરતાં ઘણા ખરાબ છે. તેથી અમે કોઈ કરાર વિના અમેરિકા પાછા ફરી રહ્યા છીએ. તેમણે અમારી શરતો ન સ્વીકારવાનો નિર્ણય લીધો છે.’’

જે. ડી. વેન્સે કરારની નિષ્ફળતા માટે ઈરાન દ્વારા પરમાણુ શસ્ત્રો સંબંધિત ફરજિયાત શરતોનું પાલન કરવાનો ઇનકારને જવાબદાર ઠેરવ્યું છે. જ્યારે ઈરાને અમેરિકા પર ગેરવાજબી અને વાહિયાત માગણીઓ લાદવાનો આરોપ લગાવ્યો છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ કહ્યું હતું કે મુખ્ય વિવાદ પરમાણુ શસ્ત્રો પર હતો.

તેમણે કહ્યું હતું કે ‘‘આપણે એક સકારાત્મક પ્રતિબદ્ધતા જોવાની જરૂર છે કે તેઓ પરમાણુ શસ્ત્રો હાંસલ કરવાનો પ્રયાસ કરશે નહીં અથવા એવા ઉપકરણો હાંસલ કરવાનો પ્રયાસ કરશે નહીં જેની મદદથી જલદીથી પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરી શકાય. આ અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પનું પણ લક્ષ્ય છે અને તેઓ વાટાઘાટો દ્વારા આ જ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.’’

બીજી તરફ ઈરાનની અર્ધ-સરકારી સમાચાર એજન્સી ‘મેહર’ એ ‘એક્સ’ પર જણાવ્યું હતું કે ઈરાની પ્રતિનિધિમંડળ અનેક રાઉન્ડની વાટાઘાટો પછી પાકિસ્તાન છોડીને ચાલ્યું ગયું છે. અમેરિકાની વધુ પડતી માગણીઓને કારણે ઈસ્લામાબાદ વાટાઘાટો નિષ્ફળ ગઈ છે. જોકે, ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બાકાઈએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ‘‘રાજદ્વારી નીતિ ક્યારેય સમાપ્ત થતી નથી.’’

ઈરાની પ્રતિનિધિમંડળ શુક્રવારે રાત્રે ઇસ્લામાબાદ પહોંચ્યું હતું જ્યારે યુએસ પ્રતિનિધિમંડળ શનિવારે વહેલી સવારે પહોંચ્યું હતું.

સત્તાવાર સૂત્રોએ રવિવારે જણાવ્યું હતું કે ઈરાન-અમેરિકન શાંતિ વાટાઘાટો પહેલા પરોક્ષ રીતે પાકિસ્તાન દ્વારા અને પછી બંને પક્ષો વચ્ચે સીધી વાટાઘાટો દ્વારા પૂર્ણ કરવામાં આવી હતી.

**૨૧ કલાકની બેઠકમાં ‘હોટલાઈન’થી જોડાયા હતા ટ્રમ્પઃ** ઈસ્લામાબાદઃ ઈસ્લામાબાદમાં ઈરાન અને અમેરિકા વચ્ચે ૨૧ કલાક ચાલેલી બેઠકમાં કોઈ ઔપચારિક કરાર વિના નિષ્ફળ રહી હતી.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ખુલાસો કર્યો હતો કે તેઓ સમગ્ર વાટાઘાટો દરમિયાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ‘હોટલાઈન’ મારફતે સતત સંપર્કમાં હતા અને બંનેએ ડઝનેક વખત ફોન પર ચર્ચા કરી હતી.

મીડિયા સાથેની વાતચીતમાં જેડી વેન્સે જણાવ્યું હતું કે તેમણે ૨૧ કલાકની બેઠક દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ સાથે અનેક વખત વાતચીત કરી હતી. મને ખબર નથી કે અમે કેટલી વાર વાત કરી, કદાચ અડધો ડઝન અથવા એક ડઝનથી વધુ. અમે રાષ્ટ્રપતિ સાથે સતત સંપર્કમાં હતા.

વેન્સ માત્ર ટ્રમ્પ સાથે જ નહીં, પરંતુ યુદ્ધ સચિવ પીટ હેગસેથ, વિદેશ મંત્રી માર્કો રુબિયો, ટ્રેઝરી સચિવ સ્કોટ બેસન્ટ અને એડમિરલ બ્રેડ કૂપર સાથે પણ રાજદ્વારી સંકલનનું સતત સંકલન કરી રહ્યા હતા. ■

### અમેરિકા હોર્મુઝ ખાડીમાં

પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા બે ઓઈલ ટેન્કરોએ છેલ્લી ઘડીએ પરત ફરવું પડ્યું હતું. ઇસ્લામાબાદ વાટાઘાટોની નિષ્ફળતાની અસર હવે સમુદ્રમાં પણ જોવા મળી રહી છે. રવિવારે હોર્મુઝ સ્ટ્રેટમાં પ્રવેશવા જતાં બે મોટાં ઓઇલ ટેન્કરોએ છેલ્લી ઘડીએ યુ-ટર્ન લીધો અને પરત ફર્યા હતા. શિપ-ટ્રેકિંગ ડેટા અનુસાર, ત્રણ મોટાં ખાલી ઓઈલ ટેન્કર ઓમાનના અખાતથી હોર્મુઝ સ્ટ્રેટ તરફ જઈ રહ્યાં હતાં. આ બધા જહાજો પર્સિયન ગલ્ફમાં પ્રવેશવાનાં હતાં અને શરૂઆતમાં તેમને ઈરાન તરફથી પરવાનગી મળી હતી. જોકે, જેમ જેમ તેઓ ઈરાનના લારાક ટાપુની નજીક પહોંચ્યાં ત્યારે પરિસ્થિતિ અચાનક બદલાઈ ગઈ હતી.

ટ્રેકિંગ ડેટા પરથી જાણવા મળે છે કે શનિવારે મોડી રાત્રે ત્રણ મોટાં ક્રૂડ ઓઇલ કેરિયર્સ ઓમાનના અખાતથી સાંકડા હોર્મુઝ સ્ટ્રેટ તરફ આગળ વધી રહ્યાં હતાં. રવિવારે સવારે ઈરાનના લારાક ટાપુ નજીક પહોંચ્યા પછી બે જહાજો પરત ફર્યાં હતાં. જેમાં ઈરાક જનારા એજીઓસ ફેનોરિયોસ જે ગ્રીસના પૂર્વીય ભૂમધ્ય સમુદ્રી સત્તામંડળ દ્વારા સંચાલિત છે અને યુએઈમાં દાસ ટાપુ તરફ જઈ રહેલું પાકિસ્તાન નેશનલ શિપિંગ કોર્પોરેશનની માલિકી ધરાવતું શાલામાર ઓઈલ ટેન્કર પરત ફર્યું હતું.

જોકે, ત્રીજું ટેન્કર મોબાસા-બી આગળ વધતું રહ્યું અને ઈરાન તરફથી મંજૂરી મળ્યા બાદ પર્સિયન ગલ્ફમાં પ્રવેશ્યું હતું. જહાજોના યુ-ટર્નનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ એવી અટકળો છે કે વાટાઘાટો નિષ્ફળ ગયા પછી દરિયાઈ વેપાર માટે સુરક્ષા જોખમો ઝડપથી વધી ગયા છે, જેના કારણે કંપનીઓને છેલ્લી ઘડીએ ફેરફારો કરવાની ફરજ પડી છે. શક્ય છે કે ઈરાને પોતે જ જહાજોને પરત મોકલ્યાં હોય.

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ તેલ માર્ગોમાંનો એક છે, જે વૈશ્વિક તેલ અને ગેસ પુરવઠાનો આશરે ૨૦ ટકા હિસ્સો અહીંથી પસાર થાય છે. અમેરિકા-ઇઝરાયલ હુમલાઓ બાદ ઈરાને દરિયામાં લેન્ડમાઈન બિછાવી દીધી હતી અને દરિયાઈ માર્ગો પર કડક નિયંત્રણ મેળવ્યું હતું. યુદ્ધવિરામ બાદ ઈરાને ગ્રીન ઝોન બનાવીને માર્ગ ખોલ્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે રવિવારે ઈરાન વિરુદ્ધ અમેરિકાની સૈન્ય સફળતા પર ભાર મૂકતા દાવો કર્યો હતો કે તહેરાનની નેવી, રડાર અને વાયુસેના સંપૂર્ણપણે નાશ પામી છે અને તેના ઘણા મુખ્ય નેતાઓ માર્યા ગયા છે. ટ્રમ્પે કહ્યું કે તેમની પાસે હવે નૌકાદળ, રડાર અથવા વાયુસેના નથી. તેમના ઘણા નેતાઓ માર્યા ગયા છે. તેઓએ ઘણાં વર્ષો સુધી શાસન કર્યું અને હવે તેઓ ગયા છે.

ટ્રમ્પે આ નિવેદન એવા રિપોર્ટના જવાબમાં આપ્યું હતું જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચીન ઈરાનને શસ્ત્રો મોકલવાની તૈયારી કરી રહ્યું છે. તેમણે સ્પષ્ટપણે ચેતવણી આપી હતી કે જો ચીન આમ કરશે તો ચીનને મોટી સમસ્યાઓનો સામનો કરવો પડશે.

દરમિયાન અમેરિકન ગુપ્તચર સૂત્રોએ જણાવ્યું હતું કે ચીન આગામી અઠવાડિયામાં ઈરાનને નવી એર ડિફેન્સ સિસ્ટમ આપવાની તૈયારી કરી રહ્યું છે. ચીનના આ નવા પગલાની જાણ થતાં રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી હતી. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે જો ચીને આવું કંઈ કર્યું, તો તેને ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે.

અમેરિકન ગુપ્તચર અધિકારીઓએ ઈરાનને ગુપ્ત સહાય પૂરી પાડવાના ચીનના દાવાની પુષ્ટિ કરી છે. ઈરાનને નવી ડિફેન્સ સિસ્ટમ આપવાથી પરેશાન ટ્રમ્પ આવતા મહિનાની શરૂઆતમાં ચીનની મુલાકાત લેવાના છે. ■

### “ઈરાન શરણે


ઈરાન પર શરત મૂકવામાં આવી હતી કે એ વાતની ગેરન્ટી આપે કે તે ભવિષ્યમાં પરમાણુ શસ્ત્રો વિકસાવવા માટે ક્યારેય કોઈ પગલાં લેશે નહીં. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આ એક એવો મુદ્દો છે જેના પર અમેરિકા સમાધાન કરી શકે નહીં. જોકે, ઈરાને આ શરત સ્વીકારી ન હતી, જેના કારણે શાંતિ વાટાઘાટો આગળના તબક્કામાં આગળ વધી નહીં. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિની પ્રેસ કોન્ફરન્સ બાદ ઈરાને પણ એક નિવેદન બહાર પાડ્યું છે. ઈરાને દાવો કર્યો છે કે અમેરિકા વાટાઘાટોમાંથી ખસી જવા માટે બહાનું શોધી રહ્યું હતું. અમેરિકાની કેટલીક શરતોને કારણે શાંતિ વાટાઘાટો નિષ્ફળ ગઈ છે. વધુમાં, તહેરાનનો પણ દાવો છે કે ઇરાન દ્વારા ફક્ત ચાર શરતો મૂકવામાં આવી હતી, જે અમેરિકાએ સ્વીકારી ન હતી.

આઈઆરજીસીએ જણાવ્યું હતું કે તે કોઈપણ શરણાગતિ શરતો સ્વીકારતું નથી. ઈરાની લશ્કરી પ્રવક્તા ઈબ્રાહિમ ઝુલ્ફીકારીએ કહ્યું, ‘‘અમેરિકા સાથેની અમારી વાટાઘાટો નિષ્ફળ ગઈ છે. અમે કોઈપણ શરણાગતિ શરતો સ્વીકારતા નથી. અમે અમારી કોઈપણ શરતો સાથે સમાધાન કરીશું નહીં.’’ ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બઘઇએ જણાવ્યું હતું કે ત્રણ મુદ્દાઓ પર સહમતિ ન હોવાને કારણે વાટાઘાટો નિષ્ફળ ગઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે રાજદ્વારી ક્યારેય સમાપ્ત થતી નથી, પછી ભલે તે શાંતિકાળમાં હોય કે યુદ્ધકાળમાં.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સે પણ વાટાઘાટો પછી કોઈ પરિણામો ન આવતા ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ‘‘ખરાબ સમાચાર એ છે કે અમે કોઈ કરાર પર પહોંચી શક્યા નથી. મારું માનવું છે કે આ સમાચાર ઈરાન માટે અમેરિકા કરતાં વધુ ખરાબ છે. તેથી અમે કોઈ કરાર વિના અમેરિકા પાછા ફરી રહ્યા છીએ. તેઓએ અમારી શરતો સ્વીકારવાનો નિર્ણય લીધો છે.’’

**ઈસ્લામાબાદમાં અમેરિકા સાથેની શાંતિ મંત્રણા કેમ રહી નિષ્ફળ? ઈરાને આપ્યાં કારણોઃ** ઈરાન અને અમેરિકા વચ્ચેની શાંતિ મંત્રણા નિષ્ફળ રહ્યા બાદ ઈરાને પણ નિવેદન આપ્યું છે. પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં ૨૨ કલાકથી વધુ સમય સુધી ચાલેલી મેરેથોન વાટાઘાટો કોઈ નક્કર પરિણામ વિના સમાપ્ત થઈ ગઈ હતી. વાટાઘાટો નિષ્ફળ ગયા પછી તરત જ ઈરાનના ટોચના વાટાઘાટકાર અને સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘેર ગાલિબાફે નિષ્ફળતા માટે અમેરિકાને જવાબદાર ગણાવ્યું હતું.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘‘એક્સ’’ પર પોસ્ટ્સમાં ગાલિબાફે એક પછી એક અનેક પોસ્ટ કરીને જણાવ્યું હતું કે ઈરાની પ્રતિનિધિમંડળે વાટાઘાટો દરમિયાન ઘણી ભવિષ્યલક્ષી અને સકારાત્મક પહેલ રજૂ કરી હતી, પરંતુ અમેરિકાનો પક્ષ ઈરાનનો વિશ્વાસ જીતવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો હતો. ગાલિબાફે જણાવ્યું હતું કે હવે અમેરિકાએ નક્કી કરવાનું છે કે તે ઈરાનનો વિશ્વાસ જીતવા માગે છે કે નહીં. ઈરાની નેતાએ વાટાઘાટો શરૂ થાય તે પહેલાં જ પોતાના ઇરાદા સ્પષ્ટ કરી દીધા હતા. તેમણે જણાવ્યું હતું કે ઈરાન મજબૂત ઇરાદા અને ઇચ્છાશક્તિ સાથે વાતચીત કરવા તૈયાર થયું હતુ. પરંતુ છેલ્લા બે યુદ્ધોના કડવા અનુભવોએ ઈરાનમાં અમેરિકા પ્રત્યે ઊંડો અવિશ્વાસ પેદા કર્યો છે. ગાલિબાફના મતે, અમેરિકાના શબ્દો અને કાર્યોમાં તફાવત આ નિષ્ફળતાનું મુખ્ય કારણ હતું. જોકે ગાલિબાફે પોતાની પોસ્ટમાં શાંતિ મંત્રણાઓ વિશે વિગતવાર માહિતી આપી ન હતી, પરંતુ ઈરાની રાજ્ય મીડિયાએ નિષ્ફળતાનાં બે મુખ્ય કારણો જણાવ્યાં હતાં. પ્રથમ ઈરાનના પરમાણુ કાર્યક્રમની મર્યાદા અને દેખરેખ અંગે બંને દેશો વચ્ચે ઊંડો મતભેદ રહેલો છે. વધુમાં બંને પક્ષો વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટ મારફતે પરિવહન અંગે કોઈ કરાર પર પહોંચવામાં નિષ્ફળ ગયા હતા. ■


ARKTRAVELGROUP
Since 1981.
DREAM CRUISES
Ready For The First-Ever
Bhajan Jamming At Sea ?
Exclusively on Genting Dream
The Divine Voyage
Foam Party & DJ Night Included
Departure Ex Singapore
3N
INR 38,999 /-
Departure Dates:
26th May & 9th June 2026
*Port Charges & Gratuity Apply
*T&C Apply
Limited Edition Sailing

# હાઈવે પર પૂરપાટ વેગે આવેલી લોરીએ અડફેટમાં લેતાં શિક્ષિકાનું મૃત્યુ

પાલઘર: પાલઘર જિલ્લામાં મુંબઈ-અમદાવાદ હાઇવે પર પૂરપાટ વેગે આવેલી લોરીએ અડફેટમાં લેતાં ૪૦ વર્ષની શિક્ષિકાનું મૃત્યુ થયું હતું.

વિરાર વિસ્તારમાં શનિવારે સવારે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલી શિક્ષિકાની ઓળખ સ્વીડલ ગોમ્સ તરીકે થઇ હતી, જે વસઇ વિસ્તારમાં રહેતી હતી.

સ્વીડલ ગોમ્સ શનિવારે સવારે તિલ્હેર ખાતેની જિલ્લા પરિષદની સ્કૂલ જવા માટે નીકળી હતી અને તે બસ સ્ટોપ પર જવા માટે શિરસાડ નાકા ખાતે માર્ગ ઓળંગી રહી હતી ત્યારે પાછળથી આવેલી લોરીએ તેને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી ગોમ્સનું ઘટનાસ્થળે મોત થયું હતું. અકસ્માત બાદ લોરીનો ડ્રાઇવર ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો.

દરમિયાન અકસ્માતની જાણ થતાં માંડવી પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ગોમ્સના મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલાયો હતો.

પોલીસે આ પ્રકરણે લોરીના ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને તેની શોધખોળ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# હૉટેલમાં મહિલા ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી

થાણે: થાણે જિલ્લાના અંબરનાથ વિસ્તારમાંની હોટેલમાં ૨૬ વર્ષની મહિલા ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હોઇ મહિલાએ આત્મહત્યા કરી કે તેની હત્યા કરવામાં આવી તેની તપાસ કરવામાં આવી રહી છે.

અંબરનાથની હોટેલમાં મહિલા રોકાવા માટે આવી હતી અને શુક્રવારે રાતે હોટેલની રૂમમાં તે પંખા સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી હતી.

હોટેલના કર્મચારીઓએ બનાવની જાણ અંબરનાથ પોલીસને કરી હતી, જેને પગલે અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. મહિલાના મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) રોહિત મિશ્રા | ૧,૨૦,૦૦૦ |
| ૨) મોમાતા જાના | ૧,૦૦,૦૦૦ |
| ૩) દરસિયા બેગમ | ૮૦,૦૦૦ |
| ૪) આશિષ પ્રામાણિક | ૧,૦૦,૦૦૦ |
| ૫) પ્રાણબ ઘોષ | ૧,૫૦,૦૦૦ |
| ૬) કોસોન્યા | ૩,૯૬,૦૦૦ |
| ૭) બરિસ્તા | ૮૦,૦૦૦ |
| ૮) રથન | ૩૦,૦૦૦ |
| ૯) અશોક | ૧,૫૦,૦૦૦ |
| ૧૦) પ્રતિભા ઉપાધ્યાય | ૭૦,૦૦૦ |
| ૧૧) અતુલ બર્મન | ૪,૦૦,૦૦૦ |
| ૧૨) ઈસહાક સરકાર | ૧,૦૦,૦૦૦ |
| ૧૩) સીમા દેવી | ૪૦,૦૦૦ |
| ૧૪) ભારત સરકાર | ૧,૦૦,૦૦૦ |
| ૧૫) સુશાનતા ભોવાલ | ૨,૦૦૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે | |
| ૧૬) સંદીપ બાલક્રિષ્ન | ૧૧,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | |
| ૧૭) આદિત્ય રામ | ૪,૫૦,૦૦૦ |
| ૧૮) વંદના હર્ષલ | ૨૭,૦૦,૦૦૦ |
| ૧૯) યોગબન | ૧,૦૦,૦૦૦ |
| ૨૦) સર્શક મૌનાથ | ૩,૫૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# ઘાટકોપરમાં નજીવી બાબતે થયેલા વિવાદમાં હૉટેલનો સ્ટાફ અને ગ્રાહકો વચ્ચે મારામારી

મુંબઈ: ઘાટકોપરમાં ખીમા પાંઉ અને તેના બિલ પરથી થયેલા વિવાદમાં હોટેલનો સ્ટાફ અને ગ્રાહકો વચ્ચે મારામારી થઇ હતી. આ ઘટના બાદ ઘાટકોપર પોલીસે હોટેલના મેનેજર સહિત ૧૪ જણ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ આદરી હતી.

એફઆઇઆર અનુસાર આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર ચાંગદેવ નારાયણ ડાંગરે ૯ એપ્રિલે રાતે પેટ્રોલિંગ પર હતો ત્યારે મોડી રાતે ૧.૫૦ વાગ્યાની આસપાસ એલ.બી.એસ. રોડ પર આવેલી એક હોટેલમાં ઝઘડો ચાલી રહ્યો હોવાની માહિતી તેને મળી હતી. પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી, જ્યાં ૧૪થી ૧૫ લોકો વચ્ચે વિવાદ બાદ મારામારી થઇ રહી હોવાનું જોવા મળ્યું હતું. હોટેલનો સ્ટાફ અને ગ્રાહકો વચ્ચે વિવાદ થયો હતો.

પોલીસે મધ્યસ્થી કરીને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી અને સંબંધિત લોકોને તાબામાં લીધા બાદ તેમને પોલીસ સ્ટેશનમા લઇ જવાયા હતા. પોલીસે તપાસ દરમિયાન ઘટનામાં સંડોવાયેલા ઉલ્હાસ વૈરાટ સહિત ચાર ગ્રાહકને ઓળખી કાઢ્યા હતા, જ્યારે હોટેલ તરફથી મેનેજર, કાઉન્ટર સ્ટાફ, પાંચ વેઇટર અને ત્રણ હેલ્પરનો સમાવેશ હતો, જે તમામ પરિસરમાં ઝઘડા વખતે હાજર હતા.

ગ્રાહકો અને હોટેલ સ્ટાફની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે ખીમા પાંઉ અને બિલની રકમને મુદ્દે વિવાદ થયો હતો, જે બાદમાં મારામારીમાં પરિણમ્યો હતો. ■

# વિયેતનામ મહારાષ્ટ્રમાં ૮.૫ અબજ ડોલરનું રોકાણ કરશે: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું કે વિયેતનામ સ્થિત વિંગગ્રુપે આગામી બે વર્ષમાં રાજ્યમાં ઇલેક્ટ્રિક મોબિલિટી સોલ્યુશન્સ, સામાજિક અને જાહેર માળખાગત સુવિધાઓ, ટુરિઝમ અને મનોરંજન સહિતના પ્રોજેક્ટ્સમાં ૮.૫ બિલિયન ડોલરનું રોકાણ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

મુખ્ય પ્રધાનની હાજરીમાં વિંગગ્રુપ, રાજ્ય ઉદ્યોગ વિભાગ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી વચ્ચે એક સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ફડણવીસે જણાવ્યું હતું કે આ રોકાણ રાજ્યમાં ઝડપી વિકાસ, આધુનિક માળખાગત સુવિધાઓ અને પરિવહન વ્યવસ્થાને ટેકો આપશે. તેમણે ઉમેર્યું હતું કે આ પ્રોજેક્ટ એક મજબૂત અને ગતિશીલ શહેરી ઇકોસિસ્ટમ બનાવશે.

મુખ્ય પ્રધાને રાજ્ય સરકાર તરફથી સંપૂર્ણ સહયોગની ખાતરી આપી અને કંપનીને કોઈપણ સમસ્યાના ઉકેલ માટે સંબંધિત અધિકારીઓનો સીધો સંપર્ક કરવા જણાવ્યું. તેમણે કહ્યું કે વહીવટીતંત્ર સમસ્યાઓનું નિરાકરણ લાવવા સક્ષમ છે.

આ એમઓયુ હેઠળ વિંગગ્રુપે આગામી બે વર્ષમાં લગભગ ૫,૦૦૦ એકર જમીનમાં પ્રોજેક્ટ્સ વિકસાવવા માટે લગભગ ૮.૫ બિલિયનનું રોકાણ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેનાથી અંદાજે ૨૪,૭૦૦ સીધી નોકરીઓનું સર્જન થશે, એમ રિલીઝમાં જણાવાયું છે. ■

## ક્લાસિફાઈડ


### ૬. પરચુરણ

**જ્વેલર્સ**

બસરા મોતી, ખાકા મોતી હિરાના કલર સ્ટોનના, જૂના દાગીના ઊંચી કિંમતે ખરીદનાર તુરંત રોકડા - 9821369617 / 8976938117. (એસડીબી-૩૨૧૨)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૨૨૫)

### ૧૪. નોકરી ખાલી છે

**REQUIRED**

Sales Executive (Male/Female) for Jewellery Showroom in Vile Parle (West) 12th Graduate, Good Communication Skills, Good Computer Skills, Basic Knowledge in English and Gujarati, Young Candidates Preferred. Contact - 7039237057. (987/B)

### ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે વેસ્ટના**

**દાદાભાઈ ક્રોસ રોડ નંબર 3 પર, પ્રીમિયમ 870 સ્ક્વેર ફીટ RERA કાર્પેટ 3 બેડરૂમ અપાર્ટમેન્ટ વેચાણ માટે. OC સાથે, આખા પ્રોજેક્ટનો છેલ્લો યુનિટ, હાયર ફ્લોર, પ્રીમિયમ રેસિડેન્શિયલ બિલ્ડીંગ સ્પેસિઅસ લેઆઉટ અને ઉત્તમ વેન્ટિલેશન. કોલ: 9987464111. (૯૭૮-એ)**

**દાદર**

ઇન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરૂમ, ફ્લેટ, ભાડેથી - લેવા - વેચવા. કેતન ગાલા - 9892077714. (બી-૧૭૪૧૬)

**કલ્પતરુ એલિટસ**

LBS મુલુંડ. 2 BHK 804 Sq.Ft. ૧ પાર્કિંગ, મંદિર વ્યૂ, ગેસ લાઈન, ૪૦+ એમેનિટીઝ. કોલ ગોપન જોશી ૯૧૬૭૧૧૭૭૭૫. (એસડીબીજી-૩૧૬૧)

### ૨૦. ધંધાદારી જગ્યા

**દુકાન ભાડેથી**

ડિપોઝીટ 35000 રેન્ટ 13000/- એરિયા 450 + લોફ્ટ રોયલ પામ, ગોરેગાવ ઈસ્ટ. 9136311063. (૯૮૨/સી)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

જુના જાણકાર ઘેર બૈઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૩૪૩)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઇડ્સ**

**(1993થી), ઉધઈ, વાંદા, માંકડ, કાંદિવલી 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૯૫૯/ડી)**

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૯૫૯/બી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**

ટેરેસ, છજ્જા, બાથરૂમ, બિલ્ડિંગ રીપેરીંગ, પેઇન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. - 8450941119. (બી-૧૭૩૮૮)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


છેલ્લા પાનાનું ચાલુ

### પશ્ચિમ રેલવેના

આકરા દિવસમાં સવારથી લોકલ ટ્રેનના ધાંધિયા થતા વિરાર-વસઈના રહેવાસીઓને મુંબઈ સુધી ટ્રાવેલ કરવામાં પારાવાર હાલાકી પડી હતી, જેના અંગે કોઈ એનાઉન્મસેન્ટ પણ નહોતું. ફક્ત સોશિયલ મીડિયા પર જાહેરાત કરવાથી પબ્લિકને શું ખબર પડે, એમ વસઈના રહેવાસી મેહુલ પાંડેએ જણાવ્યું હતું.

અન્ય એક પ્રવાસીએ કહ્યું હતું કે ઓવરહેડ વાયર તૂટવાને કારણે વસઈ નજીક એક ટ્રેન રોકી દેવામાં આવ્યા પછી અનેક પ્રવાસીઓ ટ્રેનમાંથી ઉતરીને પાટા પર ચાલતા નીકળી પડ્યા હતા, જેમાં મહિલાઓ, સિનિયર સિટીઝનનો સમાવેશ થાય છે. રવિવારે ટ્રેનોના ધાંધિયાને કારણે પશ્ચિમ રેલવેમાં વિરાર, વસઈ, નાયગાંવ, ભાયંદર, મીરા રોડ, દહીસર સુધીના પ્રવાસીઓને ટ્રેનોમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડી હતી, જ્યારે બોરીવલીથી ચર્ચગેટ જનારા પ્રવાસીઓને પણ ટ્રેનોમાં ભારે ભીડનો સામનો કરવો પડ્યો હતો, જેમાં સૌથી વધુ જવાબદાર કારણ ટ્રેનો મોડી હતી, એમ બોરીવલીના રહેવાસીએ જણાવ્યું હતું. બોરીવલી-વલસાડ ટ્રેન વસઈ સ્ટેશન નજીક અડધો કલાક રોકી દેવામાં આવ્યા પછી એક યૂઝરે સોશિયલ મીડિયા પર ફરિયાદ કરી હતી, જેના પર રેલવેએ જવાબ આપતા લખ્યું હતું કે ઓએચઈ બ્રેકડાઉનને કારણે બોરીવલી-વલસાડ મેમુ ટ્રેનને વસઈ રોડ અને વલસાડ વચ્ચે કેન્સલ કરવામાં આવી હતી. બપોરના ૧૨.૪૭ વાગ્યાના સુમારે ભાયંદર-નાયગાંવ વચ્ચે ટ્રેનસેવા રાબેતા મુજબ ચાલુ કરવામાં આવ્યા પછી બપોરના ૧૨.૫૨ વાગ્યાના સુમારે સૌથી પહેલી ચર્ચગેટ-વિરાર એસી લોકલ ટ્રેનને રવાના કરવામાં આવી હતી, ત્યાર પછી સમગ્ર કોરિડોરમાં ટ્રેનસેવા રાબેતા મુજબ થઈ હતી, એમ અધિકારીએ દાવો કર્યો હતો. ■

### કોમેડિયન

રહ્યા છે.

કામરાએ સરનાઇકનો વિડિયો એક્સ પર તેમના લેખિત જવાબના એક ભાગ સાથે ફરીથી પોસ્ટ કર્યો જેમાં રાજકીય વ્યંગનો બચાવ કરવામાં આવ્યો અને હાસ્ય કલાકારો સામે કાયદાકીય વિશેષાધિકારના ઉપયોગ પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો.

છેલ્લા એક વર્ષમાં ભારતના સૌથી જ્વલંત અને પ્રશંસનીય રાજકીય કાર્ટૂનિસ્ટ પૈકીના એક બાળાસાહેબ ઠાકરેના રાજકીય વારસા માટે લડત વિશે મેં કરેલી મજાક માટે મને ઘણી કાર્યવાહીનો સામનો કરવો પડ્યો છે, કામરાએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું.

તેમણે નોંધ્યું હતું કે બાળ ઠાકરેએ વિશેષાધિકાર કાર્યવાહીનો સામનો કર્યા વિના, વડા પ્રધાનો સહિત અનેક સત્તાધારીઓની મજાક ઉડાવી હતી.

ઇન્દિરા ગાંધીને લક્ષ્ય બનાવતા કાર્ટૂનનો ઉલ્લેખ કરતા, કામરાએ દલીલ કરી હતી કે બાળ ઠાકરેના રાજકીય વારસાનો બચાવ કરવામાં કાર્ટૂનિસ્ટ અને વ્યંગકારોની સ્વતંત્રતાનું રક્ષણ શામેલ હોવું જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે રાજકીય વ્યંગ એ વિચારધારાનો પાયો હતો જેનો એકનાથ શિંદે વારસામાં હોવાનો દાવો કરે છે. ■

### ૧૦ વર્ષ બાદ

સમસ્યાનો ઉકેલ આવે તે માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા મેટ્રો-ચાર વડાલા-ઘાટકોપર-કાસારવડવલી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. ૨૦૧૬થી પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું છે, જેમાં થાણે શહેરમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને ઘોડબંદર રોડ પર ઠેક-ઠેકાણે ખોદકામ કરવામાં આવ્યું હતું. એ બાદ અહીં એમએમઆરડીએ દ્વારા સર્વિસ રોડને મુખ્ય રસ્તા સાથે જોડવાનું કામ પણ હાથમાં લેવામાં આવ્યું હતું, તેને કારણે ઘોડબંદર રોડ પર ટ્રાફિકની હજી સુધી સમસ્યા રહી છે. છેલ્લા ૧૦ વર્ષથી મેટ્રો-ચારનું કામ ચાલી રહ્યું છે પણ તેનો કોઈ અંત જ દેખાતો નથી.

વિધાનસભાની ચૂંટણી પહેલા એટલે કે સપ્ટેમ્બર ૨૦૨૫માં પ્રોજેક્ટના પહેલા તબક્કામાં ગાયમુખથી કેડબરી જંકશન સ્ટેશનનું લોકાપર્ણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબમુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કર્યું હતું. ગાયમુખમાં મેટ્રોની ટ્રાયલ પણ કરવામાં આવી હતી અને ટ્રાયલ બાદ પહેલા તબકકામાં મેટ્રો શરૂ થશે એવું કહેવામાં આવી રહ્યું હતું. સાત મહિના બાદ પણ હજી સુધી અહીં મેટ્રો શરૂ થઈ શકી નથી અને મેટ્રો રેલનો રૅક ટ્રેક પર ધૂળ ખાતો ઊભો હોવાનું દેખાઈ આવે છે. મેટ્રોની ટ્રાયલ બાદ એક-બે મહિનામાં તે શરૂ થશે એવું માનવામાં આવતું હતું પણ હજી સુધી તેના કોઈ ઠેકાણા નથી અને આ બાબતે એમએમઆરડીએ પણ મૌન રાખ્યું હોવાનું કહેવાય છે. ■

### આગામી ૧૦ વર્ષના

વર્ષમાં ટ્રાફિકમાં થનારા ફેરફાર, સમારકામ અને દેખરેખ, યુટિલિટી પ્લાનિંગ વગેરેનો સમાવેશ કરવા માટેની સૂચના પણ આપી હતી. આ દરમ્યાન તેમણે છેલ્લા ત્રણ વર્ષમાં ખાડાઓની સંખ્યામાં ઘટાડો થયો છે અને સંબંધિત ખર્ચમાં સતત ઘટાડો થયો હોવાનું ભારપૂર્વક કહ્યું હતું.

નાળાસફાઈને મુદ્દે કમિશનરે કહ્યું હતું કે હાલ શહેરમાં મોટા નાળા અને નાની ગટરોની સફાઈનું કામ ચાલી રહ્યું છે ત્યારે આ કામમાં પારદર્શિતા રાખવા અને ગટરની સફાઈ અંગેની દૈનિક માહિતી સ્થાનિક નગરસેવકોને, જનપ્રતિનિધીઓ તથા નાગરિકોને આપવાની રહેશે. આ લોકો પાસેથી જે સૂચના આવે તે પ્રશાસન સુધી પહોંચી શકે અને તે અમલમાં મુકાય તેના પર પણ ધ્યાન આપવાનું રહેશે.

**પાણી ભરાય નહીં તે માટે લાંબા ગાળાની યોજના**

કમિશનરે ચોમાસાની તૈયારી અને ઉપાયયોજનાની પણ સમીક્ષા કરી હતી, જેમાં પાણી ભરાવવાની સંભાવના ધરાવતા વિસ્તારો, પાણીના નિકાલની સિસ્ટમ, પંપ અને મશીનોની તૈયારી પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે પાણી ભરાતા હોય તેવા ક્રોનિક ફ્લડિંગ સ્પોટ માટે પાલિકા સામાન્ય રીતે સજ્જ જ હોય છે પણ હવે કાયમી ઉકેલ લાવવા માટે લાંબા ગાળાની યોજના વિકસાવવી જોઈએ. આગામી ચોમાસા પહેલા તાત્કાલિક અમલીકરણ માટે તૈયારી કરવી પડશે અને જો તે શક્ય ન થાય તો આગામી ચોમાસા પહેલા તેને અમલમાં મૂકવાની રહેશે. તેમજ ચોમાસા દરમ્યાન કોઈ પણ સંજોગોમાં મેનહૉલ ખુલ્લા ન રહેવા જોઈએ. ચોમાસા પહેલા સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગ્રીલ બેસાડવાની રહેશે. ■

## હિન્દુ મરણ

સ્વ. ગોવિંદજી ડુંગરશી દૈયા, ગામ મઉ કચ્છ, ગં. સ્વ. હંસાબેનના પતિ, અનિતા રાજેશ ઘેરાઈ (ઔરંગાબાદ), જયેશ અને કવિતા કલ્પેશ કોઠારી (નાગપુર)ના પિતા, કૃષ્ણા જયેશ દૈયાના સસરા, પ્રતીક અને વરુણના દાદા, યક્ષા મિત ઘેરાઇના નાના સસરા. સ્વ. દમયંતી કરસનદાસ ચોથાની ગડશીશાનાના જમાઈ. તા: ૧૧.૪.૨૬ના રોજ સ્વર્ગસ્થ થયા છે. તેમની પ્રાર્થનાસભા: તારીખ: ૧૩.૪.૨૬ સમય: સાંજ ૪ થી ૫ વાગે સ્થળ: શિવ ગણેશ મંદિર, અહિંસા નગર, ઔરંગાબાદ. લૌકિક વ્યવહાર બંધ છે

**પંચાલ**

(ગામ-પાટણ) હાલ મુંબઈ સ્વ. નિરૂપાબેન ભોગીલાલ પંચાલ (ઉં. વ. ૭૦) તા. ૧૦-૪-૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. તે ભોગીલાલ કેશવલાલ પંચાલના પત્ની. ચંદ્રેશ, ચેતન, યોગીતના માતુશ્રી. તે હિતેનકુમારના સાસુ. વિનોદ ઉત્તમચંદ પંચાલ (પાલડીવાળા)ના બહેન (પિયરપક્ષ) એમનું બેસણું તા. ૧૩-૪-૨૬ના રોજ સાંજે ૪ થી ૭માં સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિ ટ્રસ્ટ, ૩જા કુંભારવાડામાં રાખવામાં આવ્યું છે.

**વિશા લાડ**

કાંદિવલી નિવાસી શૈલેષભાઇ (ઉં. વ. ૭૩) તે સ્વ. ઉર્મિલાબેન તથા સ્વ. રવીન્દ્રભાઈ છોટાલાલ દેસાઈના પુત્ર, સ્વ. ઉષાબેનના પતિ. કુણાલના પિતા. દીક્ષિતાના સસરા. હિનલ ના દાદા. ૯/૪/૨૬ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપડવંજ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ઉષાબેન પ્રફુલચંદ્ર દાણી હાલ મુંબઈ (ઉં. વ. ૮૦) તા. ૮-૪-૨૬ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. પ્રફુલભાઇના પત્ની. સ્વ. પૂનમચંદ અને સ્વ. લીલાવતી બહેન શાહના સુપુત્રી, સ્વ. ગોરધનદાસ અને સ્વ. હસુબેન ના પુત્રવધૂ. રસેશ, બિંદુ, નિકુંજ, સૌરભના માતા. સ્વ. મુકુંદભાઈ, સ્વ. સુશીલાબહેન, સ્વ. રમેશભાઈ, સ્વ. સુરેશભાઈ, સ્વ. હરીશભાઈ, સ્વ. જશવંતભાઈ ના બહેન. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રમેશચંદ્ર ત્રીકમજી પોપટ (ઉં. વ. ૮૯) તે સ્વ.રૂક્ષ્મણીબેન ત્રીકમજી સુંદરજી પોપટ ગામ રેહા મોટા (ગુરૂજીવાળા)ના પુત્ર, સ્વ શ્રી જાદવજી મૂલજી કતીરા ગામ નેત્રા (માતાજી)ના જમાઈ, લીલાવંતીબેન (બેબીબેન)ના પતિ,અલકાબેન પંકજભાઈ દનાણી,હેમંત અને શિતલબેન હેમંતભાઈ માણેકના પિતા, નિશાબેન (નવલતા)ના સસરા. પ્રાર્થનાસભા સોમવાર ૧૩ એપ્રિલ ૨૦૨૬ના સાંજે ૫:૩૦ થી ૭ પદ્માવતી બેન્કવેટ હોલ,૫ મેં માળે,પ્રણવ કોમર્શિયલ પ્લાઝા, શિવસેના ઓફિસની ઉપર, મહાત્મા ગાંધી રોડ,મુલુંડ વેસ્ટ. બૈરાઓએ તે જ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

સ્વ. કેસરબાઈ મૂળજીભાઈ ચૌહાણ (ઉં. વ. ૭૧વર્ષ) તેઓ તા: ૪-૪-૨૬ શનિવારના દિવસે અવસાન પામ્યા છે. તેવો સ્વર્ગીય મૂળજીભાઈ ગોવિંદભાઈ ચૌહાણના પત્ની. પ્રદીપભાઈ જેસીંગ અશોક જ્યોતિ સચિનના માતૃશ્રી. દીના જયા રૂપા સચિન મારુંના સાસુ. સ્વ.માલીબેન સ્વ નથુભાઈ મેઘા કોળીના દીકરી. બારમું તા: ૧૪-૪- ૨૬ મંગળવારે સાંજે ૫ વાગ્યે તેમના નિવાસસ્થાન : અર નવરંગ હા સો. સામંત રાઠોડ માર્ગ તુલશીવાડી મું:૩૪ ખાતે છે.

**ઘોઘારી મોઢ વણિક**

રાજકોટ નિવાસી હાલ અંધેરી સ્વ. ગુણવંતી નરેન્દ્ર અડાલજા (ઉં. વ. ૮૦) તા. ૮-૪-૨૬ બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નરેન્દ્રભાઇ જયંતીલાલ અડાલજા (વોરા)ના પત્ની. સૂર્યકાંત જયંતીલાલ વોરાના પુત્રવધૂ. સ્વ. મથુરીબેન શિવલાલભાઇ પારેખના પુત્રી. ચેતન તથા સ્વ. જતીનના માતુશ્રી. અ. સૌ. અલકાના સાસુ. દર્શના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી દશા મોઢ માંડલીયા**

નરેન્દ્રભાઇ કાંતિલાલ મહેતા (ઉં. વ. ૭૫) તે હંસાબેનના પતિ. તેજસ, દેવેનના પિતા. અશ્વિન, ભરત, બકુલ, મીલન સુરેશકુમાર સોલંકી, પ્રજ્ઞા અજયકુમાર શાહ, મીના ધીરેન મહેતાના ભાઇ. મોના, વૈશાલીના સસરા. સ્વ. નાથાલાલ નાનજી દેસાઇના જમાઇ. નલિનીબેન, દેવાંગના, જયશ્રીબેનના જેઠ. શનિવાર તા. ૧૧-૪-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ફોર્ટ-સોનગઢવાળા સ્વ. કાંતાબેન ખુશમનલાલ મહેતાના સુપુત્ર જીતેન્દ્રભાઇ (જીતુભાઇ) (ઉં. વ. ૭૯) ૧૧-૪-૨૬ના સોનગઢ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે જયોતિબેનના પતિ. નિશીતા મધુકર શાહ, માધવી સમીર ભુતા તથા મિતલના પિતા. સ્વ. જગદીશભાઇ, સ્વ. યોગેશભાઇ, સ્વ. ગાર્ગીબેન, ગીતાબેન બિપીનચંદ્ર વોરા તથા સુજનભાઇના ભાઇ. સાવરકુંડલાવાળા દુર્લભદાસ ગોકળદાસનાં જમાઇ. તથા મોસાળ પક્ષે ડાહ્યાલાલ મોરારદાસ મહેતાના ભાણેજ. પ્રાર્થનાસભા તા. ૧૬-૪-૨૬ના ગુરુવારના ૫થી ૭. બોરીવલી કપોળવાડી (ઇસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા હાલ વિલેપાર્લે સ્વ. ભાનુમતી પ્રાણલાલ ભુતાની પુત્રી વર્ષા ભુતા (ઉં. વ. ૭૪) તે ભરતભાઇ, હેમાંગીની દેસાઇ, હીના મણીયાર, પારુલ પરીખની બેન. પ્રવીણાની નણંદ. તે નીરવ-ગીતાના ફૂઇ. રીઆના-રીવાનના દાદીફૂઇ. તા. ૧૧-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## જૈન મરણ

**ઝાલવાડી દિગંબર મુમુક્ષ જૈન**

મૂળ થાન નિવાસી હાલ કાંદિવલી સ્વ. રમેશચંદ્ર કસ્તુરચંદ દોઢીવાળાના ધર્મપત્ની ભાનુબેન (ઉં. વ. ૮૨) તે ૧૧/૪/૨૬ ના દેહપરિવર્તન કરેલ છે. તે બીના પિયુષભાઇ શાહ, હિના સુધીરભાઈ શેઠ, રીના અલ્પેશ શાહ, સીમા જીતેન્દ્ર ગાંધી ના માતુશ્રી. અવલ મિતિ, ફોરમ, પ્રણવ, રિમિના નાની, ચંપાબેન કસ્તુરચંદ દોઢીવાળા ના પુત્રવધુ તથા મરઘાબેન હિંમતલાલ ડગલીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગોધરાના ઝવેરચંદ દેવજી દેઢિયા (ઉં. વ. ૮૬) તા. ૧૧.૪.૨૬ના અવસાન પામેલ છે. રતનબેન દેવજી હીરજીના પુત્ર. નિર્મળાબેનના પતિ. સંસાર પક્ષે પૂ. માર્ગભૂષણવિજયજી મ.સા., સોલિસિટર અશોક, સરિતાના પિતા. આણંદજી, પાનબાઈના ભાઈ. બાડાના કસ્તુરબેન કુંવરજી જેઠાભાઈના જમાઈ. પ્રા. : શ્રી માટુંગા જૈન આરાધના ભવન, શ્રી સુમતિનાથ જિનાલય, ૫મો માળ, નાથાલાલ પારેખ માર્ગ, કિંગ સર્કલ, માટુંગા (સે.રે.) ટા.: ૩ થી ૫. નિ. : અશોક દેઢિયા, ૪૦૧, સૂર્યા ટાવર, નાથાલાલ પારેખ માર્ગ, માટુંગા, મુંબઈ ૧૯.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સરધાર નિવાસી, હાલે મુલુંડ સ્વ.સુશીલાબેન પ્રમેશ ચંદ્ર કાંતિલાલ ગાંધીના સુપુત્ર નિમેષ (ઉં. વ.૫૯) તે દિમીના પતિ. જેવિનના પિતાશ્રી, ધ્રુવીના સસરા,તે સ્વ.પારુ-મહેશભાઈ, ચારુ-યોગેશભાઈ, મયુરી-ધીરેન,સોનલ-વિનોદના ભાઈ, તે શ્રીમતી નીલાબેન રમેશચંદ્ર શાહના જમાઇ. શનિવાર તા.૧૧/૦૪/૨૬ના રોજ અરિહંત શરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મંગળાબેન કાંતિલાલ દોશી (ઉં. વ. ૮૪) મૂળ વતન ખાંભા હાલ બોરીવલી સ્વ. કાંતિલાલ પાનાચંદ દોશીના ધર્મપત્ની તા. ૧૧-૪-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નીતિનભાઇ, યોગેશભાઇ, ભાવેશભાઇ, સ્વ. કવિતાબેન કિરીટકુમાર અજમેરા, સ્વ. નંદાબેન મનીષકુમાર મહેતા, હેતલબેન નિલેશકુમાર રાઠોડના માતુશ્રી. તે સુનિતાબેન, હર્ષાબહેન, જયશ્રીબેનના સાસુ. તે નિર્મલ-પૂજા, ઋષભ-ભૂમિકા, પંક્તિ-પારસ, મેઘા-નીરવ, ફોરમ-મહેક, વિરાજ-ડોલી તથા યશના દાદી. તે પ્રયાન, સ્વરા, વીર, હિવા, રુહી, રાજવીર, યુવરાજના પરદાદી. પ્રાર્થનાસભા/માતૃવંદના મંગળવાર. તા. ૧૪-૪-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે. આંગન બેન્કવેટ હોલ, કેન્ટ ટાવર, ટીપીએસ રોડ, ફેક્ટરી લેન, લઘુબંધુ જ્વેલર્સની ઉપર, બોરીવલી (વેસ્ટ).

### મુંબઈને

રાજધાની મુંબઈ અને આઈટી શહેર બેંગલુરુ વચ્ચે મુસાફરી હવે સરળ અને આરામદાયક બનવા જઈ રહી છે. વંદે ભારત સ્લીપર ટ્રેન ટૂંક સમયમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, મુંબઈથી બેંગલુરુ રૂટ પર દોડશે. રસપ્રદ વાત એ છે કે, આ રાજ્યની પહેલી સ્લીપર વંદે ભારત હશે. તાજેતરમાં જ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે આ ટ્રેનને મંજૂરી આપી છે. તે ૧૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે.

દેશના બે મહત્વપૂર્ણ શહેરો, મુંબઈ-બેંગલુરુ રૂટ પર લોકપ્રિય ટ્રેન ઉદ્યાન એક્સપ્રેસ છે. આ ટ્રેનને આ અંતર કાપવામાં ૨૨ થી ૨૩ કલાકનો સમય લાગે છે. પણ ૧૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડનાર ભારતની સૌથી ઝડપી ટ્રેન વંદે ભારત સ્લીપર આ અંતર ૧૮ કલાકથી ઓછા સમયમાં કાપશે. મુંબઈથી બેંગલુરુ સુધી દોડતી અન્ય ટ્રેનોમાં ત્રિવેન્દ્રમ એક્સપ્રેસ, દાદર-પોંડીચેરી એક્સપ્રેસ, એલટીટી-કોઈમ્બતુર એક્સપ્રેસ અને દાદર-તિરુનલવેલી એક્સપ્રેસનો સમાવેશ થાય છે. આમાંથી, મુંબઈ-ત્રિવેન્દ્રમ એક્સપ્રેસ સૌથી ઝડપી છે, જે બેંગલુરુનું અંતર ૧૮ કલાક ૪૪ મિનિટમાં કાપે છે, પરંતુ હવે વંદે ભારત સ્લીપર ટ્રેન આ રૂટ પરની સૌથી ઝડપી ટ્રેન હશે. મુંબઈ અને બેંગલુરુ વચ્ચે મુસાફરોની સંખ્યા વધુ છે. તેથી, મુંબઈથી બેંગલુરુ બંને દિશામાં બે વંદે ભારત એક્સપ્રેસ દોડવાની શક્યતા છે. આ માટેનું સમયપત્રક હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. જોકે, સ્લીપર ટ્રેન હોવાથી, આ ટ્રેન રાત્રે દોડવાની શક્યતા છે. રેલવે સૂત્રોએ જણાવ્યું હતું કે આનાથી આઇટી ક્ષેત્રના કર્મચારીઓ, વ્યાવસાયિકો અને મુસાફરોને પણ ફાયદો થશે. ટ્રેનમાં ૧૬ કોચ હશે. આ ટ્રેનમાં ૮૨૩ મુસાફરોની ક્ષમતા હશે. નોંધનીય છે કે, દેશની પહેલી સ્લીપર વંદે ભારત કામાખ્યાથી હાવડા રૂટ પર દોડી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાન્યુઆરી ૨૦૨૬ માં આ ટ્રેનને લીલી ઝંડી આપી હતી. ■

### લાડકી બહેન

માગણી કરી હતી. આ ઘટના બાદ મહિલા ગભરાઇ ગઇ હતી અને તેણે સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દરમિયાન આરોપી ગોકુળ ચવાણે બીજી મહિલાને પણ પ્રેમજાળમાં ફસાવવાનો પ્રયાસ કર્યો હતો. 'તમારું બંધ પડેલી વિધવા પેન્શન હું ફરીથી શરૂ કરી આપીશ, એવું આશ્વાસન તેણે મહિલાને આપ્યું હતું અને આ કામ કરી આપવાના બદલામાં તેણે મહિલા પાસે અણછાજતી માગણી કરી હતી, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો છે. જળગાંવ શહેર પોલીસે આ પ્રકરણે આરોપી ચવ્હાણ સામે વિનયભંગનો ગુનો દાખલ કર્યો હતો. ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# સંગીતની ‘આશા’ અમર થઈ

## ‘ચૈન સે હમકો કભી આપને જીને ના દીયા....’, આશાનાં ગીત જેટલાં મીઠાં, જીવનમાં એટલા કડવા અનુભવ

મુંબઈ: પ્રખ્યાત બોલિવુડ ગાયિકા આશા ભોસલેનુ આજે ૯૨ વર્ષે અંતિમ શ્વાસ લીધા છે. આશા ભોસલે સંગીત થકી બોલિવુડમાં પોતાની આગવી ઓળખ બનાવી હતી. તેમના નિધનથી હવે બોલિવુડ સહિત સંગીત જગતમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પોતાની કારકિર્દી દરમિયાન ૧૨,૦૦૦ થી વધુ ગીતો ગાયા છે. આશા ભોસલે તેમના અંગત જીવનને લઈને પણ વારંવાર ચર્ચામાં આવેલા છે. ૯૦ વર્ષની ઉંમરે તેમણે સ્ટેજ પર લાઈવ પરફોર્મ કરીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ચાલો આશા ભોંસલાના પરિવાર વિશે જાણીએ...

### ૧૬ વર્ષની ઉંમરે તેમણે ભાગીને લગ્ન કર્યાં

૧૯૩૩માં મહારાષ્ટ્રના સાંગલીમાં આશા ભોસલેનો જન્મ થયો હતો. તેમના પિતા દીનાનાથ મંગેશકર પણ સંગીતકાર હતા. આશા ભોસલે માત્ર ૯ વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થઈ ગયું હતું. તે વખતે તેમણે પોતાની મોટી બહેન લતા મંગેશકર સાથે મળીને પરિવારને મદદ કરવા માટે ગાવાનું શરૂ કર્યું હતું. આમાંથી જે રૂપિયા આવતા હતા તેનાથી તેમના પરિવારનું ગુજરાન ચાલતું હતું.

મીડિયા રિપોટ્ર્સ પ્રમાણે માત્ર ૧૬ વર્ષની ઉંમરે તેમણે ભાગીને લગ્ન કર્યાં હતાં. આશા ભોસલેએ બે વખત લગ્ન કર્યાં હતાં તેમના પહેલા પતિનું નામ ગણપતરાવ ભોસલે હતું. આશા ભોસલેના પરિવાર અને તેમની બહેનને આ લગ્ન મંજૂર નહોતો કારણ કે લગ્ન વખતે આશા ભોસલે ૧૬ વર્ષના હતા અને ગણપતરાવની ઉંમર ૩૧ વર્ષ હતી. જો કે માત્ર ૧૧ વર્ષ પછી જ તેમના લગ્નનો અંત આવી ગયો હતો.

### ૪૭ વર્ષની ઉંમરે બીજા લગ્ન કર્યાં

હેલા લગ્ન બાદ ૨૦ વર્ષો સુધી તેઓ એકલા રહ્યાં અને બાદમાં ૪૭ વર્ષની ઉંમરે બીજા લગ્ન કર્યાં હતાં. આશા ભોસલેએ બીજા લગ્ન પ્રખ્યાત સંગીતકાર આર.ડી. બર્મન સાથે કર્યાં હતાં. આર.ડી. બર્મન આશા ભોસલે કરતા છ વર્ષ નાના હતા અને તેમને બધા પંચમ દા નામથી ઓળખતા હતાં. આ લગ્ન પણ માત્ર ૧૪ વર્ષ જ ટકી શક્યા. સંગીતકાર આર.ડી. બર્મનનું નિધન થઈ ગયું હતું.

### ઘરેલુ હિંસાનો ભોગ બન્યા હતાં આશા ભોસલે

આશા ભોસલેને તેમના સાસરિયા વાળા ખૂબ જ હેરાન કરતા અને તેમનું શારીરિક શોષણ કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, પરંતુ તેઓ ઘરેલુ હિંસાનો ભોગ બન્યા હતા. જેથી આશા ભોસલેએ તેમના લગ્નજીવન અને પતિને છોડીને જતા રહ્યાં હતા. પતિને છોડીને ગયા ત્યારે તેઓ ગર્ભવતી હતાં. ગણપતરાવ સાથેના લગ્નને કારણે તેમના પરિવારે તેમની સાથેના બધા સંબંધો તોડી નાખ્યા હતા. તો બીજી તરફ તેમણે તેમના સાસરિયાઓ દ્વારા અપાર દુઃખ સહન કર્યું હતું. જેથી તેમણે જીવનલીલા સંકેલી લેવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ તેમના પરિવારે બચાવી લીધા હતા.

### આશા ભોંસલેની દીકરીએ આત્મહત્યા કરી લીધી હતી

પહેલા લગ્નથી આશા ભોસલેને ત્રણ સંતાનો હતા, હેમંત, વર્ષા અને આનંદ. સૌથી મોટા દીકરા હેમતનું ૨૦૧૫માં કેન્સરના કારણે મોત થઈ ગયું હતું, જ્યારે તેમની દીકરી વર્ષા ભોસલે પોતે પત્રકાર હતી. વર્ષા ભોંસલેએ કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લીધી હતી. નાનો દીકરો આનંદ ભોસલે છે, જે ફક્ત તેની માતા આશા ભોસલેની કારકિર્દી જ નહીં, પણ તેમના રેસ્ટોરન્ટ વ્યવસાયનું પણ ધ્યાન રાખે છે. ■



**ભાઈ-બહેનો:** મીના ખાડીકર, આશા ભોસલે, લતા મંગેશકર, હૃદયનાથ મંગેશકર, ઉષા મંગેશકર

## રાષ્ટ્રપ્રમુખ વડા પ્રધાન, ગૃહ પ્રધાન સહિત દિગ્ગજ નેતાઓએ આપી શ્રદ્ધાંજલિ



મુંબઈ: આશા તાઈના નિધનથી મહારાષ્ટ્રના જ નહીં, સમગ્ર દેશના સંગીતજગતના ચાહકો માટે મોટી ખોટ પડી ગઈ છે. તેમના નિધન અંગે દેશના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સહિત મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસએ શ્રદ્ધાંજલિ અર્પી છે.

ભારતનાં જાણીતા ગાયિકા આશા ભોસલેના નિધન અંગે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આશા ભોસલની વિદાયથી સંગીત જગતમાં એક ખાલિપો સર્જાયો છે, જેને ભરપાઈ કરવાનું મુશ્કેલ છે. દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આશા ભોસલેના દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી અને તેમના પરિવાર, ચાહકો અને સંગીત પ્રેમીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. પીએમ મોદીએ એક્સ પર પોસ્ટ કરતા લખ્યું કે, આશા ભોસલે ભારતના સૌથી વધારે પ્રતિષ્ઠિત અને બહુમુખી સ્વરોમાંના એક હતા, જેમની સંગીત યાત્રાએ દાયકાઓ સુધી ભારતના સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ બનાવ્યો છે. તેમના ભાવનાત્મક ગીતો અને જીવંત સંગીતે વિશ્વભરના લાખો હૃદયને સ્પર્શી લીધા છે. તેમનું યોગદાન આગામી પેઢીઓને પ્રેરણા આપતું રહેશે.



ભારતના રક્ષા પ્રધાન રાજનાથ સિંહે પણ આશા ભોસલેના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે આશા ભોંસલેના શ્વરે અનેક પેઢીઓને પ્રભાવિત કરી છે. તેમના ગીતો હંમેશાં લોકોની હૃદયમાં ગુંજતા રહેશે. રાજનાથ સિંહે આશા ભોસલેના શોકગ્રસ્ત પરિવાર અને તેમના લાખો ચાહકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. આ સાથે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ પણ શોક વ્યક્ત કર્યો છે. કહ્યું કે, પદ્મ વિભૂષણથી સન્માનિત આશા ભોસલેએ પોતાની અજોડ પ્રતિભા દ્વારા સંગીતની દુનિયામાં પોતાની એક અલગ ઓળખ બનાવી છે. ■



આશા ભોસલેએ શેર કરેલો આ ફોટો તેમને બહુ પ્રિય હતો, કારણ કે તેમાં તેમની મોટી બહેન લતા મંગેશકર અને પોતે આશા ભોસલે છે. ‘એ દિવસ પણ શું દિવસ હતા...’ એવી કૅપ્શન સાથે તેમણે આ ફોટો સોશ્યલ મીડિયા પર શેર કર્યો હતો.

## ગીત ગાવાની ઈચ્છા અધૂરી રહી ગઈ

એક ન્યૂઝ ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં આશા ભોસલેએ પોતાના હૃદયની વાત જણાવી હતી કે તેમની કયું ગીત ગાવાની ઇચ્છા અધૂરી રહી ગઈ. મારો સ્વભાવ ખૂબ જ કડક અને અલગ છે. કારણ કે જ્યારે હું કોઈ વસ્તુ નક્કી કરી લઉં પછી તેને પૂરી કર્યા વિના ન રહું. જોકે ક્યારેક હું ઘરે અથવા ટ્રેનમાં મુસાફરી કરતી વખતે વસ્તુઓ સહન કરી લઉં છું. એક વાત એવી છે કે જ્યારે આપણે ટ્રેનમાં બેસીએ છીએ, જો કોઈની પાસે સીટ ન હોય, તો આપણે તેમને થોડી જગ્યા આપીએ છીએ. જેમ આપણે ટૂંકા સમય માટે આપણી સાથે મુસાફરી કરતી વ્યક્તિ સાથે એડજસ્ટ થઈએ છીએ, તેવી જ રીતે આપણે આપણા જીવનમાં પણ લોકો સાથે એડજસ્ટ થવાનું શીખવું જોઈએ, એમ આશા ભોસલેએ એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું.

મેં અત્યાર સુધી વિવિધ પ્રકારના હજારો ગીતો ગાયા છે. ફક્ત એક જ ગીત એવું લાગ્યું જે મારે ગાવું જોઈએ. ‘તુમ જો હુએ મેરે હમસફર, રસ્તે બદલ ગયે, લાખોં દીયે મેરે પ્યાર કી રાહોં મેં જલ ગયે’ આ ગીત હું બહુ સારી રીતે ગાઈ શકી હોત એવું મને હંમેશા લાગ્યું છે, તેવો અફસોસ તેમણે વ્યક્ત કર્યો હતો. નોંધનીય છે કે આ ગીત મહમદ રફી સાથે ગીતા દત્તે ગાયું છે.■

## લતાજીના યુગમાં આશાતાઈને મળતી માત્ર ૨૦ ટકા ફી



વર્ષ ૧૯૫૦-૬૦ના દાયકામાં આશાજીમાં અવાજનું ટેલેન્ટ હોવા છતા આર્થિક સ્થિતિ એટલી સારી ન હતી. કામ તો ભરપૂર મળતુ અને ઈન્ડસ્ટ્રીમાં નામ પણ મળતું પણ એ સમયે ઈન્ડસ્ટ્રીમાં ફીની રકમ એટલી ઊંચી મળતી ન હતી. એ દાયકાના ગાયકોમાં સૌથી ઓછી રકમ આશાજીને મળતી હતી.

### ખૂબ ઓછી ફી છતાં ટકી રહ્યાં

લતાજી સાથે તુલના કરવામાં આવે તો લતાજી કરતા આશાજીને માત્ર ૨૦ ટકા ફી મળતી હતી. લીડ એક્ટ્રેસની પહેલી પસંદ લતાજી હતા, ઘણીવાર એવું બનતું કે આશાજીના ભાગના ગીતમાં પણ લતાજીએ અવાજ આપી દીધો હોય. જ્યારે કોઈ એક્સપરિમેન્ટલ હોય તો આશાજી પાસે ગીત આવતા. આ જ પડકારને પોતાની તાકાત બનાવીને આશાજીએ અલગ અલગ ઝોનના ગીતમાં પોતાનો કંઠ આપ્યો. આનાથી એમની એક અલગ છાપ ઊભી થઈ, એમની જગ્યા આજે કોઈ લઈ શકે એમ નથી. એક સમય એવો પણ હતો જ્યારે લતાજીને એક ગીતના જ્યાં ૫૦૦ જેટલા રૂપિયા મળતા ત્યાં આશાજીને માત્ર ૧૦૦ રૂપિયા જેવી ફીથી સંતોષ માનવો પડતો.

### સંગીત સિવાય પણ કમાણીનો સ્ત્રોત

પોતાની મહેનતના દમ પર માત્ર પોતાની ફી જ વધારી પણ જુદા જુદા અવાજના પ્રયોગ કરીને સંગીતની દુનિયામાં પોતાનું સ્થાન કાયમ કર્યું અને એક અલગ ઝોનનું પોતાનું સામ્રાજ્ય બનાવ્યું. વર્ષ ૨૦૨૬માં જ્યારે આશાજીની નેટવર્થ ૧૦૦ કરોડ રૂપિયા હોવાનું સામે આવ્યું. દેશની ટોપ ૧૦ ગાયિકાની જ્યારે પણ યાદી તૈયાર કરવામાં આવશે તો આશાજી એ યાદીમાં અવ્વલ રહેશે. એ વાત પણ સ્વીકારવી પડે કે, તેઓ સંપત્તિ કે ફી ના મામલે તે સુનિધિ ચૌહાણ, નેહા કક્કર, તુલસી કુમાર કે શ્રેયા ઘોષાલથી પાછળ છે. માત્ર સંગીત જ નહીં પોતાની રેસ્ટોરાં ચેઈનથી પણ એમની આવકમાં વધારો થતો. ■

## આશા ભોસલેના મૃત્યુથી એક યુગનો અંતઃ ફડણવીસ

### રાજયપાલ, એકનાથ શિંદે, સુનેત્રા પવાર અને નીતિન ગડકરીએ પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી



મહારાષ્ટ્રના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્મા અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે ગાયિકા આશા ભોસલેને શ્રદ્ધાંજલિ આપી હતી અને કહ્યું હતું કે તેમના નિધનથી ભારતીય સંગીતમાં એક યુગનો અંત આવ્યો છે.

તાજેતરમાં થયેલી વાતચીતને યાદ કરતાં ફડણવીસે કહ્યું, અમે વિશ્વ રેડિયો દિવસના કાર્યક્રમમાં સાથે હતા જ્યાં તેમણે મને ‘અભી ના જાઓ છોડકર’ ગાવાનો આગ્રહ કર્યો અને સ્મિત સાથે કહ્યું, ‘જુઓ, મેં મુખ્યપ્રધાન પાસે ગવડાવ્યું’. એ માનવું મુશ્કેલ છે કે હવે તેઓ આપણી વચ્ચે નથી.

ફડણવીસે તેમની ગાયકીની વૈવિધ્યતાને યાદ કરતા ભોસલેના અવાજને સંગીતનો આત્મા ગણાવ્યો હતો. ફડણવીસે કહ્યું કે બદલાતા સમય સાથે સરળતાથી અનુકૂલન સાધનાર તેઓ અનન્ય કલાકાર હતા, જેમની ખોટ પૂરી નહીં શકાય.

રાજ્યપાલ વર્માએ તેમના શોક સંદેશમાં જણાવ્યું હતું કે ભોસલે ભારતે જોયેલા સૌથી કુશળ અને બહુમુખી પ્લેબેક ગાયકોમાંના એક હતા. તેમણે વધુમાં કહ્યું કે તેમનો મધુર અવાજ, વિવિધ શૈલીના સંગીત ગાવાની તેમની ક્ષમતા અને ભારતીય સંગીતમાં તેમના વિશાળ અને વૈવિધ્યસભર યોગદાને ભારત અને વિશ્વભરના સંગીત પ્રેમીઓની અનેક પેઢીઓ પર અમીટ છાપ છોડી છે. રાજ્યપાલે જણાવ્યું હતું કે તેમના પ્રખ્યાત ગીત જો ભી હૈ બસ યહી એક પલ હૈ ની પંક્તિ તેમના જીવનની ફિલોસોફી બની ગઈ હતી.






નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે પેઢીઓને મંત્રમુગ્ધ કરનાર દિવ્ય અવાજ શાંત થઈ ગયો છે. આશા ભોસલેને ‘ગાનસામ્રાજ્ઞિ’ની ઉપમા આપતા તેમણે કહ્યું કે, અસંખ્ય હૃદયોને તેઓ જાદુઈ દુનિયામાં લઈ ગયા હતા.


નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે કહ્યું કે આશા ભોસલેના અવસાનથી સંગીતના એક સુવર્ણ યુગનો અંત આવ્યો છે, અને ‘‘સુરોની મહારાણી‘‘ ઇતિહાસમાં વિલય પામી છે. આશા ભોંસલેની કારકિર્દી કલા પ્રત્યેની સખત મહેનત, સાતત્ય અને સમર્પણનું પ્રતીક છે, એમ તેમણે જણાવ્યું.

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ પણ આશા ભોસલેને શ્રદ્ધાંજલિ આપી હતી, તેમણે કહ્યું હતું કે તેમણે વૈશ્વિક સ્તરે ભારતનું ગૌરવ વધાર્યું છે. તેમના નિધનના સમાચાર હૃદયવિદારક છે, એમ તેમણે એક્સ પર કરેલી પોસ્ટમાં જણાવ્યું. ત્રણ મહિના પહેલા અશાતાઇ સાથે થયેલી મુલાકાત પણ તેમણે યાદ કરી હતી. ■



## બોલિવૂડમાં શોકની લહેર અક્ષયકુમારથી લઈને શાહરુખ ખાને આપી શ્રદ્ધાંજલિ

### અક્ષય કુમારે કહ્યું, અવાજ અમર રહેશે



સંગીતની દુનિયામાં ૧૨ એપ્રિલનો દિવસ કોઈ ભૂલી નહીં શકે, જ્યારે આશા ભોસલેએ અંતિમ શ્વાસ લીધા અને સૂરોના સામ્રાજ્યને પોતાના અવાજથી અમર બનાવી દીધુ. તેઓ છેલ્લા કેટલાક સમયથી કેટલીક બીમારીઓથી પીડાઈ રહ્યા હતા. તબિયત સતત બગડતી જતી હતી. એમના નિધનના વાવડ મળતા મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં શોક છવાયો છે, જાણીતા સેલેબ્સથી લઈને મ્યુઝિક ઈન્ડસ્ટ્રીના ખ્યાતનામ લોકો એમને શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે. અક્ષય કુમારે પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા લખ્યું કે, ઉનકી સુરીલી અવાઝ હમેશાં હમેશા કે લીયે અમર રહેગી..ઓમ શાંતિ.

### અદનાન સામીએ કહી મોટી વાત

આશાજી સાથે કામ કરી ચૂકેલા જાણીતા ગાયક અદનાન સામીએ કહ્યું હતું કે, એ તમામ લોકો નસીબદાર છે જેમને આશાજી સાથે કામ કરવાનો ચાન્સ મળ્યો. હકીકત એ પણ છે કે, અદનાનના આલ્બમમાં આશાજીએ પણ એક ગીત ગાયું છે. જ્યારે આલ્બમના લોંચિંગમાં પણ આશાજી હતા.

### અહેસાસ ખતમ ઔર ધડકન કો ખો દિયા

જુબીન નૌટિયાલે પણ આશા તાઈના નિધન અંગે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરતી પોસ્ટ મૂકી છે, ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરતા લખ્યું હતું કે, વો આવાઝ, જીસને કભી ખામોશી કો રૂહ મેં બદલ દિયા થા, અબ ખુદ ખામોશ બન ગઈ હૈ. આશા ભોસલે કે ગુજર જાને સે દુનિયાને સિર્ફ એક ગાયિકા નહીં ખોઈ હૈ બલ્કી એક દૌર, એક અહેસાસ ઔર એક ધડકન કો ખો દિયા હૈ, જો લાખો ગીતો કે અંદર ધડકતી થી.

જાણીતા એક્ટર ટાઈગર શ્રોફે પોસ્ટ મૂકતા લખ્યું હતું કે, એમની સાથે સમય પસાર કરવો એક સન્માનની વાત હતી, મને એમની સાથેની એ ટૂંકી મુલાકાત હંમેશા યાદ રહેશે.

### મારા માટે સૌથી કપરો સમય



હેમા માલિનીએ પોસ્ટ મૂકતા લખ્યું હતું કે, મને તો વિશ્વાસ થતો નથી કે, આશાજી હવે આપણી વચ્ચે નથી રહ્યા. ગીતમાં જીવ રેડી દેનાર અને રંગ ભરી દેનારી વ્યક્તિ આપણેને છોડીને ચાલી ગઈ છે. મારા માટે આ સૌથી કપરો સમય છે, કારણ કે આશાજી સાથે મારૂ એક ખાસ ક્નેકશન રહ્યું છે. એમના અવાજ અને અનોખી શૈલીથી મારા પણ અનેક ગીત ખૂબ લોકપ્રિય થયા છે. લતાજી અને આશા તાઈ સાથે મારો નાતો ખૂબ જ ખાસ રહ્યો હતો. એક્ટ્રેસ પરિણિતીએ સ્ટોરી શેર કરતા લખ્યું હતું કે,આશાજી ફોરએવર.

### ભારતીય સિનેમાનો પિલર હતાંઃ શાહરુખ ખાન



કિંગ ખાન શાહરુખ ખાને સોશિયલ મીડિયા પર પોસ્ટ લખતા જણાવ્યું છે કે આશાતાઈ અંગે જાણીને બહુ દુઃખ થયું. તેમનો અવાજ ભારતીય સિનેમાનો પિલર હતો. તેમની ટેલેન્ટ તો અનેક લોકોમાં જીવંત રહેશે અને તેમના હંમેશાં મને આશીર્વાદ મળ્યા એનો આનંદ છે.

### એક રત્ન સમાન ગાયિકાની વિદાય

ભાગ્યશ્રીએ એમના નિધન પર શોક વ્યક્ત કરતા લખ્યું હતું કે, સંગીત જગતમાંથી એક ડાયમંડ ખોવાયો. ઈશ્વર એમની આત્માને શાંતિ આપે.. ઓમ શાંતિ. ફિલ્મનિર્માતા કરણ જોહરે પોસ્ટ મૂકતા લખ્યું હતું કે, એક લેન્ડ જ્યારે આ દુનિયામાંથી વિદાય લે છે ત્યારે એને શબ્દોમાં વ્યક્ત કરવું સૌથી કઠિન કામ છે. એને શબ્દોમાં વ્યક્ત કરી શકાતા નથી. આશા ભોંસલેનો અવાજ ભારતીય સિનેમાનો એક એવો યુગ હતો જેમાં અનેક ઝોનના ગીત રજૂ થયા. હવે એમના જેવો કંઠ બીજીવાર મળવો મુશ્કેલ છે. એમની ગાવાની કલા અને પર્સનાલિટીનો હું કાયમ ફેન રહીશ. એમણે આપેલું સંગીત કાયમ લોકોના દિલમાં જીવંત રહેશે.

### અન્નુ મલિકે શોક વ્યક્ત કર્યો



અન્નુ મલિક અને અબ્લુ મલિકએ આશા ભોસલેના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું. અન્નુ મલિકે આશા ભોસલેના નિધન અંગે જાણે મારી માતાજીનું નિધન થયું છે. આશાજીના નિધનના સમાચાર અમારા માટે આઘાતજનક છે. પૂરી ફિલ્મ, મ્યુઝિક અને દેશ માટે દુઃખદ સમાચાર છે. મારા પરિવાર અને દેશ માટે સૌથી મોટો આંચકો છે. મારું બાળપણ આશાજીના ઘરે વીત્યું હતું. મને બહુ દુઃખ થયું છે, આજે મારા માતાજીનું ૨૦૨૧માં નિધન થયું હતું, પરંતુ આજે મને લાગે છે જાણે મારી માતાજીનું ફરી નિધન થયું છે.

### સંગીતના સ્વર્ણિમ અધ્યાયનો અંત

પોતાના પહાડી અવાજ અને લૂકને કારણે જાણીતા ગાયિકા ઉષા ઉથુપે શોક વ્યક્ત કરતા કહ્યું કે, સંગીતનો એક સ્વર્ણિમ અધ્યાય આજે સમાપ્ત થયો, આ એક યુગનો અંત છે. એમની અવાજથી તૈયાર થયેલા એ સંગીતમય યુગને હંમેશાં આઈકોનિક માનવામાં આવશે. આશા જેવી વર્સેટાઈલ ગાયિકા ખૂબ જ ઓછા કેસમાં જન્મે છે. કોમેડી કલાકાર રાજપાલ યાદવે કહ્યું હતું કે, મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં આ ખૂબ મોટી ખોટ છે જે કદી ભરાશે નહીં. મંગેશકર પરિવારે રાષ્ટ્રને જે સાંસ્કૃતિક ધરોહર આપી એને શબ્દોમાં વ્યક્ત કરી શકાશે નહીં. અસંભવ છે.



આશાતાઈના નિધન અંગે સંજય દત્તે લખ્યું કે આશાજીનો અવાજ ફક્ત મ્યુઝિક નહીં, પરંતુ ભાવના સ્મૃતિ અને જાદુનો સંગમ હતો, જે હંમેશાં અમર રહેશે. જ્યારે જેકી શ્રોફે લખ્યું કે તેઓ હંમેશાં અમર રહેશે. અનુપમ ખેરે આશાજીના યોગદાનને યાદ કરતા કહ્યું કે સાત દાયકાથી વધુ સમય સુધી તેઓ ફક્ત સંગીતનો જગતનો ભાગ નહોતા, પરંતુ એક યુગ હતા. તેમનો અવાજ પેઢીઓ, ભાષાઓ અને ભાવનાઓને પાર પહોંચી હતી. તેમની ચંચળ ધુનોથી લઈને ભાવપૂર્ણ ગઝલો સુધી અને રોમાન્ટિક ગીતોથી લઈ મેલોડિયસ ગીતો સુધી, તેમના દરેક સૂરે લોકોને પોતાના બનાવી દીધા હતા.

### એ મુશ્કેલ ગીત...

આશા ભોસલેએ કહ્યું હતું કે આ ગીતની એક પંક્તિ એટલી મુશ્કેલ હતી કે તેને શ્રેષ્ઠ રીતે ગાવા માટે તેમણે ઘણા દિવસો સુધી પ્રેક્ટિસ કરી. એક વાર તો તે કારમાં બેસીને પણ પ્રેક્ટિસ કરી રહ્યા હતા. પછી તેમને એટલો શ્વાસ ચઢી ગયો કે તેમની કારનો ડ્રાઈવર પણ ડરી ગયો. તેણે વિચાર્યું કે આશાતાઈની તબિયત બગડી ગઈ છે, અને તે તેમને હોસ્પિટલ લઈ જવાની પણ તૈયારી કરી રહ્યો હતો. તે સમયે આ ગીત આશા ભોસલે માટે એક પડકાર હતું. શરૂઆતમાં, તેમને ગાવામાં મુશ્કેલી પડી, પરંતુ પછીથી આ ગીત સુપરહિટ બન્યું. આજે પણ, આ ગીત ક્લાસિક હિટ ગીતોમાંનું એક માનવામાં આવે છે. આ ગીત ૧૯૬૬માં રિલીઝ થયેલી ફિલ્મ તિસરી મંઝીલનું છે. ‘આજા આજા મેં હુ પ્યાર તેરા....’, ગીત છે અને તેમના શબ્દો ‘ઓ આ આજા, આહ આહ આજા’, તે ગીતની મુશ્કેલ પંક્તિ છે. ■

# બેંગ્લૂરુએ મુંબઈને વાનખેડેમાં ૧૮ રનથી હરાવ્યું: રુધરફર્ડની નવ સિક્સર પાણીમાં

મુંબઈ: લગભગ ૩૩,૦૦૦ ક્રિકેટક્રેઝીઓથી ખીચોખીચ ભરાયેલા વાનખેડે સ્ટેડિયમમાં રવિવારે રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (૨૦ ઓવરમાં ૪/૨૪૦)એ મુંબઈ ઇન્ડિયન્સ (૨૦ ઓવરમાં ૫/૨૨૨)ને ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી હરાવીને આ વખતની ટૂર્નામેન્ટમાં ત્રીજી જીત મેળવી હતી. શેરફેન રુધરફર્ડ (૭૧ અણનમ, ૩૧ બૉલ, નવ સિક્સર, એક ફોર)એ છગ્ગા પર છગ્ગા ફટકારીને પ્રેક્ષકોનું મનોરંજન કર્યું હતું, પરંતુ ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. મુંબઈની ટીમ પહેલેથી જ ૨૪૧ રનના લક્ષ્યાંક નીચે દબાઈ ગઈ હતી. રુધરફર્ડ સાથે સૅન્ટનર આઠ રને અણનમ રહ્યો હતો.

### રોહિત, વિરાટ, હાર્દિકને ઈજા

આ મૅચમાં રોહિત શર્મા ઈજાને લીધે છઠ્ઠી ઓવરમાં બૅટિંગ છોડીને પાછો જતો રહ્યો હતો. એ પહેલાં, બેંગ્લૂરુની ઇનિંગ્સમાં વિરાટ કોહલીને તેમ જ મુંબઈના કૅપ્ટન હાર્દિક પંડ્યાને પણ ઈજા થઈ હતી. રોહિત ૧૯ રનના પોતાના સ્કોર પર રિટાયર હર્ટ થયો હતો. તેણે ત્યારે ૧૩ બૉલની ટૂંકી ઇનિંગ્સમાં એક સિક્સર અને બે ફોર ફટકારી હતી. બેંગ્લૂરુને પ્રથમ વિકેટ સ્પિનર સુયશ શર્માએ અપાવી હતી. તેણે ધમાકા પર ધમાકા કરી રહેલા ઓપનર રાયન રિકલ્ટન (૩૭ રન, બાવીસ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)ને ભુવનેશ્વર કુમારના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. કુલ ૭૨મા રને એ વિકેટ પડ્યા બાદ સુયશે તિલક વર્મા (એક રન)ની વિકેટ અપાવી હતી. સૂર્યકુમાર યાદવ (૩૩ રન, બાવીસ બૉલ, પાંચ ફોર)ના હાથે પણ પ્રેક્ષકો સિક્સર જોવા આતુર હતા, પરંતુ તે ૧૩મી ઓવરમાં કૃણાલ પંડ્યાના બૉલમાં રસિખ સલામના હાથમાં કૅચઆઉટ થતાં પ્રેક્ષકોની આશા પૂરી નહોતી થઈ.

બે ઓવર બાદ કિવી પેસ બોલર જેકબ ડફી જેને હૅઝલવૂડના સ્થાને ઇલેવનમાં સમાવવામાં આવ્યો હતો તેણે હાર્દિક પંડ્યા (૪૦ રન, બાવીસ બૉલ, એક સિક્સર, છ ફોર)ને પૅવિલિયનમાં મોકલતાં મુંબઈના સઢમાં વધુ એક ગાબડું પડ્યું હતું.

### બુમરાહ ફરી વિકેટ વિનાનો

એ પહેલાં, મુંબઈ સામે બેંગ્લૂરુએ પ્રથમ બૅટિંગ મળ્યાનો લાભ લઈને ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૪૦ રન કરીને યજમાન ટીમને ૨૪૧ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો. ફિલ સૉલ્ટ (૭૮ રન, ૩૬ બૉલ, છ સિક્સર, છ ફોર) અને વિરાટ કોહલી (૫૦ રન, ૩૮ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) વચ્ચે ૧૨૦ રનની ઓપનિંગ ભાગીદારી થઈ હતી. સૉલ્ટની વિકેટ બાદ વિરાટે કૅપ્ટન પાટીદાર (૫૩ રન, ૨૦ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર) સાથે ૬૫ રનની પાર્ટનરશિપ કરી હતી. વિરાટે મુંબઈ સામે ૧,૦૦૦ રન પૂરા કર્યા હતા. બુમરાહ આ વખતની આઈપીએલમાં ચારેય મૅચમાં વિકેટ નથી લઈ શક્યો જે મુંબઈની ટીમ માટે મોટી ચિંતાનો વિષય છે. બેંગ્લૂરુનો ટિમ ડેવિડ (૩૪ અણનમ, ૧૬ બૉલ, ત્રણ સિક્સર)એ ૨૧૨ના સ્ટ્રાઇક રેટથી રન કર્યા હતા. તેની સાથે જિતેશ શર્મા (૧૦ રન) અણનમ રહ્યો હતો. ■

# ‘હાં મૈં તુમ્હારા હૂં...તુમ્હારા હી રહૂંગા...’: આશા ભોસલેએ આ સુપરહિટ ગીત કયા ક્રિકેટર સાથે ગાયું હતું યાદ છે?



મુંબઈ: મહાન ગાયિકા આશા ભોસલેએ કરોડો સંગીતપ્રેમીઓને દાયકાઓ સુધી પોતાના મધુર કંઠથી મંત્રમુગ્ધ કરીને ફાની દુનિયામાંથી વિદાય લીધી એને પગલે તેમને અંજલિ આપનારાઓમાં ઑસ્ટ્રેલિયાનો ભૂતપૂર્વ ફાસ્ટ બોલર બ્રેટ લી પણ છે અને કેટલાક લોકોને કદાચ નવાઈ લાગી હશે કે ક્રિકેટર અને એ પણ ઑસ્ટ્રેલિયાના ખેલાડીનું બૉલિવૂડ સાથે વળી કનેક્શન કેવી રીતે?

તો યાદ અપાવવાનું કે ૨૦૦૬ની સાલમાં (૨૦ વર્ષ પહેલાં) આશા ભોસલેએ બ્રેટ લી સાથે એક ગીત ગાયું હતું. બ્રેટ લીએ ‘યુ આર ધ વન ફૉર મી...’ સૉન્ગ લખ્યું હતું અને એ સૉન્ગમાં ‘હાં મૈં તુમ્હારા હૂં...તુમ્હારા હી રહૂંગા...’ એવી હિન્દી ભાષામાં ગીતની લાઇન હતી જે બ્રેટ લીના અવાજમાં હતી અને એ યુગલ ગીત મશહૂર થયું હતું.

આ ડ્યૂએટ ૨૦૦૬ની આઇસીસી ચૅમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટ વખતે બન્યું હતું. બ્રેટ લીનું ‘સિક્સ ઍન્ડ આઉટ’ નામનું બૅન્ડ છે અને એના દ્વારા આ સૉન્ગ બનાવાયું હતું.

આ ગીત પશ્ચિમ દેશના એક યુવાન પર આધારિત હતું. વીડિયો ક્લિપમાં એ ગીતમાં બ્રેટ લી જોવા મળે છે. તે એક ભારતીય યુવતીને પ્રભાવિત કરવાની કોશિશમાં હોય છે અને એ સૉન્ગમાં આશા ભોસલેએ બ્રેટ લીના સલાહકારની ભૂમિકા ભજવી હતી. યુવતીને કેવી રીતે ઇમ્પ્રેસ કરવી એની શીખ આશા ભોસલે હિન્દીમાં બ્રેટ લીને આપી રહ્યાં હોય એવું એ ગીતમાં બતાવાયું હતું. બ્રેટ લી પોતે બહુ સારો ગિટારિસ્ટ છે અને આ સૉન્ગમાં તેણે ગિટારની મદદથી અંગ્રેજી તથા હિન્દી ભાષાના શબ્દોવાળું ગીત ગાયું હતું.

સચિન તેન્ડુલકરના ક્રિકેટ પર્ફોર્મન્સથી આશા ભોસલે ખૂબ પ્રભાવિત થયા હતા. તેઓ સચિનને ‘ક્રિકેટના સૌથી મોટા કલાકાર’ તરીકે ઓળખાવતા હતા. ■

# રાજસ્થાન રૉયલ્સના મૅનેજરે આઇપીએલના પ્રૉટોકૉલનો ભંગ કર્યો

નવી દિલ્હીથી મળતા પીટીઆઇના અહેવાલ મુજબ રાજસ્થાન રૉયલ્સના ટીમ મૅનેજર રોમી ભિન્દરે રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ સામેની મૅચ દરમ્યાન ટીમના ડગઆઉટમાં મોબાઇલનો ઉપયોગ કરીને આઇપીએલના પ્રૉટોકૉલનો ભંગ કર્યો છે. ટીવી કૅમેરામેને તેમને આ રીતે નિયમનો ભંગ કરતા પકડ્યા હોવાનું જાણવા મળ્યું હતું. બીસીસીઆઇ આ કિસ્સામાં તપાસ કરશે. સૌથી પહેલાં સોશ્યલ મીડિયા ઇન્ફ્લૂન્સરે ઇન્સ્ટાગ્રામ પર આ બનાવના ફૂટેજ શૅર કર્યા હતા. ■

# ક્રિષ્નાના તરખાટ બાદ ગિલ-બટલરે ગુજરાતને બૅક-ટુ-બૅક વિજય અપાવ્યો

લખનઊ: અહીં રવિવારે યજમાન લખનઊ સુપર જાયન્ટ્સ (૨૦ ઓવરમાં ૮/૧૬૪) સામેની મૅચમાં આસાન જણાતી જીતને ગુજરાત ટાઇટન્સે (૧૮.૪ ઓવરમાં ૩/૧૬૫) થોડી મુશ્કેલ બનાવી દીધી હતી. જોકે કૅપ્ટન શુભમન ગિલ અને વિકેટકીપર જૉસ બટલરની જોડીએ ગુજરાતને બૅક-ટુ-બૅક વિજય અપાવ્યો હતો. ગુજરાતની ટીમ મહત્ત્વના બે પૉઇન્ટ મેળવીને ટૉપ-ઑર્ડરમાં (પાંચમા સ્થાને) આવી ગઈ હતી. જે વિજય બે-ચાર ઓવર બાકી રાખીને મેળવી શકાય એમ હતો એ ફક્ત આઠ બૉલ બાકી રાખીને મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે બન્ને ટીમ પાછલી પોતપોતાની મૅચ છેલ્લી ઓવરના થ્રિલરમાં જીતીને આ મૅચ રમી હતી.

ગુજરાતે જીતવા માટે ૧૬૫ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ સાધારણ શરૂઆત કરી હતી અને એક તબક્કે ટીમનો સ્કોર માત્ર એક વિકેટે ૧૨૯ રન હતો, પરંતુ બે ઓવરમાં બે વિકેટ પડી જતાં ગુજરાત માટે સ્થિતિ થોડી ગંભીર થઈ ગઈ હતી. જોકે ટીમના બે હાફ સેન્ચુરિયન કૅપ્ટન શુભમન ગિલ (૫૬ રન, ૪૦ બૉલ, એક સિક્સર, છ ફોર) અને જૉસ બટલર (૬૦ રન, ૩૭ બૉલ, અગિયાર ફોર)ની જોડીએ ઉપરાઉપરી બે ઓવરમાં વિકેટ ગુમાવતાં પહેલાં ૮૪ રનની જે ભાગીદારી કરી હતી એના જોરે જ છેવટે ગુજરાતની ટીમ જીતી શકી હતી. આ મૅચ અગાઉની દિલ્હી સામેની આઠમી એપ્રિલની મૅચમાં ગિલના ૭૦ રન અને બટલરના બાવન રન છેવટે મૅચ-વિનિંગ નીવડ્યા હતા.

ક્રિષ્નાએ ચાર મહત્ત્વની વિકેટ લીધી

લખનઊના બૅટ્સમેનોને પરેશાન કરી મૂકનાર ગુજરાતના પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના (૪-૦-૨૮-૪)ના તરખાટ બાદ બૅટિંગમાં ગિલ-બટલરે પણ જીતનો પાયો નાખી આપવામાં યોગદાન આપ્યું હતું. ક્રિષ્નાએ માર્કરમ (૩૦ રન), આયુષ બદોની (નવ રન), નિકોલસ પૂરન (૧૯ રન) અને મુકુલ ચૌધરી (૧૮ રન)ની વિકેટ લીધી હતી. તેમણે અનુક્રમે ૧૫મી અને ૧૬મી ઓવરમાં વિકેટ ગુમાવી ત્યાર પછી વૉશિંગ્ટન સુંદર (૨૧ અણનમ) અને રવિ તેવાટિયા (૧૦ અણનમ)ની જોડીએ ૩૦ રનની ભાગીદારીથી ટીમની નૌકા પાર પાડી હતી. લખનઊના મોહમ્મદ શમી, દિગ્વેશ રાઠી અને પ્રિન્સ યાદવે ગુજરાતની એક-એક વિકેટ મેળવી હતી.



### લખનઊની બૅટિંગ સદંતર ફ્લૉપ

એ પહેલાં, ગુજરાતે બૅટિંગ આપ્યા બાદ લખનઊએ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૬૪ રન કર્યા જેમાંથી ચાર વિકેટ પ્રસિદ્ધ ક્રિષ્નાએ લીધી હતી. ભારતીય ટીમમાં કમબૅક કરવાના હેતુથી આ વખતની આઇપીએલમાં તનતોડ મહેનત કરી રહેલા ક્રિષ્નાએ કુલ ૧૦ વિકેટ લીધી છે અને આ ઇનિંગ્સને અંતે તમામ બોલર્સમાં મોખરે હતો. માર્કરમ ૩૦ રને વિકેટ ગુમાવી બેઠો ત્યાર બાદ લખનઊના સાત બૅટ્સમેનના ડબલ ડિજિટમાં રન હતા, પણ એકેય પ્લેયર ૨૦ રન પણ નહોતો કરી શક્યો. પાછલી મૅચનો સુપરસ્ટાર અને મૅચ-ફિનિશર મુકુલ ચૌધરી (૧૮ રન, ૧૪ બૉલ, એક સિક્સર, એક ફોર) ક્રિષ્નાનો શિકાર થયો હતો. ક્રિષ્નાએ તેને વિકેટકીપર બટલરના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. ફાસ્ટ બોલર અશોક શર્માએ બે તેમ જ સિરાજ-રબાડાએ એક-એક વિકેટ લીધી હતી. ■

# ‘ઢલ ગયા દિન...હો ગઈ શામ...’ ૧૯૭૦માં આશા-રફીના બૅડમિન્ટન આધારિત આ ગીતે ધૂમ મચાવી હતી



મુંબઈ: બૉલિવૂડમાં રમત પર આધારિત બહુ ઓછાં ગીત બન્યાં છે અને એમાંનું એક ગીત છે, ‘હમજોલી’નું સૉન્ગ. આશા ભોસલેએ ૧૯૭૦ના દાયકામાં મોહમ્મદ રફી સાથે ગાયેલાં ‘હમજોલી’ ફિલ્મના ગીતે ધૂમ મચાવી દીધી હતી અને હજી આજે પણ અસંખ્ય સંગીતપ્રેમીને એ સૉન્ગની શરૂઆતની લાઇનો કંઠસ્થ હશે જ.

સંગીતપ્રેમીઓના હૈયા ડોલાવતું ‘ઢલ ગયા દિન...હો ગઈ રાત...જાને દો...જાના હૈ...’ ગીત જિતેન્દ્ર અને લીના ચંદાવરકર પર આધારિત હતું. ગીતકાર આનંદ બક્ષી દ્વારા લિખિત એ ગીતમાં લક્ષ્મીકાંત પ્યારેલાલનું મધુર સંગીત હતું.

‘હમજોલી’ ફિલ્મમાં કુલ છ ગીત હતાં, પરંતુ બૅડમિન્ટન પર આધારિત આ સૉન્ગ સૌથી લોકપ્રિય બન્યું હતું. જિતેન્દ્ર એ ગીતમાં સફેદ ડ્રેસમાં સજ્જ હતો અને લીના ચંદાવરકર ગુલાબી ડ્રેસમાં હતી.

આ ગીત લોકપ્રિય થયું એની સાથે ભારતમાં અસંખ્ય લોકોએ બૅડમિન્ટન રમવાનું શરૂ કરી દીધું હતું.

એ ફિલ્મ ૧૯૭૦માં રિલીઝ થઈ હતી. જિતેન્દ્ર ત્યારે ૧૨ વર્ષથી ફિલ્મોમાં અભિનય કરતો હતો, પણ લીના ચંદાવરકર ત્યારે બે વર્ષથી જ બૉલિવૂડમાં પ્રવેશી હતી.

‘હમજોલી’ના આ પ્રસિદ્ધ ગીતે તેને જોત જોતામાં લોકપ્રિય બનાવી દીધી હતી.

સ્ટાઇલભાઈ જીતુભાઈનો ફૅનબેઝ ત્યારે ખૂબ વધી ગયો હતો. ■

# વૈભવ સૂર્યવંશીનો હવે આજે હૈદરાબાદને ડોઝ?

હૈદરાબાદ: રાજસ્થાન આઠ પૉઇન્ટ સાથે મોખરે છે અને આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) એનો હૈદરાબાદ સામે જે મુકાબલો થશે એ જીતીને રિયાન પરાગની આ ટીમ મોખરે સ્થાન વધુ મજબૂત કરી શકશે અને એ માટે તેને ફરી એક વખત ૧૫ વર્ષના ટીનેજ સ્ટાર વૈભવ સૂર્યવંશીના ધમાકેદાર ઓપનિંગની જરૂર પડશે. વૈભવે પહેલી ચાર મૅચમાં ચેન્નઈ સામે બાવન રન, ગુજરાત સામે ૩૧ રન, મુંબઈ સામે ૩૯ રન અને બેંગ્લૂરુ સામે ૭૮ રન કર્યા ત્યાર બાદ હવે હૈદરાબાદને પોતાની ક્ષમતા બતાવવાનો દિવસ આવી ગયો છે. જોકે યશસ્વી અને ધ્રુવ જુરેલ તેમ જ બીજા બૅટ્સમેનો તેમ જ બોલર્સ પણ રાજસ્થાનને અપરાજિત રાખવા માટે સક્ષમ છે. હૈદરાબાદનો અભિષેક અને ટ્રૅવિસ હેડ, અન્ય બૅટ્સમેનો ઘરઆંગણે રાજસ્થાનને આ વખતની પ્રથમ હાર દેખાડવા કસર બાકી નહીં રાખે. ■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ઠંડક | પ્રશંસા |
| ઠગારુ | અગન |
| ઠપકો | વિશ્વાસપાત્ર |
| ઠરેલ | સાદગી |
| ઠસ્સો | ડંફાસિયો |

### માતૃભાષાની મહેક

દક્ષિણ ભારતના અમુક વિસ્તારમાં અટકનો રિવાજ નથી. દાખલા તરીકે ટેકનોલોજીની વિરાટ કંપની ઇન્ફોસિસના સ્થાપકનું સંપૂર્ણ નામ નાગવાર રામારાવ નારાયણ મૂર્તિ (એન. આર. નારાયણ મૂર્તિ) છે, પણ એમાં મૂર્તિ એમની અટક નથી. એ જ રીતે ભારતના મહાન સ્પિન બોલર ઈ. એ. એસ. પ્રસન્ના - એરાપલ્લી અનંતરાવ શ્રીનિવાસ પ્રસન્ના નામમાં પ્રસન્ના અટક નથી.

### ગુજરાત મોરી મોરી રે

વાસ્તુશિલ્પની દૃષ્ટિએ સુંદર અને કલાત્મક એવું અણસ્તુ સ્થિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય કયા જિલ્લામાં છે એ જણાવો.

અ) કચ્છ　　બ) મહેસાણા
ક) આણંદ　　ડ) વડોદરા

### ઈર્શાદ

જપ તપ તીરથ જોગ ન ધરતાં,
સળંગ સેરડો પાયો,
ખટ દરશનમાં ખોજ કરીને, ફરી
ફરી ઘેર જ આયો.
--- ભાણ સાહેબ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | ૫ | | ■ | ૬ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | ■ | ૧૦ | ■ | |
| ■ | | ■ | ૧૧ | ■ | ■ | ૧૨ | | | ■ |
| ૧૩ | ■ | ૧૪ | | ૧૫ | | ■ | | ■ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ■ | ૧૯ | | ■ | ■ | ૨૦ | ૨૧ | |
| ૨૨ | | ૨૩ | ■ | ■ | ૨૪ | ૨૫ | ■ | ૨૬ | |
| | ■ | | ■ | ૨૭ | | | | ■ | |
| ■ | ૨૮ | | | ■ | ■ | | ■ | ૨૯ | ■ |
| ૩૦ | ■ | | ■ | ૩૧ | ૩૨ | ■ | ૩૩ | | ૩૪ |
| ૩૫ | | ■ | ૩૬ | | | | ■ | ૩૭ | |

### આડી ચાવી

૧ રાજનીતિનો એક પ્રકાર (૨)
3 મરેલા હાથીની કિંમત (૪)
૬ વીરનું ભૂષણ (૨)
૮ બાગ (3)
૯ જમાનો (૨)
૧૨ સમાચાર, ભાળ (3)
૧૪ લાંછન, નામોશી (૪)
૧૭ લગામ (૨)
૧૯ નાનો કણ (૨)
૨૦ સજીવ, જીવતું (3)
૨૨ મૂળ ગામ કે દેશ (3)
૨૪ ખેતીની નીપજ (૨)
૨૬ મૃતદેહ (૨)
૨૭ નવું ઉદય થયેલું (૪)
૨૮ સોબત (3)
3૧ પ્યાલો (૨)
33 ઇચ્છા, ખુશી (3)
3૫ કાંઠો, કિનારો (૨)
3૬ સ્વાર્થી (૪)
3૭ અભિપ્રાય (૨)

### ઊભી ચાવી

૧ ---- ને આંચ નહીં (૨)
૨ દુરાગ્રહ, જીદ (3)
૪ પંચમહાભૂતમાંનો એક પદાર્થ (૨)
૫ ---- જોઇને સોગઠી મારવી (૨)
૭ મા (૨)
૧૦ નાખુશી, ખોફ (૪)
૧૧ લાડુ (3)
૧3 બળવાન (૪)
૧૫ ધન, દોલત (૨)
૧૬ તાલેવાન, શ્રીમંત (૪)
૧૮ ૧૦૦ (૨)
૨૧ કુળ, ઓલાદ (૨)
૨3 નવું, આવેલું (૪)
૨૪ એક જાતની વાંસળી (૨)
૨૫ ક્યારેક (3)
૨૯ લજ્જા (3)
3૦ દીપશિખા (૨)
3૧ ---- વિના ભાત નહીં (૨)
3૨ કુસ્તીબાજ, પહેલવાન (૨)
3૪ વિજય (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ૨ પ્ર | ■ | ૩ શૌ | હ | ૪ ર | ■ | ૫ આ | યુ | ૬ ધ |
| ૭ સા | હ | ચ | ર્ય | ■ | હે | ■ | ળ | ■ | નિ |
| ૮ મો | ર | ■ | ■ | ૯ ન | ઠા | રું | ■ | ૧૦ શ | ક |
| ■ | ■ | ૧૧ સ | દ | ગુ | ણ | ■ | ■ | ણ | ■ |
| ૧૨ ઉ | ૧૩ પ | મા | ■ | શું | ■ | ૧૪ અ | ૧૫ લ | ગા | ૧૫અ રી |
| ૧૬ ર | ક | જ | ક | ■ | ૧૭ વિ | ■ | ૧૮ ગ | ર | મ |
| ■ | વા | ■ | ■ | ૧૯ પ | રા | ધી | ન | ■ | ■ |
| ૨૦ સા | ન | ■ | ૨૧ શ | ર | ટ | ■ | ■ | ૨૨ બ | ૨૩ સ |
| લ | ■ | ૨૪ મા | ■ | ગ | ■ | ૨૫ ઈ | ર્ષા | ખો | ર |
| ૨૬ સ | મા | ન | ■ | ૨૭ જુ | ગુ | પ્સા | ■ | ૨૮ લ | ત |

### ઓળખાણ પડી?



ભારતની બીજા નંબરની લાંબી અને દક્ષિણની ગંગા તરીકે પણ ઓળખાતી ગોદાવરી નદી કેટલા રાજ્યોમાંથી વહીને નીકળે છે?

અ) બે　　બ) ચાર　　ક) પાંચ　　ડ) સાત

### ચતુર આપો જવાબ　માથું ખંજવાળો

‘લોકો બાહ્ય રણકારમાં ખૂબ રત રહે છે’ પંક્તિમાં રતનો અર્થ શું થાય એ જણાવો.

અ) ગુસ્સો　　બ) મગ્ન　　ક) ખુશ　　ડ) સંતાપ

### માઈન્ડ ગેમ

દુનિયાના દેશોમાં વિવિધ ચલણથી વ્યવહાર થાય છે. ક્રોન નામનું ચલણ કયા દેશમાં અસ્તિત્વમાં છે એ જાણો છો?

અ) પોર્ટુગલ　　બ) સોમાલિયા　　ક) કોરિયા　　ડ) નોર્વે

### સુડોકુ-૯૨૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | | ૪ | ૬ | | |
| ૬ | ૩ | | ૧ | | | | | |
| ૨ | | | ૬ | ૮ | | ૩ | ૯ | |
| ૪ | | | | | ૯ | | ૮ | |
| | | | ૩ | | ૧ | | | |
| | ૨ | | ૮ | | | | | ૪ |
| | ૪ | ૭ | | ૬ | ૩ | | | ૯ |
| | | | | | ૭ | | ૩ | ૬ |
| | ૩ | ૪ | | | | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨ | ૮ | ૬ | ૪ | ૭ | ૯ | ૧ | ૫ |
| ૭ | ૪ | ૬ | ૫ | ૧ | ૯ | ૮ | ૨ | ૩ |
| ૫ | ૯ | ૧ | ૨ | ૩ | ૮ | ૭ | ૪ | ૬ |
| ૨ | ૭ | ૩ | ૯ | ૬ | ૫ | ૪ | ૮ | ૧ |
| ૯ | ૧ | ૫ | ૭ | ૮ | ૪ | ૩ | ૬ | ૨ |
| ૮ | ૬ | ૪ | ૧ | ૨ | ૩ | ૫ | ૭ | ૯ |
| ૪ | ૫ | ૨ | ૩ | ૭ | ૬ | ૧ | ૯ | ૮ |
| ૧ | ૮ | ૯ | ૪ | ૫ | ૨ | ૬ | ૩ | ૭ |
| ૬ | ૩ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૫ | ૪ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| ટીકાપાત્ર | પ્રશસ્ય |
| ટૂંકું | દીર્ઘ |
| ટૂંકાણ | વિસ્તરણ |
| ટાઢું | ઉષ્મ |
| ટળ | નિત્ય |

**ગુજરાત મોરી મોરી રે:** ડાકોર

**ઓળખાણ પડી?** ઓડિશા


**માઈન્ડ ગેમ :** દક્ષિણ આફ્રિકા

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** સંતાપ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) સુભાષ મોમાયા (૪) ડૉ. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) ભરત કજરિયા (૮) વિપીન શાહ (૯) નીતા દેસાઈ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) લજિતા ખોના (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) ખુશરૂ કાપડિયા (૧૫) શ્રદ્ધા આશર (૧૬) મીનળ કાપડિયા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેશ સંઘવી (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) નિખિલ બંગાળી (૨૨) અમીશી બંગાળી (૨૩) ભાવના કર્વે (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) પ્રવીણ વોરા (૨૮) કમલ માતલિયા (૨૯) વિણા સંપટ (૩૦) હર્ષા મહેતા (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) અંજુ ટોલિયા (૩૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૫) અલકા વાણી (૩૬) ડાયના સંતોકે (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) હિના દલાલ (૪૦) ઈનાક્ષી દલાલ (૪૧) રમેશ દલાલ (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) નિતીન જયંતિલાલ બજરિયા (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ધીરેન્દ્ર ઉદ્દેશી (૪૬) મહેશ દોશી

# ધર્મતેજ



## પૂર્ણતા એ જ અંતિમ લક્ષ્ય

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com

સફેદમાંથી હંમેશાં સફેદનું સર્જન થાય અને મીઠાશમાંથી મીઠાશ જન્મે. સફેદમાંથી સફેદ સિવાયનો અન્ય રંગ ઉદ્ભવે ત્યારે માની લેવું કે સફેદ ઉપરાંતનો રંગ પણ સર્જનમાં સામેલ છે. જે મૂળ તત્ત્વ છે તેને અનુસારનું સર્જનનું બંધારણ હોય. આ તર્ક પ્રમાણે સમગ્ર સૃષ્ટિનું સર્જન પૂર્ણ બ્રહ્મમાંથી થયું હોવાથી સંપૂર્ણ સૃષ્ટિ પૂર્ણ હોવી જ જોઈએ, પણ આમ જણાતું નથી. સૃષ્ટિની પૂર્ણતા જાણમાં ન આવવી એ અંતઃકરણની મલીનતાની સાબિતી છે. સૃષ્ટિમાં જે અપૂર્ણતા ભાસમાન થાય છે તે ભ્રમણા છે. આ ભ્રમણા પાછળ એક દ્રઢ આવરણ કારણભૂત છે. વાસ્તવમાં આ કારણ એવું દ્રઢ છે પણ નહીં પરંતુ તે પ્રમાણેનાં વારંવારના ચિંતનથી તે દ્રઢ હોય તેમ જણાય છે. દીવો તો પ્રકાશિત જ છે, તેમાંથી નીકળતો પ્રકાશ નિર્મળ, નિષ્કલંક, શુદ્ધ, પવિત્ર, નિષ્પક્ષ, સર્વગામી, તટસ્થ, સાત્ત્વિક તેમજ સત્યના પ્રતીક સમાન છે. તેનાં પર એક ઢાંકણ મૂકી દેવામાં આવે તો પ્રકાશનો પ્રસાર બંધ થઈ જાય, પરંતુ પ્રકાશ તો ત્યાં જ રહે. પૂર્ણતા માટે પણ આમ કહી શકાય. આ આવરણ વિશે વિસ્તારપૂર્વક સનાતની શાસ્ત્રોમાં જણાવાયું છે. લક્ષ્ય પૂર્ણતા પ્રાપ્ત કરવાનું છે અર્થાત્ આ આવરણને દૂર કરવાનું છે. આવરણ દૂર થતાં આપમેળે પૂર્ણતા પ્રકાશિત સ્વરૂપે પ્રતિત થશે.

પૂર્ણતાની અનુભૂતિ માટે પ્રજ્ઞા આવશ્યક છે. પ્રજ્ઞા એટલે એવી ઉચ્ચસ્તરીય બુદ્ધિ જે પરમ વાસ્તવિકતા સમજવા સમર્થ હોય. પ્રજ્ઞા અર્થાત્ મેધા દ્વારા આત્મા વિશે, શાસ્ત્રીય પદ્ધતિથી ચિંતન થઈ શકે. સૌપ્રથમ તો આ દિશાનો પ્રયત્ન જરૂરી છે. આગળ જતાં શાસ્ત્ર અને સદગુરુના માર્ગદર્શન હેઠળ પરિસ્થિતિ ક્રમશઃ સ્પષ્ટ અને સુગમ થતી જાય. આધ્યાત્મિક પરંપરા પર વિશ્વાસ જાળવી રાખવાથી અને 'શબદ' પર શ્રદ્ધા રાખવાથી પ્રવાસ સરળ અને સફળ થતો જાય. વચગાળામાં ક્યાંક અડચણ અને મુશ્કેલી પણ આવે, પરંતુ આત્મવિશ્વાસથી તેને પાર કરી શકાય. અંતે મનનાં બધાં જ તરંગ સ્વરૂપ ભ્રમ દૂર થતાં જ પૂર્ણ પ્રકાશ અનુભવમાં આવે. એકવાર દરેક પ્રકારની ભ્રમણા દૂર થતાં અંતિમ લક્ષ્ય સિદ્ધ થાય.

વિશ્વાસ જરૂરી છે. ધીરજ જરૂરી છે. નિષ્ઠાપૂર્વકનો પુરુષાર્થ સતત ચાલુ રહેવો જોઈએ. સદગુરુ અને શાસ્ત્ર દ્વારા જણાવાયેલી દરેક બાબતનું શ્રદ્ધાથી અનુસરણ થવું જોઈએ. અંતિમ ધ્યેય માટે એકાગ્રતા અને નિશ્ચલિતતાથી પ્રયત્નશીલ રહેવું જોઈએ. પવિત્રતા અને શુદ્ધિ જળવાઈ રહેલી જોઈએ. કોઈપણ પ્રકારનાં દ્વન્દ્વ, રાગ-દ્વેષ, મોહ-માયા, લોભ-કપટ, સ્વાર્થ-અહંકારથી દૂરી રહેવી જોઈએ. આ પ્રકારનાં ભાવ સ્વયં પૂર્ણતા પર આવરણ સમાન હોય છે. જો આ પ્રકારનાં નકારાત્મક ભાવ સ્થાપિત હોય તો આવરણ કોઈપણ સંજોગોમાં દૂર ન થઈ શકે.

પોતાના સાચાં સ્વરૂપનું જાણ થવાથી જગત અને સૃષ્ટિ સાથેનાં સંબંધનું તત્કાલ વિચ્છેદન નથી થઈ જતું. પૂર્ણતાની અનુભૂતિ થતાં પ્રકૃતિની વ્યવસ્થા માટે તાત્કાલિક વિરોધ સ્થાપિત નથી થતો. પ્રકાશની અનુભૂતિ થતાં તત્ક્ષણ અંધકાર માટે અણગમો નથી થતો. ચૈતન્યનું શાશ્વત અને અખંડ અસ્તિત્વ ધ્યાનમાં આવતા નશ્વર પ્રત્યે અણગમો નથી થતો. એમ પણ કહી શકાય કે જેમ સંપૂર્ણ સત્ય જાણમાં આવતાં અસત્યની ધારણાં જ ન રહે તેમ આધ્યાત્મિક પૂર્ણતા સ્થાપિત થતાં કોઈ વિપરીત કે વિરોધીનું અસ્તિત્વ જ ન રહે. જેમ ચારે બાજુ પ્રકાશ જ ફેલાયેલો હોય ત્યારે અંધકારની ધારણાં જ અસાંદર્ભિક બાબત બની રહે તેમ સમગ્ર સૃષ્ટિ પણ પછી 'પૂર્ણ' જ પ્રતીત થાય.

સનાતની સંસ્કૃતિમાં આત્મબોધ, આત્મજ્ઞાન, આત્માનુભૂતિ, આત્મપ્રતીતિનું વિશેષ મહત્ત્વ છે. અદ્વૈત સિદ્ધાંતમાં આત્માને જ અંતિમ સત્ય જણાવાય છે. દ્વૈત સિદ્ધાંતમાં આત્માને પરમાત્માના અંશ ગણવામાં આવે છે. અંતે તો બધું આત્માની 'વાસ્તવિક ધારણા' પર આવીને જ અટકે છે. સનાતની સંસ્કૃતિની આ વિચારધારા માનવ સમાજ માટે એક અદ્ભુત ઉપહાર સમાન છે.

આ આત્મા એટલે જ પૂર્ણતા. આત્મબોધ એટલે આત્માને લક્ષ્યમાં રાખીને કરાયેલું સૂચન. આત્મજ્ઞાન એટલે આત્મલક્ષી જ્ઞાન. આત્માનુભૂતિ એટલે આત્માની અનુભૂતિ. આત્મપ્રતીતિ એટલે પોતાનાં આત્માની, પોતાનાં અસ્તિત્વની વાસ્તવિક પ્રતીતિ. આ અંતિમ લક્ષ્ય.

આધ્યાત્મનો પ્રવાસ કોઈપણ સ્તર પર અટકી શકે. સાધના કરનાર વ્યક્તિને ક્યારેક વિવિધ પ્રકારનાં રંગ ચારે તરફ નજરે ચડે, પ્રાથમિક સ્તરનો પ્રકાશ અનુભવમાં આવે, હવામાં તરતાં હોવાની પ્રતીતિ થાય, અતિ મધુર સંગીત સંભળાય, ક્યારેક ઇચ્છિત અનાયાસે પ્રાપ્ત થઈ જાય, સ્વયંના અસ્તિત્વમાં એક પ્રકારનું તેજ અનુભવાય કે આવી કોઈ અન્ય દિવ્ય અનુભૂતિ થાય. તે સમયે જો પ્રવાસ અટકી જાય તો પછી તે અટકી જ જાય. આધ્યાત્મના પ્રવાસમાં અટકાવ ન આવે તે જરૂરી છે. પ્રવાસ પૂર્ણતાની પ્રાપ્તિ સુધી ચાલુ રહેવો જોઈએ. અંતિમ લક્ષ્ય પૂર્ણતાનું જ હોવું જોઈએ.

આવરણને દૂર કરી પૂર્ણતાની જેને પ્રતીતિ થઈ હોય તે વ્યક્તિ અન્યને પણ તે માટે પ્રોત્સાહિત કરી શકે. જે વ્યક્તિએ મેઘધનુષ જોયું હોય તે અન્યને મેઘધનુષ જોવા માટેનું સૂચન કરી શકે. જે વ્યક્તિએ પૂર્ણ સમર્પિત ભક્તિ કરી હોય તે ભક્તિનો મહિમા અન્ય સામે ગાઈ શકે. જેણે મધની મીઠાશ ચાખી હોય તે જ અન્યને તેનાં સ્વાદ માટે પ્રેરિત કરી શકે. સત્ય તથા ધર્મને આધારે જીવન વ્યતીત કરનાર વ્યક્તિ જ સાત્ત્વિક જીવનનું મહત્ત્વ સમજાવી શકે.

સાધનામાં અમુક સ્થિતિ પર પહોંચ્યા પછી જ અન્યને સાધના વિશે માર્ગદર્શન આપી શકાય. જેણે આત્માની અનુભૂતિ કરી હોય, વાસ્તવમાં તે જ આત્માની અનુભૂતિ વિશેનું જ્ઞાન આપી શકે. અસ્તિત્વની પૂર્ણતા સંપૂર્ણતામાં જેણે જાણી હોય તે જ 'પૂર્ણ'ને યથાર્થ સ્વરૂપે સમજી શકે, અને સમજાવી શકે. સમાજના આધ્યાત્મિક વિકાસ માટે પણ આત્મિક-પૂર્ણતાની અનુભૂતિ જરૂરી છે. ■

## આ વિશ્વને વધુ અદ્ભુત બનાવવું હોય તો વિઘટનને બદલે સંગમ, સંવાદ કરીએ...



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com


પરમાત્માની અસીમ કૃપાથી, આ નિમ્બાર્ક ધામમાં ત્રિવેણીના તટ પર તીર્થરાજના આંગણામાં રામકથાનો મંગલ આરંભ થઈ રહ્યો છે ત્યારે સૌથી પહેલા હું ભગવાન નિમ્બાર્ક પ્રભુને મારી સમગ્ર ચેતનાથી પ્રણામ કરું છું. પ્રયાગરાજની આ ભૂમિમાં આ વખતે 'માનસ સંગમ' વિષય પર કથામાં બોલવાનો મનોરથ કરી રહ્યો છું.

આપણે હનુમાન ચાલીસામાં બોલીએ છીએ કે,

'તુમ ઉપકાર સુગરીવહી કીન્હા,
રામ મિલાય રાજપદ દીન્હા'

મિલાય એટલે સંગમ, જોડવું, મેળવી દેવું, એકબીજામાં આત્મિક ભાવે ઓતપ્રોત કરી દેવું, પરંતુ થોડી પાશ્ચાત્ય અસરથી અને કેટલાક ખરાબ ચલચિત્રોને કારણે કે જે ભારતીય મનીષાની વિરુદ્ધ છે એવા ચલચિત્રોને કારણે સંગમનો અર્થ ખોટો થઈ ગયો. બાકી 'સંગમ' શબ્દ તો 'માનસ'નો છે, વેદોનો છે. સંગમમાં તો સમન્વય કરવાની વાત છે. બે દેહના મિલનની વાત અહીં નથી. બે દિલ મળે, બે આત્મા મળે, બે મન મળે, બે ચિત્ત મળે. સંગમ બહુ પવિત્ર શબ્દ છે. આપણા શરીરમાં પંચતત્ત્વ છે. આપણા શરીરમાં જ્યારે પંચતત્ત્વોમાં સંગમ નથી થતો ત્યારે માણસ બીમાર થઈ જાય છે. 'રામચરિતમાનસ' સ્વયં સંવાદનું શાસ્ત્ર છે. સંગમની વિચારધારા બહુ પ્રિય લાગે છે, સુંદર લાગે છે, શ્રેષ્ઠ લાગે છે. સંગમી વિચાર બહુ સુંદર જ હોય છે, પ્યારા હોય છે એટલે મુનિઓના મનને મોહી લે છે.

આજે સમગ્ર વિશ્વમાં સંગમની જરૂર છે. તથાકથિત ધર્મના નામે કેટલું વિઘટન થયું છે ! ધર્મોની પવિત્રતાની વાત જુદી છે, પરંતુ તથાકથિત સંપ્રદાયો, તથાકથિત માન્યતાઓ અને તથાકથિત વિચારધારાઓને કારણે કેટલું બધું વિઘટન થઈ ગયું છે ! ક્યારેક વર્ણના નામે, ક્યારેક જાતિના નામે, ક્યારેક વર્ગોના નામે, ક્યારેક કટર આગ્રહોના નામે દુનિયા તૂટતી જાય છે એ સમયે આપણી પાસે હિન્દુસ્તાનની આ ભૂમિ નથી, પરંતુ સમન્વયની એક ભૂમિકા



છે કે જ્યાં ત્રણ નદીઓનો સંગમ છે. અને એ નદીઓ પણ પ્રવાહમાન છે. અહીં જડતા નથી, પ્રવાહમાન એકતા છે. હું આચાર્ય ચરણના સ્મરણમાં આ નવ દિવસ કથાનું ગાન કરવા માટે આવ્યો છું. આવો, આપણે સંગમ કરીએ. જીવ - શિવનો સંગમ થાય. દરેક જગ્યાએ સિદ્ધાંતોની બાબતમાં કઈં ને કઈં વિઘટન આવી ગયું છે. એવા સમયમાં સંગમની બહુ જ જરૂરત છે.

ક્યારેક દ્વૈત., ક્યારેક અદ્વૈત. એ બધા પોતપોતાને સ્થાને ઉત્તમ છે. એમાં આપણા પરમ પૂજ્ય પૂર્વચાર્યઓનો મહિમા છુપાયેલો છે, પરંતુ આપણે મિલન નથી કરી શકતા. આપણે તૂટતા જઈએ છીએ. આપણે આપણા આગ્રહો અને જીદ પર અડગ છીએ! એવા સમયમાં સંગમની ખૂબ આવશ્યકતા છે. એટલા માટે મેં વિચાર્યું કે માનસ સંગમ પર થોડી વાતો કરીએ. રામચરિતમાનસના સોપાનમાં પ્રગટ- અપ્રગટ સંગમ છે.

સાતેય સોપાનમાં ક્યાંક વિચારોનો સંગમ છે, ક્યાંક સિદ્ધાંતોનો સંગમ છે, ક્યાંક મતોનો સંગમ છે ક્યાંક વ્યક્તિ-વ્યક્તિનો સંગમ છે. અહીં માત્ર નદીઓનો જ સંગમ નથી. નદીઓનો સંગમ તો જો કે પ્રવાહ છે, છતાં પણ એ ભૌતિક અથવા તો સ્થૂળ મનાશે, પરંતુ આપણી આ ભૂમિમાં ઈશ્વરે કેટલો વૈચારિક સંગમ આપ્યો છે ! આ ભૂમિ સંગમની છે. સામાજિક ક્ષેત્ર, રાજકીય ક્ષેત્ર, આર્થિક ક્ષેત્ર, ધાર્મિક ક્ષેત્ર,આધ્યાત્મિક ક્ષેત્ર, પારિવારિક ક્ષેત્ર; જેટલા ક્ષેત્રોનો વર્ગ કરો સૌનું આ તીર્થરાજ મિલન કરાવે છે. અને આ રીતે સંગમિત થવાની બહુ જ જરૂર છે. શસ્ત્ર તોડી નાખે છે, શાસ્ત્ર ક્યારેક અને ક્યારેક જોડ્યા વિના રહી નથી શકતા, શસ્ત્રનું કામ છે તોડવાનું કે કાપવાનું. શસ્ત્ર નિરંતર કાપે છે અને શાસ્ત્ર સદૈવ જોડે છે આ શાસ્ત્રની અને સંગમની ભૂમિ છે.

બિલકુલ સ્થૂળ ભૂમિકા એથી મારે શરૂ કરવું છે; એકદમ સ્થૂળ સંબંધના સંગમ. નર અને નારી, ત્યાંથી શરૂ કરી રહ્યો છું. ચાલો, પતિ- પત્ની, પરણેલા સ્ત્રી પુરુષ. માત્ર શરીરથી એકબીજાનું મિલન થઈ જાય એ પર્યાપ્ત નથી. મારી વ્યાસપીઠ ને આપની સાથે સંવાદ કરવો છે કે પતિ અને પત્ની બંનેના મનનો સંગમ થાય એ જરૂરી છે. શરીરથી તો બધા સાથે સાથે ચાલે છે. શરીરનો સંગમ ભોગ સુધી લઈ જઈ શકે છે, પરંતુ એકબીજાના મનનો સંગમ માણસને યોગ સુધી લઈ જાય છે. તન તો નશ્વર છે; મન તો ખબર નહીં, કેટલા જન્મોથી આપણી સાથે છે ! જેવી રીતે વાયુ સુગંધ લઈને ચાલે છે, એમ જનમ જનમનું આપણું મન આપણું સંગીત બનીને ચાલતું રહે છે. શાશ્વતનો સંઘ યોગ તરફ લઈ જશે; નાશવંતનો સંઘ સંભવ છે કે ભોગ તરફ લઈ જાય. બીજો સંગમ થાય માતા--પિતા અને સંતાન વચ્ચે. માતા--પિતા અને સંતાનના મનનો મેળ હોય. માતા--પિતા કંઈક જુદું વિચારે છે, સંતાનો કંઈક જુદું વિચારે છે અને એટલે એકબીજા વચ્ચે અંતર વધતું જાય. કંઈક સંવાદ કરી શકે તો એ સત્સંગ કરી શકે છે, પ્રયોગ કરી શકે છે; સંગમની આ ભૂમિ કરી શકે છે. તો સંતાન અને માતા-પિતા વચ્ચે સંગમ થવો જોઈએ. બંને વચ્ચે ખૂબ જ મોટી ખાય ઊભી થઈ ગઈ છે. સંતાનોને એવું લાગે છે કે અમારા માતા- પિતા અમારી મોટી સમસ્યા બની ગયા છે ! જો સંતાનો માતા--પિતાને સમસ્યા ન માનતા હોત તો આપણા દેશમાં વૃદ્ધાશ્રમો ન હોત.

મારાં યુવાન ભાઈઓ- બહેનો, એક વાત કહું કે કોઈપણ સમસ્યાને જ્યારે આપણે અકારણ મોટી બનાવી દઈએ છીએ ત્યારે આપણે બહુ નાના થઈ જઈએ છીએ. નાના થવાથી બચવું હોય તો સમસ્યાઓને એટલું બધું મહત્ત્વ ન આપો;. કોઈપણ વસ્તુને એવું મહત્ત્વ ન આપો. ઈજ્જત શાસ્ત્રને આપો, સાધુ- સંતોને આપો. ઇજ્જત શાલીનતાને આપો, મૂલ્યોને આપો. સમસ્યાઓને મહત્ત્વ આપીએ છીએ ત્યારે આપણે બહુ નાના થઈ જઈએ છીએ. હું યુવાનોને એટલું જ કહીશ કે માતા-પિતાનો સ્વભાવ જૂનો છે; એ નહીં સમજે; એમની જૂની આદતો નહીં જાય. તમે સમજી જાઓ બેટા, તમે હજી તાજાં ફૂલો છો. તમે સુધરી જાઓ. સંતાન અને માતા- પિતા વચ્ચે એક સંગમ થશે તો બહુ મોટી ઘટના ઘટી શકશે. ત્રીજું છે રાજા અને પ્રજા વચ્ચેનું મિલન. રાજા અને પ્રજાના મનનો સંગમ રચાય. જા અને પ્રજાની વાત છોડી દો; તમારા પરિવારમાં જે સેવકગણ હોય એને પણ તમે ગમવા જોઈએ એની વચ્ચે પણ સંગમ રચાવવો જોઈએ. (સંકલન : જયદેવ માંકડ)■

## દેવતાઓના શાપ કદીય મિથ્યા થતા નથી, હું સૂર્યદેવને અવશ્ય દંડીશ

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombaysamachar.com

એક સમયે શિવભક્ત રાજા વૃષધ્વજ નૈમીશારણ્ય પર રાજ કરતા હતા. વૃષધ્વજ રાજા અતિ જ્ઞાની અને પરાક્રમી હતા. તે ઈન્દ્રના પરમમિત્ર હતા. અવારનવાર અસુરો દેવલોક પર આક્રમણ કરતાં ત્યારે તેઓ હંમેશાં દેવરાજ ઇન્દ્રને સહાય કરતા. ઈન્દ્રલોકમાં પણ રાજા વૃષધ્વજનું બહુ માન અને દબદબો હતો. એક સમયે રાજા વૃષધ્વજે તેમના રાજ્યમાં ઢંઢેરો પિટાવ્યો કે, આખા રાજ્યમાં ભગવાન શંકર અને પાર્વતી સિવાય કોઈ દેવદેવીની પૂજા ન કરવી. પ્રતિબંધથી રાજ્યમાં અન્ય દેવતાઓની પૂજા-અર્ચના બંધ થઇ ગઈ. સમગ્ર દેવતાઓ પણ જાણતાં હતાં કે રાજા વૃષધ્વજ પર ભગવાન શિવની અનંત કૃપા હોવાથી તે ગર્વિષ્ઠ રાજાને શાપ પણ ન આપી શકાય. રાજા વૃષધ્વજ હંમેશાં નદીમાં સ્નાન કરી સૂર્યનારાયણને અર્ઘ્ય આપતાં આજે તેમણે અર્ઘ્ય ન આપ્યો અને ભગવાન સૂર્યની સામે નજર પણ ન કરી. આથી ભગવાન સૂર્ય નારાજ થઈ તેમની સામે પ્રગટ થયા. બંને વચ્ચે લાંબો વાર્તાલાપ ચાલ્યો અને અંતે સૂર્ય દેવ ક્રોધે ભરાયા અને શાપ આપતાં બોલ્યાં 'તારા બળના કારણે તું અહંકારી બની ગયો છે, તું દેવતાઓનું અપમાન કરી રહ્યો છે, હું તને શાપ આપું છું કે, તારા કુળ અને તારી કીર્તિનો નાશ થાય.' શાપને લીધે રાજા વૃષધ્વજનો અહંકાર ઓગળી ગયો. એનો ઘમંડ નષ્ટ થઈ ગયો. તેણે વ્યથિત બનીને ભગવાન શિવને યાદ કર્યા. ભગવાન શિવ ત્યાં પ્રગટ થતાં જ મહારાજા વૃષધ્વજ કહે છે, 'ત્રાહિમામ્... પ્રભુ ત્રાહિમામ્... મને ઉગારો પ્રભુ...મને ઉગારો. મને સૂર્ય દેવે શાપ આપ્યો છે કે મારું કુળ અને કીર્તિનો નાશ થાય. આ શાપથી મને ઉગારો પ્રભુ...મને ઉગારો...' ભગવાન શિવ પોતાના પ્રાણપ્રિય ભક્ત મહારાજા વૃષધ્વજની અવસ્થા જોઈ ખૂબ રોષે ભરાયા. તેમણે ત્રિશૂળ ઉઠાવ્યું અને સૂર્યની પાછળ દોટ મૂકી. સૂર્યદેવ ભયભીત થઈ બ્રહ્મલોક તરફ દોડવા લાગ્યા. સમગ્ર આકાશલોકમાં દેવતાઓની ભાગદોડ મચી ગઈ.

* * *

ગભરાયેલા સૂર્યદેવ બ્રહ્મલોક પહોંચ્યા.

બ્રહ્માજીઃ 'સૂર્યદેવ તમે આટલા ગભરાયેલા કેમ છો?'

સૂર્યદેવઃ 'પરમપિતા મેં ક્રોધાવેશમાં રાજા વૃષધ્વજને શાપ આપ્યો કે 'તારું કુળ અને કીર્તિનો નાશ થાય' ત્યારબાદ આ શાપની વાત વૃષધ્વજે ભગવાન શિવને કહેતાં જ ભગવાન શિવ ક્રોધાયમાન થયા છે અને તેમનું ત્રિશુળ લઈ મારી પાછળ આવી રહ્યા છે. મારી રક્ષા કરો બ્રહ્મદેવ. હું તમારી શરણે છું.'

એ જ સમયે ભગવાન શિવ ત્યાં આવી પહોંચે છે. ગભરાયેલા સૂર્યદેવ બ્રહ્માજીની પાછળ સંતાઈ જાય છે. બ્રહ્માજી ભગવાન શિવની સ્તુતી કરતા કહે છે, 'હે ઉમાપતિ! આપ તો પરમ કલ્યાણકારી દેવાધિદેવ મહાદેવ છો, આપ જ દેવતાઓનું રક્ષણ કરી શકો છો. સૂર્યદેવને માફ કરો.'



ભગવાન શિવઃ 'હે બ્રહ્મદેવ હું તો મારા ભક્તોને આધીન છું. દેવતાઓ કરતાં મને મારા ભક્તો વધુ વ્હાલા અને પ્રિય છે. હું મારા ભક્તો માટે સૃષ્ટિનો વિનાશ પણ નોતરી શકું છું. સૂર્યદેવે મારા પરમ ભક્ત વૃષધ્વજને શાપ આપ્યો છે કે, તેના કુળ અને કીર્તિનો નાશ થાય. દેવતાઓના શાપ કદીય મિથ્યા થતા નથી. હું સૂર્યદેવને અવશ્ય દંડીશ.'

બ્રહ્માજીઃ 'દેવાધિદેવ! આપ સૂર્યદેવને દંડ આપો એ પહેલા મારી આપને પ્રાર્થના છે કે સૂર્યદેવને લઈ આપણે ભગવાન શ્રીહરિ વિષ્ણુ પાસે જઈએ તેઓને જે દંડ યોગ્ય લાગશે તે દંડ આપ તેને આપી શકશો.'

ભગવાન શિવને એ વાત યોગ્ય લાગતાં તે વિષ્ણુલોક પહોંચ્યા. ભગવાન શિવે ભગવાન શ્રીહરિ વિષ્ણુને સઘળી હકીકતથી વાકેફ કર્યા.

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'હે દેવાધિદેવ! તમે સૌ પ્રથમ સૂર્યદેવ પાછળ બ્રહ્મલોક ગયા અને ત્યારબાદ અહીં આવ્યા, પણ આટલીવારમાં તો દેવતાઓની એક ઘડી પણ વીતી ગઈ. દેવતાઓની એક ઘડી એટલા મનુષ્યોનો એક યુગ! બ્રહ્મદેવે અખિલ બ્રહ્માંડની રચના કેવળ પોતાના કલ્પનાબળ થકી જ કરેલી હોવાથી તેના દિવસને સંકલ્પ અથવા કલ્પના ઉપરથી 'કલ્પ' કહે છે. કલ્પ એટલે બ્રહ્મદેવનો એક દિવસ. આટલા સમયમાં તો પૃથ્વી પર ઘણાં વરસો વીતી ગયાં. રાજા વૃષધ્વજ અને તેના પુત્રો ધર્મધ્વજ અને કુશધ્વજ પણ નામશેષ થઈ ગયા. રાજાની પેઢીઓ પણ સમાપ્ત થઈ ગઈ. સૃષ્ટિના સંતુલન માટે સૂર્યદેવની ઉપસ્થિતિ ઘણી જરૂરી છે. હવે આ સ્થિતિમાં સૂર્યદેવને દંડ આપશો તો કોણ ખુશ થશે. તમારા ભક્તનું અસ્તિત્વ જ હવે રહ્યું નથી તો સૂર્યદેવને દંડ શું કામ? મારી વિનંતી છે કે ભૂતકાળને ભૂલી જાઓ.'

ભગવાન શિવને ભગવાન શ્રીહરિ વિષ્ણુની વાત યોગ્ય લાગી. સૂર્યદેવને અવસર મળતાં જ તે ભગવાન શિવના ચરણમાં ઢળી પડયા અને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી કહ્યું, 'ક્ષમા તે શિવ'.

પોતાના ચરણમાં પડેલા સૂર્યદેવને ભગવાન શિવે સસ્મિત ક્ષમા આપી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, ક્ષમા વીરસ્ય ભૂષણમ. ક્ષમા સ્વ અને પર બંનેને હિતકારી છે. ક્ષમા એ વીરનું ભૂષણ છે. ક્ષમા વડે સામાન્ય માનવી પણ મહાત્મા બની પરમામત્મા પદ સુધી પહોંચી જાય છે.

ક્ષમા એ ધરતીનું નામ છે, કારણકે ધરતી સર્વનો ભાર સહન કરે છે. શ્રમાશીલને ક્રોધ કધાપિક બાળી શકતો નથી. ક્ષમતાથી કઠિન કાર્યની પણ સિદ્ધિ થાય છે. ક્ષમા ભાવના જગત માટે આશીર્વાદરૂપ છે. ક્ષમા આત્મા માટે પરમ કલ્યાણની કેડી છે. ક્ષમા મોક્ષનો માર્ગ છે. ક્ષણિક ક્રોધ પર કાબૂ મેળવનાર ક્યારેય દુઃખી થતો નથી. હંમેશાં ક્ષમાથી ક્રોધને જીતો, નમ્રતાથી અભિમાનને જીતો, સરળતાથી માયાનો નાશ કરો અને સંતોષથી લોભને કાબૂમાં રાખો. ક્રોધ સામે ક્ષમા કે અક્રોધની શક્તિનો ઉપયોગ કરે તે જ સાચો જ્ઞાની કહેવાય છે.

'ક્ષમાવતો જયો નિત્યં સાધોરિહ સતાં મનમ્'

અર્થાત્ ક્ષમાવાન સજ્જનોનો તે માટે નિત્ય વિજય છે. સંતોના મતે શત્રુ કે આપણો સ્પર્ધક હોય તેની સાથે મૈત્રી ભાવથી વર્તન કરવું. એની ઈર્ષા કે ઉત્સાહનો જવાબ વિનયથી આપવો. ક્રોધીની સામે અક્રોધ કે ક્ષમાની શક્તિ વાપરે તે જ સમજુ અને સાચો જ્ઞાની કહેવાય છે.


સૂર્યદેવ દંડીત થતા બચી ગયા, સમગ્ર વાર્તાલાપ દેવગણો સાંભળી રહ્યાં હતાં. તેઓ ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને ભગવાન શિવનો જયજયકાર કરવા લાગ્યાં.

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'દેવતાઓએ પોતાની મર્યાદા જાણવી જોઈએ અને પોતાની મર્યાદામાં રહી સૃષ્ટિના સંચાલનમાં

પોતાની જવાબદારી નિભાવવી જોઈએ. ત્રિદેવોના પરમભક્તોની પરીક્ષા ન લેતાં તેમને ભક્તિના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપવી જોઈએ.'

ભગવાન શિવ, બ્રહ્માજી સહિત દેવગણ પોતપોતાના લોક તરફ પ્રયાણ કરવા લાગ્યાં.

ઘણા સમય બાદ ભગવાન શિવ કૈલાસ પહોંચતાં માતા પાર્વતી અને શિવગણો તેમની પૂજા-અર્ચનામાં વ્યસ્ત થઈ ગયા. (ક્રમશ):■



# ભક્તિમ્ મયિ પરાં કૃત્વા મારી પરમ ભક્તિને સિદ્ધ કરી

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

ગીતાના અઢારમાં અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વયમ જણાવે છે કે 'જે પુરુષ મારામાં પ્રેમ રાખીને આ પરમ રહસ્ય યુક્ત શાસ્ત્ર મારાં ભક્તોને કહેશે તે મને જ પ્રાપ્ત કરશે તેમાં કોઈ શંકા નથી.'

શાસ્ત્રો પર બધાંનો અધિકાર છે. શાસ્ત્ર સામાન્ય જન સમાજ માટે પણ છે. અહીં કોઈની પણ બાદબાકી જરૂરી નથી. બધાં જ આ ઈશ્વરનાં જ સંતાન છે. ઈશ્વરનો સંદેશો બધાંને પહોંચવો જોઈએ. ઈશ્વરનો સંદેશો બધાંને પહોંચાડવો જોઈએ. ઈશ્વરના સંદેશા પર બધાંનો અધિકાર છે. સત્માર્ગે વળવાની સંભાવના બધાં સાથે છે. અહીં જે પણ સત્ય સ્થાપિત છે તે જાણવાનો બધાંને હક છે. તે આધ્યાત્મની વ્યાખ્યા હોય, ભક્તિનાં પ્રકાર હોય, સાધનાનાં સિદ્ધાંત હોય, જ્ઞાનનો માર્ગ હોય કે નિષ્કામ કર્મની પસંદગી હોય, દરેક પ્રકારની સંભાવના દરેક માટે છે અને આ માટે માર્ગદર્શન માટે તેમનો અધિકાર પણ છે.

પછી પ્રશ્ન એ થાય કે ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ રહસ્ય-યુક્ત શાસ્ત્ર ભક્તોને કહેવાની જ વાત કેમ કરી હશે. પ્રશ્ન સ્વાભાવિક છે, પણ યોગ્ય નથી. અહીં એમ નથી કહેવાયું કે માત્ર ભક્તોને જ આ વાત કહેવી. અહીં એમ નથી કહેવાયું કે આ જ્ઞાન ભક્તો માટે જ છે. જ્ઞાન બધાંને આપી શકાય, પરંતુ જ્યારે ભક્તોને એ જ્ઞાન આપવામાં આવે ત્યારે તેનું જે પરિણામ સ્થાપિત થાય તેની વાત છે. યોગ્ય વ્યક્તિને જો દાન કરવામાં આવે તો જ તે દાનનું સાત્ત્વિક પરિણામ સ્થાપિત થાય. ગીતામાં અન્ય સ્થાને કહેવાયેલી આ વાત અહીં લાગુ પડે છે.

માનવ ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે જ્યારે અયોગ્ય વ્યક્તિના હાથમાં સામર્થ્ય આવી જાય ત્યારે સમગ્ર સંસાર માટે મુશ્કેલીઓ ઊભી થઈ શકે. કોઈ રાક્ષસને વરદાન મળી જાય તો તે ચોક્કસ પોતાના અહંકાર અને સ્વાર્થ માટે તેનો ઉપયોગ કરશે. ક્યાંક આનાથી સૃષ્ટિનું સમીકરણ પણ ખોરવાઈ શકે. અયોગ્ય વ્યક્તિની સાધના સિદ્ધ થાય તો તે પણ સમગ્ર વ્યવસ્થા પોતાનાં હાથમાં લેવા પ્રેરાય. આવાં સંજોગોમાં પણ સૃષ્ટિનું સમીકરણ ક્યાંક ખોરવાઈ જવાની સંભાવના ઊભી થાય. રાવણ જેવી વ્યક્તિએ અપાર ભક્તિથી જે શક્તિ પ્રાપ્ત કરી હતી તેનો દુરુપયોગ જ કર્યો હતો.

અયોગ્ય વ્યક્તિની ભક્તિનું પરિણામ પણ ક્યારેક દુષ્પરિણામ લાવી શકે. અવિવેકી, અસંયમી કે રાક્ષસી વૃતિ વાળી વ્યક્તિના હાથમાં જ્ઞાન આવે ત્યારે શક્ય છે કે તેના થકી તે પોતાનું આગવું સામ્રાજ્ય સ્થાપવા અને સૃષ્ટિના સામ્રાજ્યનો વિનાશ કરવા પ્રેરાય. આધુનિક ઇતિહાસમાં પણ આવાં ઉદાહરણો મળી રહેશે. એટમ બોમ્બનું જ્ઞાન સામાન્ય માનવીના હાથમાં આવ્યું ત્યારથી દુનિયા એક પ્રકારના ભયના ઓથાર નીચે જીવે છે.

યોગ્યતા જરૂરી છે. ઐશ્વરિય કૃપા અને સામર્થ્ય પામવાં સાત્ત્વિકતા જરૂરી છે. નીરક્ષીરનો વિવેક હોવો જોઈએ, યોગ્ય-અયોગ્ય સમજવાની ક્ષમતા હોવી જોઈએ, સંયમ જાળવવાનું સામર્થ્ય હોવું જોઈએ, સૃષ્ટિની પ્રવર્તમાન વ્યવસ્થામાં વિશ્વાસ હોવો જોઈએ, બ્રહ્માંડની ઉત્પત્તિનાં કારણ પાછળ રહેલાં સાક્ષીભાવ અનુસારનું વર્તન હોવું જોઈએ, જીવનમાં તટસ્થતા, સંતુલન, નિર્લેપતા તથા સંતોષનું પ્રાધાન્ય હોવું જોઈએ, વ્યવહારમાં દૈવી સંપત્તિનું પ્રભુત્વ હોવું જોઈએ, ઈશ્વરના કાર્ય તથા ન્યાય માટે શ્રદ્ધા હોવી જોઈએ અને આ બધાં સાથે કામ ક્રોધ લોભ મોહ જેવાં દુશ્મનોથી મુક્તિ મળેલી હોવી જોઈએ. અન્યથા જો સામર્થ્ય પ્રાપ્ત થાય તો બ્રહ્માંડનાં સમીકરણોને પણ હાનિ પહોંચવાની સંભાવના ઊભી થાય. તેથી કહેવાય છે કે જ્ઞાન યોગ્યતા જોઈને આપવું પડે.

શાસ્ત્ર પણ બધી જ બાબત વ્યક્ત નથી કરી દેતાં. શાસ્ત્ર તો પ્રાથમિક સૂચન કરે, પ્રારંભિક ડગ મંડાય તે માટે માર્ગદર્શન કરે, 'સંભાવના છે' તેવો વિશ્વાસ સ્થાપિત કરે, અંદર રહેલી સુષુપ્ત ચેતનાને થોડી ઝંઝોળે અને આધ્યાત્મિક શ્રદ્ધા માટે મન-બુદ્ધિને તૈયાર કરે. પછી આગળનો પ્રવાસ ગુરુદેવ દ્વારા પ્રશસ્ત થાય.

ગીતામાં પણ જણાવવામાં આવ્યું છે કે, યોગ્ય ગુરુની સેવા કરી, તેમને પ્રશ્ન પૂછી આગળનાં પ્રવાસ માટે માર્ગદર્શન મેળવવું. બની શકે કે આ ગુરુદેવ તમારા અંતરાત્માનો અવાજ બની દિવ્ય પ્રકાશ પ્રસરાવે જેનાથી આગળનો માર્ગ સ્પષ્ટ થતો જાય.

ગીતાનું જ્ઞાન એ જ પ્રકાશિત કરી શકે કે જેને એ જ્ઞાન યથાર્થતામાં સંપૂર્ણતામાં સમજાયું હોય. આ શક્ય નથી. છતાં પણ અહીં આ પ્રમાણે કહેવાયું છે. ગીતાનું જ્ઞાન આપવું એ માત્ર વ્યવહારિક ચેષ્ટા પણ હોઈ શકે. જેટલી સમજણ પડી છે, જેટલી યથાર્થ વાતો સમજાઈ છે, શું જણાવવું જરૂરી છે તે થોડું ઘણું સમજાયું છે, તેટલી અને તેવી વાતો કોઈકને ચોક્કસ કહી શકાય. પછી તે પ્રાપ્ત કરનારની ક્ષમતા તેમજ તત્પરતા પર આધાર રાખે કે આગળનો માર્ગ કેવી રીતે અને કેટલી ત્વરિતતાથી નિર્ધારિત થાય છે.

ઇતિહાસ જણાવે છે કે ક્યારેક જ્ઞાન આપનારની અપેક્ષાએ જ્ઞાન લેનારની અધ્યાત્મિક પ્રગતિ વધુ સંભવી શકે. આ વાસ્તવિકતાને આધારે પણ જેટલું સમજમાં આવ્યું છે તેટલું યથાર્થ, એ જ સ્વરૂપે પહોંચાડવાનો પ્રયત્ન કરવાનો. મહત્ત્વનું એ છે કે, આ સમગ્ર પ્રક્રિયામાં વ્યક્તિનો પ્રવેશ ન થવો જોઈએ.

વ્યક્તિએ પોતાની જાતને બહાર રાખવાની, માત્ર શ્રીકૃષ્ણની વાત કહેવાની. જેમ છે તેમ, જે છે તે, જે ક્રમમાં છે તે ક્રમમાં, જે સંદર્ભમાં છે તે સંદર્ભમાં, જે હેતુસર છે તે હેતુને અનુલક્ષીને, તેની શુદ્ધતા પવિત્રતા અને સાત્ત્વિકતા જાળવી રાખીને, કોઈપણ પ્રકારના વ્યક્તિગત ઉમેરા વગર, અન્ય કોઈ સંદર્ભ સાથે દાવા-દલીલ કર્યા વગર માત્ર નિમિત્ત કર્મ સમજીને યોગ્ય વ્યક્તિ સુધી - ભક્ત સુધી ગીતાની વાત પહોંચાડવાની.

જેમ, ગીતાની વાત જેને કહેવામાં આવે છે તેની યોગ્યતા હોવી જોઈએ, તેમ ગીતાની વાત જે કહે છે તેની યોગ્યતા પણ એટલી જ જરૂરી છે. ■

# સાત્ત્વિક કર્મ

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com



ગત અંકમાં રાજસિક કર્મની ચર્ચા કરીને હવે ભગવાન કૃષ્ણ સાત્ત્વિક કર્મની સમજણ આપી રહ્યા છે.

સાત્ત્વિક કર્મના મૂળમાં નિર્વિકારીપણું છે. ધૈર્ય અને ઉત્સાહ તેની બે મજબૂત બાજુઓ છે. આ બંને વગર સાત્ત્વિક કર્મ સંભવ નથી. કાર્યસિદ્ધિ માટે તો આ બંને ગુણો અપરિહાર્ય છે. ધૈર્ય એટલે મુશ્કેલીઓ સામે ન ઝુકવું, સમય આવવાની રાહ જોવી અને મનને સ્થિર રાખવું. જ્યારે ઉત્સાહ એટલે કાર્ય પ્રત્યેનો જીવંત ઉલ્લાસ, ઊર્જા અને વિશ્વાસભર્યું મનોબળ. જો મનુષ્ય આ બંને ગુણોને એકસાથે જીવનમાં લાવે, તો તે અશક્ય લાગતી બાબતોને પણ શક્ય બનાવી શકે છે.

ધૈર્ય વિના ઉત્સાહ અંધ છે અને ઉત્સાહ વિના ધૈર્ય નિર્જીવ છે. માત્ર ઉત્સાહથી શરૂઆત તો થાય, પરંતુ ધૈર્ય વિના તે જલદી ઠરી જાય છે. બીજી બાજુ, ફક્ત ધૈર્ય રાખીએ પણ જો ઉત્સાહ ન હોય, તો પ્રયત્નોમાં જ્યોતિ રહેતી નથી. સાચી સિદ્ધિ ત્યારે મળે છે જ્યારે મનુષ્ય મુશ્કેલી વચ્ચે પણ હું કરી શકું છું એવી ઉત્સાહભરી માનસિકતા જાળવી રાખે અને ધૈર્યપૂર્વક સતત પ્રયત્ન કરતો રહે.

ઈતિહાસ સાક્ષી છે કે ધૈર્ય અને ઉત્સાહથી જ મહાન કાર્યો સિદ્ધ થયા છે. ભારતના વિખ્યાત વૈજ્ઞાનિક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબનું જીવન ધૈર્ય અને ઉત્સાહનું જીવંત ઉદાહરણ છે. તેમનો જન્મ રામેશ્વરમના એક ગરીબ માછીમાર પરિવારમાં થયો હતો. બાળપણમાં ઘરમાં વીજળી નહોતી, અભ્યાસ માટે જરૂરી સુવિધાઓ નહોતી, પરંતુ તેમની આંખોમાં સ્વપ્ન હતું એક દિવસ હું આકાશને સ્પર્શીશ.

નાના કલામ દરરોજ વહેલી સવારે ઊઠતા, અખબાર વહેંચતા અને પછી શાળામાં જતા. જીવનમાં અનેક મુશ્કેલીઓ હતી, પરંતુ તેમણે ક્યારેય હિંમત હારેલી નહીં. કૉલેજમાં પહોંચ્યા બાદ પણ અનેક વાર નિષ્ફળતા આવી. જ્યારે તેઓ વાયુસેના માટેની પસંદગી પરીક્ષા આપવા ગયા, ત્યારે અંતિમ રાઉન્ડમાં પહોંચ્યા છતાં પસંદ થયા નહીં. ઘણા યુવાનો માટે આ નિષ્ફળતા જીવનનો અંત સમાન લાગતો. પરંતુ કલામ સાહેબે ધૈર્ય ગુમાવ્યું નહીં. તેમણે કહ્યું હું હવે એ માર્ગે જઈશ જ્યાંથી હું દેશને સેવા આપી શકું. આ જ ધૈર્ય તેમને વૈજ્ઞાનિક જીવન તરફ લઈ ગયું.

તેમણે ડીઆરડીઓ અને ઈસરોમાં જોડાઈને ભારતના મિસાઈલ કાર્યક્રમને નવી દિશા આપી. શરૂઆતમાં અનેક નિષ્ફળતાઓ મળી. પ્રથમ ઉપગ્રહ પ્રક્ષેપણ નિષ્ફળ ગયું, રોકેટ તૂટીને સમુદ્રમાં પડી ગયું. સમગ્ર ટીમ નિરાશ થઈ ગઈ. પરંતુ કલામ સાહેબે કહ્યું આ નિષ્ફળતા મારી છે, આગામી સફળતા તમારું નામ લખાવશે. આ શબ્દો ઉત્સાહના જ્વલંત ઉદાહરણ છે. તેમણે પોતાની ટીમને પ્રોત્સાહિત કરી, અને થોડા વર્ષોમાં એ જ ટીમે ભારતનું પ્રથમ સફળ ઉપગ્રહ પ્રક્ષેપણ કર્યું.

અબ્દુલ કલામ સાહેબે બતાવ્યું કે ધૈર્ય વિના ઉત્સાહ અધૂરો છે અને ઉત્સાહ વિના ધૈર્ય નિર્જીવ છે. તેમના જીવનમાં બંને ગુણો એકસાથે જીવતા હતા.

એડિસને વીજબત્તી શોધવા માટે હજારો નિષ્ફળ પ્રયાસ કર્યા, પરંતુ ધૈર્ય ગુમાવ્યું નહીં. તેની અંદર ઉત્સાહ જીવંત હતો હું નિષ્ફળ થયો નથી, મેં ફક્ત એવી રીતો શોધી છે જે કામ નથી કરતી. આ ઉત્સાહ અને ધૈર્યના સંગમથી આખી દુનિયા પ્રકાશિત થઈ.

દરરોજના જીવનમાં પણ આ સિદ્ધાંત લાગુ પડે છે. વિદ્યાર્થી જો અભ્યાસમાં ધૈર્ય અને ઉત્સાહ રાખે, તો તે મુશ્કેલ વિષયોને સરળ બનાવી શકે છે. ખેડૂત જો વરસાદ વિલંબથી આવે તો પણ આશા રાખી ધૈર્યપૂર્વક ખેતરમાં કામ કરે, તો આખરે ફળ મળે છે. જે માણસ ધૈર્ય ગુમાવે છે, તે નાના અવરોધમાં જ હારી જાય છે. પરંતુ જે ઉત્સાહથી જીવતો રહે છે, તે નિષ્ફળતા સામે પણ હસે છે, કારણ કે તેને વિશ્વાસ હોય છે કે આ પરીક્ષા પણ એક દિવસ ફળ આપશે.

મહંત સ્વામી મહારાજ કહે છે કે ધૈર્ય અને ઉત્સાહ એ જીવનના બે પંખ છે. જો એક પણ પંખ તૂટી જાય તો ઉડાન અધૂરી રહે છે. જે મનુષ્ય આ બંને ગુણોને સાથે રાખીને કર્મ કરે છે, તે દરેક વિઘ્નને અવસર બનાવી લે છે. આ બંને મળીને જીવનને તેજસ્વી સફળતાની દિશામાં આગળ ધપાવે છે. આ ધૈર્ય-ઉત્સાહ યુક્ત સાત્ત્વિક કર્મ સરખી રીતે થાય તો તે નિર્ગુણ કર્મ માટે પગથિયું બની જાય છે!

હા, પરબ્રહ્મની પ્રાપ્તિ માટે બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવી પડે. આ સ્થિતિ માટે કર્મ ત્રણેય ગુણોથી પર જવા જોઈએ. એટલે કે ગુણાતીત થવા જોઈએ. આ ગુણાતીત કર્મ જ અંતિમ અક્ષરધામ સુધી પહોંચાડી શકે. ■

# માધવને મુખડે મોરલી, મહીં હૈયું રાધાનું રેલાય

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

રાધાકૃષ્ણને કેન્દ્રમાં રાખી યુક્તિસર પ્રશ્નોત્તરથી બંને વચ્ચેના શ્લેષમય વાર્તાલાપ મધ્યકાલીન કવિઓના પ્રિય વિષય હતા. 'સદુક્તિકર્ણામૃત' પુસ્તકનો શ્લોક છે,

કસ્ત્વં ભો નિશિ - રાતે આવનાર કોણ છો?
કેશવ - કેશવ કૃષ્ણનું એક નામ છે,
તો બીજો અર્થ થાય જેના સુંદર વાળ છે તે.
તરત પ્રશ્ન આવ્યો-
શિરસિજૈ કિં નામ ગર્વાયસે - વાળથી ગર્વ કરે છે?
જવાબ આવ્યો,
ભદ્રે, શૌરિઃ અહં- ભદ્રે, હું શૌરિ, શૂરનો પુત્ર.
ગુણૈઃ પિતૃગતૈઃ પુત્રસ્ય કિં સ્યાદિહ - પિતાના ગુણથી (શૂરવીરનો પુત્ર કહ્યું તેથી) પુત્રને શો લાભ?

ચક્રી ચન્દ્રમુખી - ચન્દ્રમુખી, હું ચક્રી. ચક્રને ધારણ કરનાર કૃષ્ણ; અથવા કુંભાર-ચાકડો ચલાવે તે.

પ્રપચ્છસિ ન મે કૂંડી ઘટીં દોહિનીં-ચક્રીનો અર્થ કુંભાર કરીને કહે છે કે તો મને કુંડી, ઘડો અને દૂધ દોહવાની મટકી કેમ નથી આપતા?

ઈત્થં ગોપવધૂદ્ધતોત્તર તયા દુઃસ્થો હરિ પાતુ વઃ - આ રીતે ગોપસ્ત્રી (રાધા) દ્વારા નિરુત્તર કરાયેલા મુશ્કેલીમાં પડેલા કૃષ્ણ તમારું રક્ષણ કરે.

બીજો પણ એવો એક શ્લોક જોઈએ,


ક : અયં દ્વારિ - દરવાજા પર કોણ છે?

હરિઃ - હું હરિ. શ્રીકૃષ્ણ; અને બીજો અર્થ વાંદરો. પ્રયાત્ ઉપવનં શાખામૃગસ્ય અત્ર કિમ્ - 'વાંદરો' એ અર્થ લઈ જવાબ મળ્યો કે વાંદરાનું અહીં શું કામ છે, જા બગીચામાં. કૃષ્ણઃ અહં દયિતે - પ્રિયે, હું કૃષ્ણ.

બિભેમિ સુતરાં કૃષ્ણાદહં વાનરાત્ - ઉપરનો જ અર્થ લીધો છે. કાળા વાંદરાથી હું બહુ જ ડરું છું.

રાધે અહં મધુસૂદન :- રાધે, હું મધુસૂદન છું. કૃષ્ણનું એક નામ મધુસૂદન છે. બીજો અર્થ છે મધની પાછળ જનારો ભમરો. વ્રજ, લતાં તામેવ પુષ્પાન્વિતામ્-ભમરો છે તો જા ત્યાં ફૂલોવાળી વેલ પાસે.

ઈત્થં નિર્વચની કૃતો દયિતયા હ્રીણો હરિઃ પાતું વઃ - આ રીતે પ્રિયા રાધાએ જેને બોલતા બંધ કર્યા એવા લજ્જિત થયેલા શ્રીકૃષ્ણ તમારું રક્ષણ કરે.



કૃષ્ણ તો બંસીધર, મુરલીમનોહર, સ્કંદપુરાણ પ્રમાણે સ એવ સા સ સૈવાસ્તિ વંશી તત્પ્રેમરૂપિકા - શ્રીકૃષ્ણ (તે) રાધિકા (તે) જ છે. અને રાધિકા શ્રીકૃષ્ણ છે, બંસી તેમના પ્રેમનું રૂપ છે. હિંદી ભાષાના રીતિકાલીન કવિ બિહારી કહે છે,

'બતરસ લાલચ લાલ કી મુરલી ધરી લુકાઈ
*સૌહં કરે ભૌહંનું હસે, દૈન કહૈ નહિ જાઈ.'*

રાધાએ બંસી છુપાવી દીધી, અને હસે, પણ આપે નહીં. ત્યારે મીરાંબાઈના કૃષ્ણ રાધાને વિનંતી કરી બંસી પાછી માગે છે.

'રાધા પ્યારે દે ડારોજી, બંસી હમારી; રાધા.
*યે બંસી મેં મેરા પ્રાન બસત હૈ.'*

હિંદી ભાષાના કવિ મંગલપ્રસાદ વિશ્વકર્માએ કૃષ્ણ દ્વારા સાચી વાત કહી,

'મને મળે રાધાનો જે પ્રેમ, તે જ બંસીના છિદ્રમાંથી મુક્ત વહે બજી ઊઠે શુચિસ્વર્ગીય સંગીતમાં, એક એક સ્વર, એક એક મૂચ્છર્ના.'

મૈથિલ કવિ વિદ્યાપતિ કહે છે કે નંદનંદન કદંબના વૃક્ષ નીચે ધીમે ધીમે મુરલી વગાડે છે. નિયમિત રીતે સંકેતસ્થાનમાં બેસીને વારે વારે બોલાવે છે. ઊડિયા સાહિત્યના ૧૮મી સદીના ગ્રંથ 'વિદગ્ધચિંતામણિ'માં રાધા કૃષ્ણને મળવા ઉત્સુક છે. સખીને કહે છે કે જો આમ ન થાય (એટલે શ્રીકૃષ્ણ ન મળે) તો મૃત્યુ પછી મારા શરીરને તમાલનાં પાંદડાંથી એ રીતે ઢાંકજે, કે મારા કાન એ દિશામાં ખુલ્લા રહે, જે બાજુથી શ્રીકૃષ્ણની બંસીનો ધ્વનિ આવતો હોય. પ્રેમાનંદનું સરસ કાવ્ય છે.

'હે વાંસલડી! વેરણ થઈ લાગી વ્રજની નારને...
તેં વ્રતવ્રતાદિક શું કીધું, રાધા થકી માન અધિક લીધું,
*તને આલિંગન પ્રભુએ દીધું, હે વાંસલડી...'*

ઉમાશંકર જોશીએ કહ્યું, 'માધવને મુખડે મોરલી, મહીં હૈયું રાધાનું રેલાય, માધવની નાચે આંગળી, વીંધ રાધાના હૈયાના ત્યાંય.' રાજેન્દ્ર શાહ, 'સબ અપની અપની ગત મેં, મૈં ગતમેં અપને મોહન કી, વહ મુરલી બાજત, મૈં નાચત, નાચત રાધા મોહન કી.' સુરેશ દલાલે લખ્યું, 'રાધાએ નેણ જરી ઊંચક્યાં ને ડાળની વચ્ચેના અવકાશે શ્યામઃ પાંદડામાં પ્રક્ટયા છે સૂર અને મોરલી ચીતરે છે રાધાનું નામ!'

શ્રીકૃષ્ણ, રાધા અને વાંસળી એકબીજા સાથે આટલી ઉત્કટતાથી જોડાઈ ગયાં. પણ કૃષ્ણનું અવતારકાર્ય તો હતું આતતાયીઓનો નાશ કરી ધર્મનું રક્ષણ કરવાનું. એ માટે વ્રજ-વૃંદાવન- ગોકુળ છોડી મથુરા ગયા અને છેવટે દેશના પશ્ચિમ કિનારે દ્વારિકાનગરીનું પુનર્વસન કર્યું. વૃંદાવન છોડ્યા પછી કૃષ્ણ અને મુરલીનો સંગાથ હંમેશ માટે છૂટી ગયો. હવે પછી બંસીવટ નીચે ત્રિભંગીરૂપે વાંસળી વગાડી ચરાચર જગતને મોહિત કરી સ્તંભિત કરતા કૃષ્ણ દેખાતા નથી. રાધા પણ કૃષ્ણ સાથે નથી. શ્રીકૃષ્ણ હવે દેખાય છે પાંચજન્ય શંખનો નાદ કરી કર્તવ્ય ધર્મનું પાલન કરવા આદેશ દેતા ગીતાનો ઉપદેશ આપતા મહાન આચાર્ય અને નીતિનિર્દેશકરૂપે પાંડવોને માર્ગદર્શન આપતા. હવે સાથે છે પટરાણી રુક્મિણી કે સત્યભામા. બન્ને વૈભવશાળી રાજા અને અગ્રણીઓની સુતાઓ. આભીરકન્યા રાધા હવે ક્યાંય નથી. ■

# આપણે દર્શન કરીએ છીએ કે માત્ર જોઈએ છીએ?

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

**જૈન દર્શનમાં** ત્રણ મહત્ત્વપૂર્ણ સોપાનને રત્નત્રયી કહ્યા છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. ત્રણેયનું ખૂબ ગહન ચિંતન અને મનન થયું છે. જ્ઞાની સાધુઓના સદ્પ્રવચનોમાં આ ત્રણ રત્નોમાંથી એક પર ચર્ચા હોય જ છે.

સૌથી પહેલું છે દર્શન. જૈન ધર્મમાં જેમ દર્શન છે, તેમ સનાતન ધર્મમાં પણ દર્શનનો મહિમા છે જ. સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા, એમ છ દર્શન શાસ્ત્રોમાં વિવિધ વિષયો પર વિશદ્ ચર્ચા થઇ છે.

આપણે કોઈ બાળકને શીખવીએ કે રોજ ભગવાનના દર્શન કરવા જોઈએ. સાધુસંતોના દર્શન પણ કરવા જોઈએ, પણ જો દર્શનની સાચી વ્યાખ્યા, ભલે તેને જૈન તત્ત્વની રીતે જોઈએ કે સનાતન તત્ત્વની રીતે, જો આપણને સમજાઈ જાય તો આપણે સ્વયં ને પ્રશ્ન કરીશું કે આપણે ખરેખર ઈશ્વરનું દર્શન કરીએ છીએ કે માત્ર જોઈએ છીએ? દેરાસરમાં ગયા, તીર્થંકર ભગવંતની સુંદર પ્રતિમા જોઈ, તેને થયેલી અતિ સુંદર આંગી પણ જોઈ, પ્રણામ કર્યા, પૂજા કરી, સ્તવન ગાયું, અને પાછા ફર્યા. કૃષ્ણના મંદિરે ગયા, ત્યાં તેમની મનોહર મૂર્તિ જોઈ, તેમને કરેલો શણગાર નિહાળ્યો, પ્રણામ કર્યા, આરતી કરી અને પાછા ફર્યા. આ આપણા દર્શન! પણ શું શાસ્ત્રકારોએ દર્શનની આ વ્યાખ્યા કરી છે? અખો કહે છે, 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.' આ પણ બહુ માનનીય વાત છે. અખાનો કહેવાનો અર્થ પણ એ જ છે કે, શાસ્ત્રોએ દર્શનની



જે વ્યાખ્યા કરી છે, તેવું જો આપણું દર્શન ન હોય તો સન્મુખ જે મૂર્તિ છે તે દેવ નહીં, માત્ર પથ્થર જ છે.

દર્શનની વ્યાખ્યા એક વાક્યમાં કરતા શાસ્ત્રકારોએ કહ્યું છે, 'દશ્યતે અનેન ઇતિ દર્શનમ'. અર્થાત, જેના દ્વારા (યથાર્થ કે તત્ત્વ) જોવામાં આવે છે તે દર્શન છે. તેથી જૈન દર્શનમાં 'સમ્યક દર્શન' શબ્દ પ્રયોગ થયો છે. કોઈ વસ્તુને જેવી છે તેવી જોવી એ જ સાચું દર્શન છે. કોઈપણ વસ્તુનું સારભૂત તાત્ત્વિક સ્વરૂપ શું છે? હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? સંસારનું મૂળ સ્વરૂપ શું છે? સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશના કારણ શું છે? ચેતન શું છે? અચેતન શું છે? જ્ઞાન શું છે? અજ્ઞાન શું છે? વગેરે અનેક પ્રશ્નોનો યથાર્થ જવાબ જેને જડી જાય તે સાચું દર્શન.

બાહ્ય ચક્ષુથી આપણે જોઈએ છીએ, તે દર્શન નથી, માત્ર દ્રશ્યાવલોકન છે. પરમાત્માની પ્રતિમાને જો ચર્મચક્ષુથી જોઈશું તો તે માત્ર પ્રતિમા જ દેખાશે, કેટલાકને માત્ર પથ્થર પણ દેખાય, પરંતુ જો અંતર્ચક્ષુથી જોઈશું તો જ, તેમાં પરમાત્મા દેખાશે.

જૈન દર્શનમાં સાત તત્ત્વોના સત્યનું સાચું અને સારું જ્ઞાન મેળવવું એ સમ્યક દર્શન છે. જીવ, અજીવ, આશ્રવ , બંધન, સંવર, નિર્જરા, મોક્ષ. જ્યાં સુધી આપણે આ સાત તત્ત્વોના સત્યને સંપૂર્ણપણે સમજીએ અને સ્વીકારીએ નહીં, ત્યાં સુધી મોક્ષમાર્ગના આગળ ચરણમાં આપણો પ્રવેશ થતો નથી.

હું આત્મા છું, શરીર નથી! આ શરીર મારું સાચું સ્વરૂપ નથી; તે મારા માટે એક વિકલ્પ છે, જે કર્મોદયથી દ્વારા પ્રાપ્ત થયું છે. સ્ત્રીઓ, પુત્રો, સંપત્તિ, અનાજ, વગેરે, કર્મોદયથી, લાભાંતરાયના ક્ષયોપશમથી શાતા વેદનીયના ઉદય દ્વારા પ્રાપ્ત થયા છે. આ મારા નથી! જ્યારે શરીર વૃદ્ધ થાય છે, ત્યારે ફક્ત શરીરને જ વૃદ્ધ માનો, અને પોતાને (આત્માને) વૃદ્ધ ન માનો, કારણ કે તે ક્યારેય વૃદ્ધ થતો નથી, તે ફક્ત જ્ઞાતા અને દ્રષ્ટા છે, આ સમ્યગ દર્શન છે. આત્મ સ્વરૂપની પ્રતીતિ, આત્મ સ્વરૂપ પર વિશ્વાસ, વીતરાગ અને વીતરાગ પ્રરિત ત્યાગ અને ત્યાગ જેવા તત્ત્વોમાં આસ્થા હોવી એ સમ્યગદર્શન છે.

ભારતીય દર્શનમાં, પરમ સત્તાનો સાક્ષાત્કાર કરવો તેનું નામ દર્શન છે, પણ કમનસીબે આપણું દર્શન માત્ર બાહ્ય સુધી જ સીમિત રહી જાય છે. એટલે જ તો બૃહદારણ્યક ઉપનિષદની પ્રાર્થના ઉપયોગી છે, 'અસતો મા સદ્ગમય'. જે ચર્મચક્ષુથી જોઈએ છીએ તે અસત છે. શાસ્ત્રકારોએ 'ન ઇતિ' આ એ નથી, એમ કહીને સત્યની શોધ ચાલુ રાખવાનો આવાહન કર્યું છે. તેથી જ તો જીવનને સત્યની શોધ કરવાનું સાધન કહેવાયું છે.

વિચાર કરો, યશોદા કેવી ભાગ્યશાળી કે જેને કનૈયાના મુખમાં આખા બ્રહ્માંડનું દર્શન કરવા મળ્યું. શાસ્ત્રકારો કહે છે કે સમક્ષ સત્ય સાક્ષાત્ ઊભું હોય તો પણ તેનું દર્શન ન થાય, તો સમજવું કે આપણે હજી એ કક્ષાએ પહોંચવામાં ઊણા ઊતર્યા છીએ. કૌરવોની રાજ સભામાં અનેક મહાનુભાવો બેઠા હતા પણ માત્ર ભીષ્મ, વિદુર, દ્રોણાચાર્ય અને સંજયને જોવા મળ્યું. દુર્યોધન અને શકુની પણ ભાગ્યશાળી કે તેમણે જોયું. તેમ છતાં, કેવા અભાગી , કે પરમાત્માના સ્વરૂપને જોઈને પ્રેમથી નતમસ્તક થવાના બદલે ભયભીત થઇ ગયા.

નરસિંહ મહેતા સાચા દર્શનનો મહિમા વર્ણવતા કહે છે, 'ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યા રે...' ■

## દુહાની દુનિયા

# દુહાના મૂળ ને કુળ

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com



સરળ રસળતી શૈલીમાં અત્યારે પ્રાપ્ત દુહાના મૂળ અને કુળ પ્રાચીન પ્રાકૃત અપભ્રંશ ભાષાની કવિતમાં કળાય છે જેને અભણ ગણવામાં આવે છે એનામાં પ્રાચીનને અર્વાચીનમાં ઢાળવાની આવડતનો પરિચય આજે પરંપરામાં પ્રચલિત દુહાઓ જણાયા છે. અનુવાદક કળા, કૌશલ્યના પરિચાયક દુહાઓ સંદર્ભે મારો સ્વાધ્યાય અહીં પ્રસ્તુત છે.

કંઠસ્થ પરંપરાના સાહિત્યની એક વિશિષ્ટતા એ છે કે એમાં સમયે-સમયે રૂપાંતર થતાં રહે છે. એનું પલટાયેલું રૂપ અસ્તિત્વમાં રહે છે. પણ મૂળ રૂપ વિલાઈ જતું હોય છે લય પામતું હોય છે. દુહો હજાર જેટલાં વર્ષોથી પરંપરામાં જીવંત છે. સ્વાભાવિક રીતે જ હાલમાં પ્રાપ્ત જે રૂપ છે એ એનું પ્રાચીનરૂપ ન હોય પણ એનું પગેરું શોધી શકાય. એના મૂળ-કુળની તપાસ કરવાથી કેવા-કેવા પલટાઓમાંથી દુહો પસાર થતો રહ્યો એનો આછો પરિચય મળી રહે. આ પ્રાપ્ત રૂપ જ પ્રાચીન છે એમ નહીં પણ કહી શકાય એનું મૂળ ખરું જૂનું રૂપ બીજું પણ હોય વચ્ચે પણ આ રૂપાંતરો-પાઠાંતરો એને પ્રાપ્ત થયા હોય ખરા.

દુહો અનેક ભાષામાં, અનેક સમયે રચાતો રહ્યો છે. એ રીતે એને ભારતીય સાહિત્યનું મુખ ગણાવી શકાય. ભારતીય સંસ્કૃતિનું ઉદ્‌ઘાટન કરનાર સ્વરૂપ દુહો છે. કવિને દુહાના રૂપમાં વાત કહેવી વધુ ફાવે છે. લોકોને પણ એનું લઘુરૂપ વધુ ભાવે છે-ફાવે છે એટલે દુહો ભારે ઝડપથી સ્વીકૃતિ પ્રાપ્ત કરે છે.

અહીં પ્રથમ કેટલાક પ્રાચીન પ્રાકૃત-અપભ્રંશ રૂપકના ગાથા તરીકે ઓળખાવાતા દુહા આલેખીને પછી એનું સાંપ્રત રૂપાંતર પણ સાથે મુકાયું છે. એ કારણે લોકસંસ્કૃતિમાં- લોકસાહિત્યમાં પણ અનુવાદનું કાર્ય કેવું કુનેહથી થાય છે એનો ખ્યાલ આવશે. થોડા ઉદાહરણોથી આ મુદ્દો વિશેષ સ્પષ્ટ થશે. કેટલાંક ઉદાહરણો અવલોકીએ.

**એ ઈતિ ઘોડા એહ થલિ, એઈતિ નિસિઆ ખગ્ગ ।**
**એ-થ મુણીસિમ આણિઅઈ, જો ન વિવાલઈ વગ્ગ ।।**

આ ઘોડા તે જ છે, સ્થળ પણ તે જ છે અને મ્યાનમાંથી કાઢેલી આ શત્રુઓનું રક્તપાન કરનાર તરવારો પણ તે જ છે. એવા આ યુદ્ધક્ષેત્રમાં જેમણે પોતાના ઘોડાઓની વાઘ ખેંચીને તેમને (શત્રુ પર પ્રહાર કરવા માટે) તેજ કર્યા નહિ; તેમને પહેલાંથી જ મૃત્યુતુલ્ય સમજવા જોઈએ.

આ દુહાને મળતો ચારણો દ્વારા જળવાયેલ કંઠસ્થ પરંપરામાં નીચેનો એક દુહો પણ મળે છે :

**ભલ્લ ઘોડા વળ વંકડા, હલ્લ બાંધો હથિયાર; ।**
**ઝાંઝાં ઘોડામાં ઝીંકવો, મરવું એક જ વાર.**

આ દુહાએ મૂળમાંથી કેવું રૂપ મેળવી લીધું એના અનુવાદકની નામછાપ ભલે ન હોય પણ કોઈક કોઠાસૂઝથી કેવું ઉત્તમ રૂપાંતર કે અનુસર્જન કર્યું છે એનો ખ્યાલ અહીંથી પ્રાપ્ત થાય છે. બીજું એક ઉદાહરણ જોઈએ.

**ભલ્લા હુઆ જ મારિઆ, બહિણિ મહારા કંતુ ।**
**લજ્જેજ્જન્તુ વયસિઅહુ, જઈ ભગ્ગા ઘરું એ તુ ।।**

હે સખિ મારો પતિ યુદ્ધમાં કામ આવ્યો, ખપી ગયો તેને હું થયું સમજું છું. કેમ કે જો તે રણસંગ્રામમાંથી ભાગીને ઘેર પાછો આવત તો (તારા જેવી) સખીઓ મને (તે બદલ) મહેણું મારીને લજ્જિત કરત.

આ દુહો આજે જીવંત પરંપરામાં રૂપાંતર સ્વરૂપે નીચે દર્શાવેલ રૂપે સાંભળવામાં મળેલ છે :

**ભાગે તું મત કંથડા તું ભાગે મું ખોડ ;**
**સરખા-સરખી સાહેલિયું, તાલી દે મુખ મોડ.**

અહીં પણ ખૂબ ગાથાનો ભાવ ભારે ભાવથી અને ઊંડી સૂઝથી સ્થાન પામેલો જોવા મળે છે. બીજા એક અત્યંત પ્રચલિત ઉદાહરણને અવલોકીએ.

**વાયસુ ઉડ્ડાવન્તિએ પિઉ દિટ્ઠઉ સહસત્તિ ।**
**અદ્ધા વલયા મહિહિ ગય, અદ્ધા ફુટ્ટ તડત્તિ ।।**

એક વિયોગિની સ્ત્રી કાગડાને ઉડાડવા લાગી કે, મારો પિયુ આવતો હોય તો ઊડી જા. એટલામાં તો તેણે અચાનક પિયુને પ્રવેશતો જોયો એટલે હર્ષના આવેગમાં - આવેશમાં તેનું શરીર ફૂલી ગયું, અને એ કારણે તેના હાથની ચૂડી નંદવાઈ ગઈ. ચૂડીનો અડધો ભાગ હાથે વળગી રહ્યો ને અડધો તૂટીને પડી ગયો.

આ દુહો ચારણી પરંપરામાં નીચે દર્શાવેલ રીતે સાંભળવા મળે છે:

**કામન કાગ ઉડાવતી; પિયુ આયો ઝળકાં ।**
**આધી ચૂડી કર લગી, આધી ગઈ તડકાં ।।**

એક જ ભાવ કેવો આગવી રીતે અભિવ્યક્તિ પામ્યો તેનું ઉજળું ઉદાહરણ અહીં દૃષ્ટિગોચર થાય છે. હજી એક છેલ્લું ઉદાહરણ અવલોકીએ :

**પુત્તેં જાએ કવણુ ગુણ, અવગુણ કવણુ મુએણ ।**
**જા બપ્પી કી ભુંહડી, ચંપિજ્જઈ અવરેણ ।।**

એવા પુત્રના જન્મથી શો લાભ, અને મરણથી પણ શી ખોટ? કે જેના હોવા છતાં તેના પિતાશ્રીની મિલક્ત ઉપર કે ધરતી ઉપર બીજાનો અધિકાર થાય આ દુહાનું સાંપ્રત રૂપ નીચે પ્રમાણે છે :

**બેટો જાયાં કવણ ગુણ, અવગુણ કવણ ધિએણ ।**
**જા ઊભાં ઘર અપ્પણી, ગંજીજૈ અવરેણ ।।**

એવા પુત્રના જન્મથી શો લાભ, અને તેના બદલે પુત્રી જન્મી હોય તો પણ શું ખોટું થાત કે જેના હોવા છતાં પણ તેની પોતાની માલિકીની જમીન ઉપર બીજાનો અધિકાર થવા પામે.

મધ્યકાલીન ભાવસામગ્રીને પણ અર્વાચીન ભાષારૂપમાં દૃષ્ટિપૂત રીતે આલેખવાની આવડતનું દર્શન અહીં થાય છે. યુગ બદલાતા પણ એમાં રહેલો ભાવ તો શાશ્વત જ છે. મૂળ વસ્તુ છે માલિકીપણાની. પોતાનું ઝૂંટવા માટે કોઈ પ્રવૃત્ત હોય અને પોતાના શૌર્યનો પરચો ન બતાવે એવા પુત્ર કરતાં તો એનાથી વંચિત હોઈએ તો પણ શું ?

પ્રશ્નાર્થને પ્રયોજીને પણ કથનમાં સાધેલું સૌંદર્ય, મૂળ ભાવની માવજત કરીને પોતાની કર્તૃત્વશક્તિ-સર્જકપ્રતિભાનો પરિચય આ દુહાગીરોએ કરાવ્યો છે. ભલે અનુવાદના ઈતિહાસવિદો, અભ્યાસી એના સિદ્ધાંતવિવેચકો આ પ્રાચીન પરંપરાને એના સ્વાધ્યાયમાં સ્થાન ન આપે તો પણ અનુવાદનો ઈતિહાસ પાયો તો મધ્યકાલીન અને લોકસાહિત્ય પરંપરામાં દૃષ્ટિગોચર થતો હોઈને દુહાગીરો આદ્ય અનુવાદકો છે એમ કહેવામાં અતિમૂલ્ય નથી અંકાતું પણ ખરો મહિમા મુકાય છે. ■

## અલખનો ઓટલો

# અવિનાશીની કળા અનેરી, વિરલા કોક વખાણે રે...

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

મકરન્દભાઈ વારંવાર કહેતા કે- 'ભજનોમાં સદ્‌ગુરુનો મોટો મહિમા ગાવામાં આવ્યો છે. પણ આ મહિમાને લીધે અનેક નામધારી ગુરુઓ ભોળા માનવીઓને ભરમાવતા હોય છે. તેથી સદ્‌ગુરુ કેવો હોય તે પહેલાં નાણી, પ્રમાણીને જ તેનાં વચનો પર વિશ્વાસ રાખવો જોઈએ. 'વરતન જોઈ વસ્તુ વોરીએ' - એ ભજનવાણીનો પહેલો પાઠ છે. દેવને, ગુરુને, અતિથિને આપણું સર્વસ્વ આપવાનું ભજનો કહે છે, ત્યારે ત્યાં વિવેકને દેશવટો આપવાનો નથી. દેવ કે દેવીને કોઈ પ્રાણીનો ભોગ ન જ અપાય, ગુરુની આજ્ઞા માનવામાં ક્યાંયે ચારિત્રનું ખંડન ન જ ચાલે. અતિથિનો આદર-સત્કાર કરવામાં કચાશ ન રખાય પણ પોતાની શક્તિને મર્યાદાનું ઉલ્લંઘન ન જ થવું જોઈએ. ભજન માણસને અભય, સત્યનિષ્ઠા, સંયમ શીખવે છે, તેમાં જ્યાં કાંઈ અતિરેક થાય ત્યાં અધર્મ છે, ભજનનાં બીજાં પણ ભયસ્થાનો છે. ભજનોને સાચી રીતે સમજવામાં ન આવે તો બ્રહ્મભાવને નામે અહમ્, ભગવાન પરના ભરોસાને સ્થાને અકર્મણ્ય, આળસ અને પરલોક સુધારવાને બહાને આ લોકનાં કર્તવ્યોમાંથી પલાયન-આવો સડો પેસી જવાનો ભય છે. એટલે જ ભજનિકોએ ભજનને રામ રસાયન કહ્યું છે. એ બરાબર પીવામાં ન આવે તો કાચા પારાની જેમ ફૂટી નીકળે. લોકોને આ વિષે સજાગ કરવાની જરૂર છે.' આજે ભજનો જે રીતે ગવાય છે તેમાં ભજનનાં અસલી ઢાળની કે શબ્દોની શુદ્ધિ જળવાતી નથી અને ભજનોનું સાત્ત્વિક વાતાવરણ બંધાતું નથી. મોટે ભાગે તે સસ્તા મનોરંજનનું સાધન થઈ પડયું છે. ત્યારે સાચા અર્થમાં ભજનિકોની પરંપરા તૈયાર થવી જોઈએ. જેમાં નવા ભજનિકો માટે ભજનને અસલી ઢાળમાં ગાવાની તાલીમ મળે, ભજનમાં આવતા શબ્દે શબ્દની પરખ અને તેના મર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય, જે સંતનું ભજન ગવાતું હોય તેના જીવન વિષે માહિતી મળે અને ભજન દ્વારા સમાજમાં સાત્ત્વિકતાનું બળ



ઊભું થાય. ભજનવાણીને સંતોએ સાચનું પાણ પાયું છે અને નિર્ભયતાનો મજીઠી રંગ ચડાવ્યો છે. તેને જીવનમાં વણીશું તો પછી સર્વત્ર અમૃતથી ભર્યા ભરપૂર આનંદનો પાર નહીં રહે .'

સામાન્ય માણસ તરીકે આપણે તો લખ ચોરાશીના ફેરામાં સતત ફરતા રહેવાનું છે. (૧)જરાયુજ ( ઓર- જરા સાથે જેનો જન્મ થાય તે મનુષ્ય અને પ્રાણીઓ. ૨૧ લાખ (૨) અંડજ (ઈંડામાં-કોચલામાંથી બહાર આવે તે) પક્ષી અને સર્પ, કીડી, મધમાખી, વગેરે.. ૨૧ લાખ (૩) ઉદ્‌બીજ ( બીજમાંથી જન્મ) વનસ્પતિ, વૃક્ષો.. ૨૧ લાખ અને (૪) સ્વેદજ ( પરસેવામાંથી જન્મ થાય એવા જંતુઓ) માંકડ, વીંછી, મચ્છર.. ૨૧ લાખ. એમ સંતો ચોરાશી લાખ યોનિની ગણતરી બતાવે છે.

સૃષ્ટિના પ્રારંભની વાત રવેણી પ્રકારનાં ભજનોમાં આવે, એમાં સમગ્ર બ્રહ્માંડનું સર્જન કેમ થયું, જીવ જગત અને માયાની ઉત્પત્તિ કઈ રીતે થઈ અને એનો વિનાશ કેમ થાય છે. તેનું ગૂઢ જ્ઞાન, સાંખ્ય જ્ઞાન મુજબનું સંખ્યા શાસ્ત્ર, પાંચ તત્ત્વ, પૃથ્વી પાણી આકાશ તેજ વાયુ, ત્રણ ગુણ સત્વ, તમ ને રજ પચીસ પ્રકૃતિ : એની તન્માત્રાઓ , બાર બીજ, બાવન અક્ષર, ષટ્‌ચક્રો, સાત ધાતુ, શરીરનાં નવ દ્વાર, દશ ઈન્દ્રિયો, એનાં દેવી-દેવતા, એના બીજમંત્રો.. એવું રહસ્યાત્મક તત્ત્વજ્ઞાન આપણા ભજનોમાં વણાતું રહ્યું છે. મારા પિતાજી રચિત ભજનવાણીમાં અવિનાશીની અકળ કળાનો મહિમા ગવાયો છે.

*અવિનાશીની કળા અનેરી, વીરલા કોક વખાણે રે,*
*ગૂંચવાયા ઈ ઘરઘર ઘૂમે, જુગતિ વાળા જાણે રે..*
*મોહન તારી માયા એવી, ધરમ રાજા અટવાયા રે,*
*જુગારમાં જુવતીને હાર્યા, વન વનમાં ભટકાયા રે..*
*લંપટને ત્યાં લક્ષ્મી ભાળો, સતિયાં ફરે ઉઘાડાં રે,*
*દાસ સુદામો જોઈ લેજો, વસ્તર છે થીગડાળાં રે..*
*જીવણ જેલ મહીં છે જાતા, મીરાં બની મતવાલી રે,*
*નરસૈયાને ન્યાલ કર્યો, જે નાચે દઈ દઈ તાલી રે..*
*કળિયુગમાં પણ કોટિ તાર્યાં, વાઈ ગિયાં છે એનાં વ્હાણાં,*
*બોડાણાની ભેર કરીને , ડાકોરમાં દરશાણા રે..*
*શરણાગતનો સાથી એવો, સત મારગ જે જાચે રે,*
*વલ્લભ વનમાળીની આગળ, નામ સૂણંતા નાચે રે..* ■

## આચમન

# ઈશ્વર કૃપાથી મળે તેમાં સંતોષ માનવો

અનવર વલિયાણી
feedback@bombay samachar.com

**પોતાના પરિશ્રમ અને ઈશ્વર કૃપાથી મળી જાય તેમાં જ પ્રસન્ન તથા સંતુષ્ટ રહેવાનું શીખવું જોઈએ**

એક ઋષિ પોતાના સૌથી પ્રિય શિષ્ય કપિલની સાથે શ્રાવસ્તી નરેશ પાસે ગયા.

-ઋષિને મળીને શ્રાવસ્તીના રાજા ખૂબ જ પ્રસન્ન થયા અને તેમના આદર - સત્કારમાં જોડાઈ ગયા.

* ઋષિ પોતાના શિષ્ય કપિલ સાથે ઘણા દિવસો સુધી રાજમહેલમાં રોકાયા.

* આ સમયગાળા દરમિયાન કપિલ રાજમહેલની એક સેવિકાના રૂપ પર મોહી ગયો.

* તેણે સેવિકા સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો.

* સેવિકાએ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. પરંતુ લગ્ન પહેલાં મોંઘાં કપડાં અને ઘરેણાં આપવાની શરત મૂકી.

* સેવિકાની માગણી બહુ મોટી હતી અને કપિલ આ બધી જ વસ્તુઓ તેને આપવામાં અસમર્થ હતો.

- ઘણાં દિવસો વીતવા છતાં કપિલ મોંઘાં કપડાં કે ઘરેણાં લાવી શકયો નહીં

* તે સતત વિચારતો કે આ બધું કેવી રીતે મેળવવું?

* કપિલની મનઃસ્થિતિ જાણીને સેવિકાએ આ બધી વસ્તુ મેળવવા માટે એક સરળ ઉપાય જણાવ્યો.

- તેણે કહ્યું કે,

* પ્રાતઃ કાળે જે વ્યક્તિ સૌથી પહેલાં શ્રાવસ્તી નરેશનું અભિવાદન કરે છે તેને તેઓ બે સુવર્ણ મુદ્રાઓ આપે છે.

- આ ઉપાય જાણી તેના જીવમાં જીવ આવ્યો.

* સવારે પોતાની પહેલાં કોઈ શ્રાવસ્તી નરેશને અભિવાદન કરી જશે તો?



* હું આખી રાત તેમના શયનખંડમાં વિતાવું તો સરળતાથી કોઈની પણ પહેલાં તેમનું અભિવાદન કરી શકું.

- આવું વિચારીને તે રાત્રે જ શ્રાવસ્તી નરેશના શયનખંડમાં પ્રવેશવા જાય છે, પરંતુ દ્વારપાળોએ કપિલને ચોર સમજીને પકડી લીધો.

- સવારે નરેશ સામે કપિલને હાજર કરવામાં આવ્યો ત્યારે કપિલે બધી વાતો જણાવી.

- જેથી પ્રસન્ન થઈને નરેશે તેને મોં માગી વસ્તુઓ આપવાનું વચન આપ્યું.

- કપિલે તેના માટે એક દિવસનો સમય માગ્યો.

- કપિલ વિચારવા લાગ્યો કે બે-પાંચ સુવર્ણમુદ્રાઓ તો બહુ ઓછી છે. તેના કરતાં સો સુવર્ણમુદ્રાઓ માગી લઉં તો! પરંતુ કેટલા દિવસ ચાલશે. તેનાથી તો માત્ર મારાં લગ્ન થશે.

* પત્ની સાથે આગળનું જીવન કેવી રીતે વિતાવીશ?

* આખી રાતના મનોમંથન બાદ તેણે આખું રાજ્ય જ માગી લેવાનું વિચાર્યું.

- બીજા દિવસે તે નરેશ પાસે ગયો અને સમગ્ર રાજ્યની માગણી કરી.

* શ્રાવસ્તી નરેશ નિઃસંતાન હતા.

* તેઓ પોતાના રાજ્યનો કારભાર સંભાળી શકે તેવી વ્યક્તિની શોધમાં જ હતા.

* તેમને રાજ્ય સંભાળવા માટે કપિલ એકદમ યોગ્ય લાગતો હતો. તેથી તેઓ પ્રસન્નતાપૂર્વક પોતાનું રાજ્ય કપિલને આપવા માટે તૈયાર થઈ ગયા.

- અને કહ્યું,

* 'તેં મારો ઉદ્ધાર કરી દીધો. હું તૃષ્ણારૂપી પાશમાંથી છૂટી ગયો...!'

- આ સાંભળીને કપિલમાં વિવેક જાગ્યો અને તેણે કહ્યું,

- 'મહારાજ! તમે જે દલદલમાંથી નીકળવા માગો છો, હું તેમાં પડવા માગતો નથી.'

- ત્યાર બાદ મારે કશું જોઈતું નથી. હું સેવિકાના રૂપના મોહમાં પડી ગયો હતો. હવે હું કોઈપણ જાતના મોહમાં પડવા માગતો નથી...!

- ત્યારબાદ શ્રાવસ્તી નરેશની આજ્ઞા લઈને કપિલ પોતાના ગુરુ પાસે ગયો અને બધી જ વાત જણાવી.

- ઋષિએ કહ્યું,

* 'બેટા, કામનાઓનો ક્યાંય અંત નથી હોતો, તેથી જેટલું પોતાના પરિશ્રમ અને ઈશ્વરકૃપાથી મળી જાય તેમાં જ પ્રસન્ન તથા સંતુષ્ટ રહેવાનું શીખવું જોઈએ...!' ■

## સંગમતીર્થ સંત


# સ્વામી શિવાનંદ સરસ્વતીનો આધ્યાત્મિક માર્ગ

હરીશ વટાવવાળા
feedback@bombay samachar.com

સ્વામી શિવાનંદ સરસ્વતીના પૂર્વસૂરિ શ્રી અપ્પય દીક્ષિતારનું દક્ષિણ ભારતમાં એક જ્યોતિર્મય નામ હતું. તેમણે સંસ્કૃત ભાષામાં ૧૦૮ ગ્રંથોનું નિર્માણ કર્યું. જેમાં જ્ઞાનના અનેક વિષયોને અનેક પરિમાણીય પાસાંથી તપાસીને નવા જ પરિપ્રેક્ષ્યમાં લઈ આવ્યા અને એટલી જ મિષ્ટ અને પ્રવાહી શૈલીમાં તેનું આલેખન કર્યું. વેદાન્ત વિષયક એમના આવા ગ્રંથોથી એમની મહાન વિદ્વત્તાની ઝલક આપણને સ્પષ્ટ રીતે મળે છે. વેદાન્તના દાર્શનિક મતવાદીઓએ એમનાં અદ્વિતીય અને અનુપમ પુસ્તકોમાંથી પ્રેરણા લીધી છે. એમના અનેક ગ્રંથો પૈકી 'ચતુર્મત સાર સંગ્રહ' ગ્રંથ ખૂબ જ જાણીતો અને લોકાદર પામ્યો છે. તેઓએ દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શિવાદ્વૈત મતોનું ખૂબ જ સુંદર અને સરળ રીતે સ્પષ્ટીકરણ અને સરલીકરણ કર્યું છે, જેનું ન્યાય મુક્તાવલી, ન્યાય મુખપાલિકા, ન્યાય મણિમાલા તથા ન્યાય મંજરીનું 'ચતુર્મત સારસંગ્રહ'માં પ્રતિપાદન કર્યું છે. 'સિદ્ધાંત લેશ' નામનો એમનો ગ્રંથ શ્રી શંકરાચાર્યજીના અનુગામીઓના મતમતાંતરનો સાર છે. એવા વિદ્વાન શ્રી અપ્પય દીક્ષિતારના આધ્યાત્મિક કૂળમાં એક 'દિવ્યાત્માનો આવિર્ભાવ થયો તે સ્વામી શિવાનંદ સરસ્વતી (જન્મ તા. ૮-૦૯-૧૮૮૭) અને એમના દ્વારા આધ્યાત્મિક પરંપરાની એક નૂતન દિશાનો ઉઘાડ થયો.

સ્વામી શિવાનંદ સરસ્વતીજી વ્યવહારુ, આધ્યાત્મિક અને દિવ્યજીવનને ઉજાગર કરનાર ખરા અર્થમાં એક આધ્યાત્મિક સંત હતા. જે આધ્યાત્મિક જ્ઞાન એમણે મેળવ્યું તે જીવનમાં ઉતાર્યું. એટલું જ નહિ, એનો લાભ સહુ પામે એથી એમણે એમના અનુભવ દ્વારા આપણી સમક્ષ મૂકયું. આત્મસાક્ષાત્કાર પામેલા આ સંતના હૃદયમાં ઊભરાતો આનંદ આ રત્નકણિકાઓમાં પ્રકટ થાય છે. 'Great Bhuma Experience' પુસ્તકમાં તેઓ તેમનો અનુભવ વર્ણવતાં લખે છે:

*'અનંત આનંદના વિશાળ મહાસાગરમાં*
*હું કૂદી પડ્યો.*
*શાશ્વત સુખના અસીમ સાગરમાં*
*હું તરવા માંડ્યો.*
*અગાધ શાંતિના સમુદ્રમાં*
*હું આગળ વધ્યો અને*
*મારો અહંકાર ઓગળી ગયો*
*વિચારો શાંત થઈ ગયા,*
*બુદ્ધિ નિષ્ક્રિય બની ગઈ,*
*ઈન્દ્રિયો ઈશ્વરમાં એકરસ થઈ ગઈ.*
*હું દુનિયાનું ભાન ભૂલી ગયો.*
*મેં જોયું તો*



*હું પોતે જ*
*સર્વત્ર હાજર હતો...'*

પરમકૃપાળુ પરમાત્માના પરમ પ્રકાશમાં એકાકાર બની ગયા પછી પણ સ્વામી શિવાનંદ એક સામાન્ય માણસની જેમ બધા સાથે વ્યવહાર કરતા હતા. આત્મસાક્ષાત્કાર પામેલા સંતની સુવાસ દિવ્ય જગતમાં ફેલાયા વગર રહેતી નથી. સ્વામી શિવાનંદની લોકો ઉપર તેની ચુંબકીય અસર થઈ, જે માણસો તેમની પાસે આવ્યા તેમણે પોતપોતાની શક્તિ મુજબ પ્રકાશ ગ્રહણ કર્યો. સ્વામી શિવાનંદ સરસ્વતીની 'મૌન પ્રદેશ' નામની કવિતામાં ગૂઢ રહસ્યના ધબકારા સંભળાય છે:

*'હું પરમ પ્રકાશ સાથે*
*એકરૂપ થઈ ગયો.*
*અમે બે એક છીએ કે અલગ*
*એ વિચાર જ, અલોપ થઈ ગયો.*
*જન્મ-મરણના આ ભવસાગરને*
*પાર કરીને હું સામે તીરે પહોંચ્યો, સદાને માટે.'*

પરમકૃપાળુ પરમાત્માના પરમ પ્રકાશમાં ઓગળી ગયેલા સ્વામી શિવાનંદ સરસ્વતીએ આધ્યાત્મિક જીવન જીવવાની એક નવી જ દિશાનો ઉઘાડ કર્યો.

જ્યારે વેદાન્તનો અભ્યાસુ આધ્યાત્મિક સાક્ષાત્કાર પ્રાપ્ત કરે છે ત્યારે તેનો જીવ શિવ થઈ જાય છે. પ્રભુ સાથે એકરૂપ થયો હોવા છતાં જ્યાં સુધી તેનું પ્રારબ્ધ ભોગવાઈને પૂરું ન થાય ત્યાં સુધી તે દેહને ધારણ કરે છે. પ્રારબ્ધ પૂરું થતાંની સાથે જ તે દેહરૂપી આવરણનો ત્યાગ કરે છે. જીવનમુક્ત પ્રભુ સાથે એકાકાર થાય છે. તે બે વચ્ચે પછી કશો ભેદ રહેતો નથી. જીવનમુક્ત શાંતિ, જ્ઞાન અને આનંદ એ તેના ગુણધર્મ નથી, પરંતુ તેના આધ્યાત્મિક શરીરનાં આ ત્રણ મૂળ તત્ત્વો છે. શિવાનંદની આધ્યાત્મિકતત્ત્વ વિશેની આ સમજ હતી.

ધ્યાન, જ્ઞાન અને શાંતિની સાથે સાથે પૂજા, ભક્તિની પણ એટલી જ આવશ્યકતા છે. વેદાન્તીઓ ધ્યાનને મહત્ત્વ આપે છે પણ પૂજા પણ એટલી જ મહત્ત્વની છે. ચોવીસે ચોવીસ કલાક ભગવાનનો વિચાર કર્યા કરવાનો છે. માનસીપૂજા તો વ્યક્તિના મનમાં સતત ચાલુ જ રહેવી જોઈએ.

સ્વામીજી કહે છેઃ 'તમારી સામે કૉફીનો કપ આવે તો તેને કૉફી તરીકે કે એક વસ્તુ તરીકે નહીં, પણ તેને પ્રભુ તરીકે જુઓ. નાસ્તાની પ્લેટમાં મુકાયેલી વાનગીમાં પણ પ્રભુનાં દર્શન કરો. તેમાં પ્રભુની હાજરી અનુભવો. આ ભાવનાને કેળવો.' તેઓ માનતા કે, ઈશ્વરના દર્શન કરવા માટે સાધકે છેવટે તો ધ્યાનનો જ આધાર લેવો પડે છે.

માયા વિશે સ્વામીજી કહે છે: '.... માયા પાસે બે શક્તિ છે. આવરણ શક્તિ અને વિસ્તરણ શક્તિ. આવરણ શક્તિ વડે તે તમારા મૂળ જ્ઞાન ઉપર, મૂળ બુદ્ધિશક્તિ ઉપર પડદો નાખે છે અને તેને ઢાંકી રાખે છે. વિસ્તરણ શક્તિ વડે તે મન ચાહે ત્યાં ઘૂસી શકે છે. તે જ્ઞાન તરફ ધસી જાય છે અને તેમાં વિક્ષેપ ઊભો કરે છે. તેમાં ખલેલ પહોંચાડે છે. માયા બાહ્ય જગતમાં દેખાતા વિવિધ વિષય પદાર્થો તરફ મનને ખેંચી જાય છે. પરિણામે પ્રભુ સાથે એકરૂપની ભાવનાને ભૂલી જઈએ છીએ અને બહાર દેખાતું જગત જ સાચું જગત છે એમ માનીએ છીએ. માયા સત્યને સંતાડે છે અને જે અસત્ય છે તેમાં સત્યનો ભાસ ઊભો કરે છે.'

જે સાધકો તેમની ઈન્દ્રિયો ઉપર કાબૂ રાખી શકતા ન હોય અને જેનામાં સદ્‌ગુણોનો અભાવ હોય તેમને સ્વામીજી આશ્રમના મહાત્માઓના સતત સંપર્કમાં રહેવાની સલાહ આપતા. મહાત્માઓના સંસર્ગમાં તેમના જીવનનું નવઘડતર થયું. આ પ્રક્રિયા પૂરી થાય પછી તેઓ તેમને ઊંડું ધ્યાન ધરવા માટે એકાન્તમાં મોકલી આપતા.

આ એકાન્તનવાસ દરમિયાન જો કોઈ સાધક એદી અને આળસુ બની જતો જણાય તો તેઓ તેને ત્યાંથી તરત ઉઠાવીને નિષ્કામ સેવાપ્રવૃત્તિઓમાં જોડી દેતા. ધ્યાનમાં આગળ વધતા સાધકોને તેઓ એકાન્તમાં જ રહેવાની સૂચના આપતા અને બુદ્ધ, ઈસુ ખ્રિસ્ત અને શ્રી અરવિંદ ઘોષનો દાખલો આપી પ્રોત્સાહિત કરતા. (ક્રમશઃ)■

# પશ્ચિમ રેલવેના પ્રવાસીઓના હાલબેહાલ

## નાયગાંવ અને ભાયંદર વચ્ચે ઓવરહેડ વાયરમાં ખામી સર્જાતા ટ્રેન વ્યવહાર ખોરવાયો


(અમય ખરાડે)





**હાલાકીઃ** પશ્ચિમ રેલવેમાં પ્રવાસીઓના હાલબેહાલ તો થયા જ હતા, પરંતુ મધ્ય રેલવેમાં પણ બ્લોકને કારણે પ્રવાસીઓને હાલાકી થઈ હતી.




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં રવિવારે ઓવરહેડ ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટ (ઓએચઈ)માં ખામી સર્જાવવાને કારણે સવારથી લઈને બપોર સુધી લોકલ ટ્રેનોના ધાંધિયા રહ્યા હતા. મુંબઈ ડિવિઝનમાં નાયગાંવ અને ભાયંદર વચ્ચે ઓવરહેડ ઈક્વિપમેન્ટ (ઓએચઇ)માં ખામી સર્જાતા લોકલ ટ્રેન સર્વિસીસ ખોરવાઈ હતી, જેનો ભોગ પ્રવાસીઓ બન્યા હતા. સવારથી લઈને બપોર સુધી ટ્રેનોના ધાંધિયા રહેવાને કારણે પ્રવાસીઓએ રેલવે પ્રશાસનની કામગીરીને વખોડી હતી. અનેક પ્રવાસીઓને રેલવેના પાટા પર ચાલતા ચાલતા નજીકના સ્ટેશને પહોંચ્યા હતા, પરંતુ આખો દિવસ ટ્રેનોના ધાંધિયા રહેતા અનેક પ્રવાસીઓએ રેલવેની ઝાટકણી કાઢી હતી.

આ બનાવ અંગે રેલવેએ જણાવ્યું હતું કે સવારના ૭.૫૨ વાગ્યાના સુમારે ડાઉન સ્લો લાઈનમાં (૪૪/૧.૬ કિલોમીટર માર્કર નજીક) ઓવરહેડ વાયરમાં ટેક્નિકલ ખામી સર્જાવવાને કારણે ટ્રેનસેવા પર અસર પડી હતી. સબર્બન લોકલ ટ્રેન અને મેમુ ટ્રેનની ખોટકાઈ હતી. જોકે, અસરગ્રસ્ત ટ્રેનોને ખસેડવા માટે ડીએસએલ પાવરથી વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યારે મેઈન્ટેનન્સ કામગીરી વસઈ રોડથી એક ટાવર વેગનને ઘટનાસ્થળે મોકલીને કામગીરી પાર પાડી હતી, પરંતુ ઓવરહેડ વાયર તૂટ્યા પછી ટ્રેન સર્વિસને રેગ્યુલર કરવામાં ચારથી પાંચ કલાક લાગી ગયા હોવાનું પ્રવાસીઓએ જણાવ્યું હતું.

ઓવરહેડ વાયર તૂટવાને કારણે લોકલ ટ્રેન સિવાય મુંબઈથી ગુજરાત જનારી લાંબા અંતરની અમુક ટ્રેનો પર પણ અસર પડી હતી, જેમાં બપોર સુધીની મોટા ભાગની ટ્રેનો કલાકથી વધુ મોડી દોડતી રહી હતી. ઓવરહેડ વાયર તૂટ્યા પછી અમુક પ્રવાસીઓ તો ભાયંદર ખાડી પર ચાલતા નીકળીને નજીકના સ્ટેશન પહોંચ્યા હોવાના વીડિયો વાયરલ થયા હતા. સોશિયલ મીડિયા પર પ્રવાસીઓ પગપાળા ચાલતા જોવા મળ્યા પછી યૂઝર્સે રેલવે પ્રશાસનની બેદરકારી મુદ્દે આકરી ઝાટકણી કાઢી હતી.

મુંબઈ સબર્બન રેલવેમાં રવિવારનો દિવસ એટલે બ્લોકનો દિવસ. પ્રવાસીઓને રેગ્યુલર ટ્રેન મળવાની મુશ્કેલી પડતી હોય છે, પરંતુ આજે તો સવારથી પારાવાર લોકોને હાલાકી ભોગવવી પડી હતી. આજે ગરમીના

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈને મળવા જઈ રહી છે પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેન

મુંબઈઃ વંદે ભારત ટ્રેનની શરૂઆત થઇ ત્યારથી તે આરામદાયક મુસાફરી અને સમયની બચત માટે પ્રવાસીઓમાં લોકપ્રિય થઇ છે. તેનાથી આગળવધીને વંદે ભારત સ્લીપર ટ્રેન શરૂ કરવાની જાહેરાત થઇ ત્યારથી લોકો મુંબઈથી વંદે ભારત સ્લીપર ટ્રેન શરૂ થાય તેની પ્રતીક્ષા કરી રહ્યા હતા. હવે આ આતુરતાનો અંત આવી રહ્યો છે. દેશની આર્થિક

(જુઓ પાનું ૪) ▶▶

## ૧૦ વર્ષ બાદ પણ મેટ્રો લાઈન-ચારનું કામ અપૂર્ણ

### વડાલા-ઘાટકોપર-કાસારવડવલી મેટ્રો

મુંબઈઃ મુંબઈ અને થાણેને જોડનારી વડાલા-ઘાટકોપર-કાસારવડવલી મેટ્રો-ચારનું બાંધકામ છેલ્લા ૧૦ વર્ષથી ચાલી રહ્યું છે પણ નજીકના સમયમાં મેટ્રો શરૂ થવાની કોઈ શક્યતા જણાતી નથી. રેલવે સેફ્ટી કમિશન પાસેથી હજી સુધી કમેન્સમેન્ટ સર્ટિફિકેટ મળ્યું ન હોવાને કારણે આ મેટ્રો લાઈનમાં પહેલા તબક્કાના રૂટ પર મેટ્રો ટ્રેન શરૂ થઈ શકી ન હોવાનું કહેવાય છે.

વિધાનસભાની ચૂંટણી અગાઉ મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાને મેટ્રો-ચારના પહેલા તબક્કામાં ટ્રાયલ રન લઈને થાણેવાસીઓને મેટ્રો રેલનું સપનું દેખાડ્યું હતુ પણ સાત મહિના બાદ આ મેટ્રો ટ્રેન ઘોડબંદરમાં પાટા પર ધૂળ ખાતી પડી રહી હોવાનું જણાઈ આવ્યું છે. રેલવે સેફ્ટી કમિશન પાસેથી હજી સુધી તેમને કમેન્સમેન્ટ સર્ટિફિકેટ મળ્યું નથી. તેથી મેટ્રો લાઈનમાં પહેલા તબક્કાના રૂટ પર મેટ્રો ટ્રેન શરૂ કરવામાં અડચણ આવી રહી હોવાનું અધિકારીઓનું કહેવું છે.

છેલ્લા થોડા વર્ષોમાં થાણે શહેરનો વધુ ઝડપથી વિકાસ થયો છે, તેમા પણ ખાસ કરીને ઘોડબંદર વિસ્તારમાં ગાયમુખમાં મોટા પ્રમાણમાં હાઉસિંગ કૉમ્પ્લેક્સ ઊભા થઈ ગયા છે. સાંકડા રસ્તા અને વધતી જતી વાહનોની સંખ્યાને દરરોજ ઘોડબંદર રોડ પર ભારે ટ્રાફિક જૅમ રહેતો હોય છે. ટ્રાફિકની

(જુઓ પાનું ૪) ▶▶

## આગામી ૧૦ વર્ષના ટ્રાફિકને ધ્યાનમાં રાખી રસ્તાઓ બનાવો

### પાલિકા કમિશનરે ચોમાસા પહેલાની તૈયારીની પણ કરી સમીક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં મોટા પાયા પર રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટીકરણ થઈ રહ્યું છે ત્યારે લાંબા ગાળાના રોડમેપના અભાવને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાનગરપાલિકા કમિશનર અશ્વિની ભીડેએ રેલવે સ્ટાઈમાં મૉડેલ ઓપરેશન નોર્મસ્ (ધોરણ)ને તાત્કાલિક રચવાનો નિર્દેશ આપ્યો હતો. તેથી રસ્તાઓ ફક્ત વર્તમાન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નહીં પણ આગામી ૧૦ વર્ષમાં વધતા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને બનાવી શકાશે.

કમિશનરે પાલિકા મુખ્યાલયમાં ચોમાસા પહેલાની તૈયારી અંગે માસિક સમીક્ષા બેઠક રાખી હતી, જેમાં પાલિકાના એડિશનલ, તેમ જ તમામ ડેપ્યુટી અને આસિસ્ટન્ટ કમિશનરો હાજર રહ્યા હતા. આ સમીક્ષા બેઠકમાં તેમણે નાળાની સફાઈ, રસ્તાના કામની વર્તમાન સ્થિતિ વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

કમિશનરે ૭૦ ટકાથી વધુ પૂર્ણ થયેલા રોડ પ્રોજેક્ટનું કામ પહેલી જૂન પહેલા પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેથી ચોમાસા દરમ્યાન આ રસ્તાઓ વાહનવ્યવહાર માટે ખુલી જાય અને ટ્રાફિકની સમસ્યા ચોમાસામાં સર્જાય નહીં. આ દરમ્યાન તેમણે રસ્તાઓ વર્ષો સુધી વાપરી શકાય એ દૃષ્ટિએ તેમ જ તેના પરના ટ્રાફિકને રેલવેના સ્ટાઈલમાં મૉડેલ ઓપરેશન નોર્મસ્ તૈયાર કરવાની સૂચના આપી હતી. આ ધોરણમાં રસ્તાઓને જાળવણી, સમારકામ આગામી ૧૦

(જુઓ પાનું ૪) ▶▶

### વિશેષાધિકાર કાર્યવાહી

## કોમેડિયન કામરાએ બાળ ઠાકરેના ઈન્દિરા ગાંધી પરના કાર્ટૂન તરફ આંગળી ચીંધી

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા દ્વારા તેમના વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી પર સવાલ ઉઠાવતા સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાએ તત્કાલીન વડા પ્રધાન ઇન્દિરા ગાંધી પરના બાળ ઠાકરેના કાર્ટૂનનો ઉલ્લેખ કરીને દલીલ કરી છે કે શિવસેનાના દિવંગત સ્થાપકને ક્યારેય વિશેષાધિકાર કાર્યવાહીનો સામનો કરવો પડ્યો ન હતો.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, જેઓ બાળ ઠાકરેના રાજકીય વારસાને આગળ ધપાવવાનો દાવો કરે છે, તેમને લક્ષ્ય બનાવતા તેમના વ્યંગાત્મક ગીત માટે કામરાને વિશેષાધિકાર ભંગની નોટિસ ફટકારવામાં આવી છે.

રાજ્ય પ્રધાન અને શિવસેના નેતા પ્રતાપ સરનાઇકની ટિપ્પણીનો જવાબ આપતા હાસ્ય કલાકારે એકસ પર વિધાનસભાની વિશેષાધિકાર સમિતિને સુપરત કરેલા તેમના તાજેતરના લેખિત નિવેદનનો સ્ક્રીનશોટ શેર કર્યો છે, જેમાં તેમણે બાળ ઠાકરેનું કાર્ટૂન પણ શામેલ કર્યું છે.

વિશેષાધિકાર કાર્યવાહી પર પ્રતિક્રિયા આપતા સરનાઇકે શનિવારે પત્રકારોને જણાવ્યું હતું કે, કુણાલ કામરા, તેઓ જે કંઈ પણ કહે છે, વિધાનસભાના સભ્યો દ્વારા વિશેષાધિકાર ભંગ પ્રસ્તાવનો કેસ સમિતિને મોકલવામાં આવ્યો છે અને તેઓ તે સમિતિ દ્વારા તેમનું નિવેદન આપી

(જુઓ પાનું ૪) ▶▶

## નાગપુરમાં દાણચોરીનો ૨૦ કરોડ રૂપિયાનો ગાંજો પકડાયોઃ ચારની ધરપકડ

મુંબઈઃ નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)ના મુંબઇ ઝોનલ યુનિટે નશીલા પર્દાથની દાણચોરી કરતી આંતરરાજ્ય ટોળકીના ચાર સભ્યને નાગપુરથી ઝડપી પાડ્યા હતા અને ૨૦ કરોડ રૂપિયાનો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો. એનસીબીના મુંબઈ ઝોનલ યુનિટના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે શનિવારે નાગપુરમાં પશ્ચિમ બંગાળનું રજિસ્ટ્રેશન ધરાવતી ટ્રકને આંતરી હતી અને તેમાં બેઠેલા પી. કુમાર તથા આર. કુમારને તાબામાં લેવાયા હતા. બાદમાં ટ્રકની તલાશી લેવામાં આવતાં ધાતુના પતરાના કાયદેસર કાર્ગોની અંદર છુપાવેલો ૨૧૦ કિલો ગાંજો મળી આવ્યો હતો.

તાબામાં લેવાયેલા બંને શખસની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે ગાંજાનો આ જથ્થો ઓડિશાના સંબલપુરથી આવ્યો હતો. ઓડિશા ગાંજાના અનધિકૃત પુરવઠા માટે મુખ્ય સ્રોત માનવામાં આવે છે. બાદમાં આગળની કાર્યવાહીમાં ગાંજાના વિતરકો પાટીલ અને વર્માની પણ ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીઓની પૂછપરછમાં અધિકારીઓને એવું જાણવા મળ્યું હતું કે ૨૧૦ કિલો ગાંજો મહારાષ્ટ્રમાં મુંબઇ, નાગપુર, અમરાવતી, અકોલા, નાશિક અને પુણે સહિત વિવિધ સ્થળે વિતરણ કરવાનો હતો અને તે સ્થાનિક પેડલરો સહિત અન્યોને રિટેઇલમાં વેચવામાં આવવાનો હતો. ■

## ચૂંટણીમાં થયેલા નુકસાનને કારણે રાહુલ ગાંધીને હટાવવા માટે કોંગ્રેસમાં વાતાવરણ ગરમાયું છેઃ ફડણવીસ

નાગપુર : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર પ્રહાર કરતા દાવો કર્યો કે કોંગ્રેસમાં તેમને હટાવવા માટે વાતાવરણ તૈયાર થઈ રહ્યું છે, કારણ કે તેઓ પાર્ટી માટે ચૂંટણી જીત સુનિશ્ચિત કરવામાં અસમર્થ છે.

નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું કે ગાંધી ફક્ત પોતાના અસ્તિત્વ માટે અને સતત હારનો સામનો કરી રહેલા નેતૃત્વને બચાવવા માટે લડી રહ્યા છે. ગાંધીએ આરએસએસ-ભાજપ પર આકરા પ્રહારો કર્યા અને આરોપ લગાવ્યો કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય બંધારણને ખતમ કરવાનો છે કારણ કે તેઓ નથી ઇચ્છતા કે ભારતમાં દરેકને સમાન ગણવામાં આવે.

બંધારણ વિના, આપણે જેને ભારત કહીએ છીએ તે ત્યાં ન હોત. આજે આરએસએસ-ભાજપની માનસિકતા ધરાવતા લોકો બંધારણને ખતમ કરવા માંગે છે. તેઓ જે કંઈ પણ કહે, તેમનો મુખ્ય ઉદ્દેશ્ય બંધારણને ભૂંસી નાખવાનો છે કારણ કે તેઓ નથી ઇચ્છતા કે ભારતમાં દરેકને સમાન ગણવામાં આવે, તેમણે કહ્યું હતું.

ફડણવીસે દાવો કર્યો હતો કે, કોંગ્રેસમાં રાહુલ ગાંધીને દૂર કરવા માટે વાતાવરણ બની રહ્યું છે, કારણ કે તેઓ પાર્ટી માટે ચૂંટણી જીત સુનિશ્ચિત કરવામાં અસમર્થ છે.

તેમણે કહ્યું કે ગાંધીએ તેમના પક્ષની અંદરના સંઘર્ષ પરથી ધ્યાન હટાવવા માટે આવા નિવેદનો આપ્યા છે. ■

## કલ્યાણની વૃદ્ધાને 'ડિજિટલ અરેસ્ટ'નો ડર દેખાડીને ૭૩.૩ લાખની છેતરપિંડી આચરી

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં રહેનારી ૮૨ વર્ષની વૃદ્ધાને ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડીને સાયબર ગુનેગારોએ ૭૩.૩ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી.

પોલીસ અધિકારીના સ્વાંગમાં આરોપીઓએ વૃદ્ધાને આતંકવાદના બોગસ કેસમાં ફસાવવાની ધમકી આપી રૂપિયા પડાવ્યા હતા, જેને પગલે પોલીસ ફરિયાદ નોંધાવાઇ હતી.

ફરિયાદી વૃદ્ધાને આરોપીઓએ કૉલ કરીને કહ્યું હતું કે તેનો મોબાઇલ નંબર પહલગામ આતંકવાદી હુમલામાં સંડોવાયેલા પાકિસ્તાની સૈનિક સાથે જોડાયેલો છે.

આ કેસમાંથી તેનું નામ કાઢી નાખવાને બહાને તેમણે વૃદ્ધા પર રૂપિયા ટ્રાન્સફર કરવા માટે દબાણ કર્યું હતું. આરોપીઓએ ૬ એપ્રિલથી ૧૦ એપ્રિલ દરમિયાન વૃદ્ધાને અલગ અલગ મોબાઇલ નંબર પરથી કૉલ કર્યા હતા.

કથિત આતંકવાદના કેસમાંથી નામ કાઢી નાખવા માટે બૅંકના વ્યવહારોની ચકાસણી કરવાને બહાને વૃદ્ધાને રૂપિયા ઑનલાઇન ટ્રાન્સફર કરવાનું જણાવાયું હતું.

વૃદ્ધાએ વ્હૉટ્સઍપ પર આવેલી સૂચનાને અનુસરીને આરોપીઓ દ્વારા પૂરા પાડવામાં આવેલા બૅંક ખાતાંઓમાં કુલ ૭૩.૩ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

દરમિયાન પોતે છેતરાઇ હોવાનું ધ્યાનમાં આવતાં વૃદ્ધાએ મહાત્મા ફૂલે ચોક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો.

ગુનો આચરવા ઉપયોગમાં લેવાયેલા પાંચ મોબાઇલ નંબર પોલીસે ઓળખી કાઢ્યા હોઇ તેને આધારે આરોપીઓની શોધ ચલાવવામાં આવી રહી છે, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

(પીટીઆઇ) ■

## માતા સાથે અનૈતિક સંબંધ હોવાની શંકા પરથી સગીર પુત્રએ મિત્રનું ગળું ચીરી નાખ્યું

જાલનાઃ માતા સાથે અનૈતિક સંબંધ હોવાની શંકા પરથી ૧૭ વર્ષના પુત્રએ તેના પચીસ વર્ષના મિત્રની હત્યા કરી હોવાની ઘટના જાલના જિલ્લામાં બની હતી, જેને પગલે પોલીસે સગીર પુત્રને તાબામાં લીધો હતો.

તાજેતરમાં ૧૨મા ધોરણની પરીક્ષા આપનારા સગીરે શિરસવાડી ગામમાં શુક્રવારે તેના મિત્ર નિખિલ વાઘમારે પર હુમલો કરી તેનું ગળું ચીરી નાખ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સગીરને શંકા હતી કે તેની માતાને નિખિલ વાઘમારે મોબાઇલ પર મેસેજ મોકલે છે અને તેમની વચ્ચે અનૈતિક સંબંધ છે.

દરમિયાન સગીર અને વાઘમારે શુક્રવારે રાતે પાર્ટી કરવા માટે ગયા હતા. વાઘમારે સૂઇ ગયા બાદ સગીરે તેનું ગળું ચીરી નાખ્યું હતું, જેમાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને વાઘમારેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યા બાદ આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને સગીરની શોધ ચલાવી હતી. પોલીસે બાદમાં છટકું ગોઠવીને સગીરને તાબામાં લીધો હતો, જે ભાગી છૂટવાના પ્રયાસમાં હતો, એમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

જાલના પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર સંતોષ સાબળેએ જણાવ્યું હતું કે અમે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો અને સગીરને તાબામાં લીધો હતો. તેની અમે પૂછપરછ કરી રહ્યા છીએ. (પીટીઆઇ) ■

## મુંબઈમાં શ્વાનની વધતી વસતી ચિંતાજનક

### પાલિકા ત્રણ વર્ષમાં ૧,૩૫,૦૦૦ રખડતા શ્વાનનું કરશે વંધ્યીકરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના અનેક દાવા બાદ પણ મુંબઈમાં રખડતા શ્વાનની વધતી વસતીએ મુંબઈગરાની ચિંતા વધારી છે. રખડતા શ્વાનની સંખ્યા નિયંત્રણમાં લાવવા માટે પાલિકા ફરી એક વખત શ્વાનના સ્ટરીલાઈઝેશન (વંધ્યીકરણ)નો પ્રોજેક્ટ અમલમાં મૂકવાની છે, જેમાં વર્ષ દરમ્યાન ૪૫,૦૦૦ રખડતા શ્વાનનું વંધ્યીકરણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

મુંબઈમાં વર્ષ ૨૦૨૪ અનુસાર રખડતા શ્વાનની સંખ્યા ૯૦,૭૫૭ છે, જેમાં વંધ્યીકરણ કરેલા શ્વાનની સંખ્યા ૩૩,૬૭૧ છે. શ્વાનની કુલ સંખ્યા સામે વંધ્યીકરણ કરેલા રખડતા શ્વાનની સંખ્યા ઓછી છે, જે ચિંતાજનક બાબત છે. રખડતા શ્વાનનું કરડવાનું પ્રમાણ પણ વધી રહ્યું છે. તેથી તેમની વધતી વસતીને રોકવા માટે પાલિકાએ વંધ્યીકરણ યોજના હાથ ધરી છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ આગામી ત્રણ વર્ષમાં કુલ ૧,૩૫,૦૦૦ રખડતા શ્વાનનું વંધ્યીકરણ કરવાનું આયોજન છે. ત્રણ વર્ષના સમયગાળામાં આ પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે પરેલની મુંબઈ એનિમલ કોલેજ સહિત અન્ય નવ સંસ્થાને કૉન્ટ્રેક્ટ આપવામાં આવ્યો છે. આ ત્રણ વર્ષના સમયગાળામાં પાલિકા લગભગ ૨૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની છે.

મુંબઈ મહાનગરપાલિકાના સાર્વજનિક વિભાગ દ્વારા ૧૯૯૪ની સાલથી રખડતા શ્વાનની સંખ્યા નિયંત્રણમાં લાવવા માટે પ્રાયોગિક ધોરણે વંધ્યીકરણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. ૧૯૯૮ની સાલથી હાઈ કોર્ટના આદેશ અનુસાર બિનસરકારી સંસ્થાના સહભાગથી આ કાર્યક્રમ ચાલુ જ રાખવામાં આવ્યો છે ત્યારથી લઈને ઑગસ્ટ, ૨૦૨૫ સુધી કુલ ૪,૩૪,૫૨૯ રખડતા શ્વાનનું વંધ્યીકરણ કરવામાં આવ્યું છે. ■

## લાડકી બહેન યોજનાનું કેવાયસી કરવાને બહાને મહિલા પાસે શરીરસુખની માગણી

જળગાંવઃ સરકારી યોજનાઓનો લાભ મેળવી આપવાને બહાને મહિલાઓ સાથે છેતરપિંડી તથા વિનયભંગ કરવાની ઘટનાઓ બની રહી છે, ત્યારે જળગાંવમાં લાડકી યોજનાનું કેવાયસી અપડેટ કરવાને બહાને નરાધમે મહિલા પાસે શરીરસુખની માગણી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોકુળ ચવાણ નામનો આરોપી ફરિયાદી મહિલાના ઘરે ગયો હતો. તમારી લાડકી બહેન યોજનાનું કેવાયસી અપડેટ કરવાનું છે, એવું કહીંને તેણે મહિલાનો વિશ્વાસ સંપાદન કર્યો હતો અને દસ્તાવેજો લેવાને બહાને ચવાણે મહિલા પાસે શરીરસુખની

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**